नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

આગમ- ૪૧/૧

# પિંડનિર્યુક્તિ

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ


અનુવાદક અને સંપાદક

આગમ દિવાકર મુનિદીપરત્નસાગરજી

[ M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि ]



'આગમ ગુજરાતી અનુવાદ શ્રેણી પુષ્પ–૪૧/૧

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

# (૪૧/૧) પિંડનિર્યુક્તિ

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ

પ્રકાશન તારીખ 30/03/2020 સોમવાર તિથી– ૨૦૭૬, ચૈત્ર સુદ–૬

અનુવાદક અને સંપાદક

આગમ દિવાકર મુનિ દીપરત્નસાગરજી

[M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि]

∞∞: સંપર્ક :∞∞

જૈનમુનિ ડૉ૦ દીપરત્નસાગર [M.Com., M.Ed., Ph.D., श्रुतमहर्षि]

Email: - jainmunideepratnasagar@gmail.com Mob Mobile: - 09825967397

Web address:- (1) www.jainelibrary.org, (2) Deepratnasagar.in

–: ટાઈપ સેટિંગ :–

આસુતોષ પ્રિન્ટર્સ, 09925146223

–: પ્રિન્ટર્સ :–

નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ 09825598855

## ૪૫ આગમ વર્ગીકરણ

| ક્રમ | આગમનું નામ | સૂત્ર | ક્રમ | આગમનું નામ | સૂત્ર |
|---|---|---|---|---|---|
| ०१ | आचार | अंगसूत्र-१ | २५ | आतुरप्रत्याख्यान | पयन्नासूत्र-२ |
| ०२ | सूत्रकृत् | अंगसूत्र-२ | २६ | महाप्रत्याख्यान | पयन्नासूत्र-३ |
| ०३ | स्थान | अंगसूत्र-३ | २७ | भक्तपरिज्ञा | पयन्नासूत्र-४ |
| ०४ | समवाय | अंगसूत्र-४ | २८ | तंदुलवैचारिक | पयन्नासूत्र-५ |
| ०५ | भगवती | अंगसूत्र-५ | २९ | संस्तारक | पयन्नासूत्र-६ |
| ०६ | ज्ञाताधर्मकथा | अंगसूत्र-६ | ३०.१ | गच्छाचार | पयन्नासूत्र-७ |
| ०७ | उपासकदशा | अंगसूत्र-७ | ३०.२ | चन्द्रवेध्यक | पयन्नासूत्र-७ |
| ०८ | अंतकृत् दशा | अंगसूत्र-८ | ३१ | गणिविद्या | पयन्नासूत्र-८ |
| ०९ | अनुत्तरोपपातिकदशा | अंगसूत्र-९ | ३२ | देवेन्द्रस्तव | पयन्नासूत्र-९ |
| १० | प्रश्नव्याकरणदशा | अंगसूत्र-१० | ३३ | वीरस्तव | पयन्नासूत्र-१० |
| ११ | विपाकश्रुत | अंगसूत्र-११ | ३४ | निशीथ | छेदसूत्र-१ |
| १२ | औपपातिक | उपांगसूत्र-१ | ३५ | बृहत्कल्प | छेदसूत्र-२ |
| १३ | राजप्रश्निय | उपांगसूत्र-२ | ३६ | व्यवहार | छेदसूत्र-३ |
| १४ | जीवाजीवाभिगम | उपांगसूत्र-३ | ३७ | दशाश्रुतस्कन्ध | छेदसूत्र-४ |
| १५ | प्रज्ञापना | उपांगसूत्र-४ | ३८ | जीतकल्प | छेदसूत्र-५ |
| १६ | सूर्यप्रज्ञप्ति | उपांगसूत्र-५ | ३९ | महानिशीथ | छेदसूत्र-६ |
| १७ | चन्द्रप्रज्ञप्ति | उपांगसूत्र-६ | ४० | आवश्यक | मूलसूत्र-१ |
| १८ | जंबूद्वीपप्रज्ञप्ति | उपांगसूत्र-७ | ४१.१ | ओघनिर्युक्ति | मूलसूत्र-२ |
| १९ | निरयावलिका | उपांगसूत्र-८ | ४१.२ | पिंडनिर्युक्ति | मूलसूत्र-२ |
| २० | कल्पवतंसिका | उपांगसूत्र-९ | ४२ | दशवैकालिक | मूलसूत्र-३ |
| २१ | पुष्पिका | उपांगसूत्र-१० | ४३ | उत्तराध्ययन | मूलसूत्र-४ |
| २२ | पुष्पचूलिका | उपांगसूत्र-११ | ४४ | नन्दी | चूलिकासूत्र-१ |
| २३ | वृष्णिदशा | उपांगसूत्र-१२ | ४५ | अनुयोगद्वार | चूलिकासूत्र-२ |
| २४ | चतु:शरण | पयन्नासूत्र-१ | --- | --------------- | ----- |
| | | | | | |
| | | | | | |

# આગમસૂત્ર- ૪૧/૧ ‘પિંડનિર્યુક્તિ’

## મૂલ સૂત્ર- ૨/૧ ગુજરાતી ભાવાનુવાદ

ક્યાં શું જોશો ?


| ક્રમ | વિષય | પૃષ્ઠ | ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| ૧ | પ્રસ્તાવના-ગાથા | ૦૬ | ૬ | સંયોજના | ૪૪ |
| ૨ | પિંડ | ૦૬ | ૭ | પ્રમાણ | ૪૬ |
| ૩ | ઉદ્ગમ | ૧૨ | ૮ | અંગાર અને ધુમ્ર | ૪૭ |
| ૪ | ઉત્પાદના | ૩૨ | ૯ | કારણ | ૫૦ |
| ૫ | એષણા | ૩૭ | ૧૦ | ઉપસંહાર | ૫૧ |

## મુનિ દીપરત્નસાગરજીનું આ પૂર્વેનું સાહિત્ય-સર્જન

| આગમસાહિત્ય | | | આગમસાહિત્ય | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | સાહિત્ય નામ | બુક્સ | ક્રમ | સાહિત્ય નામ | બુક્સ |
| 1 | **मूल आगम साहित्य:-** | 147 | 5 | **आगम अनुक्रम साहित्य:-** | 09 |
| | **-1- आगमसुत्ताणि-मूलं print** | [49] | | -1- આગમ વિષયાનુક્રમ- મૂળ) | 02 |
| | **-2- आगमसुत्ताणि-मूलं Net** | [45] | | -2- **आगम विषयानुक्रम सटीकं)** | 04 |
| | **-3- आगममञ्जूषा मूल प्रत)** | [53] | | -3- **आगम सूत्र-गाथा अनुक्रम** | 03 |
| 2 | **आगम अनुवाद साहित्य:-** | 165 | 6 | **आगम अन्य साहित्य:-** | 10 |
| | **-1-** આગમસૂત્ર ગુજરાતી અનુવાદ | [47] | | -1- આગમ કથાનુયોગ | 06 |
| | -2- **आगमसूत्र हिन्दी अनुवाद** Net | [47] | | -2- **आगम संबंधी साहित्य** | 02 |
| | -3- AagamSootra English Trans。 | [11] | | **-3- ऋषिभाषित सूत्राणि** | 01 |
| | -4- આગમસૂત્ર સટીક ગુજરાતી અનુવાદ | [48] | | **-4- आगमिय सूक्तावली** | 01 |
| | **-5- आगमसूत्र हिन्दी अनुवाद print** | [12] | | **आगम साहित्य- कुल पुस्तक** | 518 |
| 3 | **आगम विवेचन साहित्य:-** | 171 | | આગમ સિવાયનું અન્ય સાહિત્ય | |
| | -1- **आगमसूत्र सटीकं** | [46] | 1 | તત્વાભ્યાસ સાહિત્ય- | 13 |
| | -2- **आगम मूलं एवं वृत्ति -1** | [51] | 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય- | 06 |
| | -3- **आगम मूलं एवं वृत्ति -2** | [09] | 3 | વ્યાકરણ સાહિત્ય- | 05 |
| | -4- **आगम चूर्णि साहित्य** | [09] | 4 | વ્યાખ્યાન સાહિત્ય- | 04 |
| | -5- **सवृत्तिक आगमसूत्राणि**-1 | [40] | 5 | જિનભક્તિ સાહિત્ય- | 09 |
| | -6- **सवृत्तिक आगमसूत्राणि**-2 | [08] | 6 | વિધિ સાહિત્ય- | 04 |
| | -7- **सचूर्णिक आगमसुत्ताणि** | [08] | 7 | આરાધના સાહિત્ય | 03 |
| 4 | **आगम कोष साहित्य:-** | 16 | 8 | પરિચય સાહિત્ય- | 04 |
| | -1- **आगम सद्दकोसो** | [04] | 9 | પૂજન સાહિત્ય- | 02 |
| | -2- **आगम कहाकोसो** | [01] | 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન | 25 |
| | -3- **आगम-सागर-कोष:** | [05] | 11 | પ્રકીર્ણ સાહિત્ય- | 05 |
| | -4- **आगमशब्दादिसंग्रह प्रा-सं-गु)** | [04] | 12 | દીપરત્નસાગરના લઘુશોધનિબંધ | 05 |
| | **-5- आगम बृहत् नाम कोष:** | [02] | | આગમ સિવાયનું સાહિત્ય કૂલ પુસ્તક | 85 |

**1-**આગમ સાહિત્ય કુલ પુસ્તક) **518**

2-આગમેતર સાહિત્ય કુલ પુસ્તક) **085**

દીપરત્નસાગરજીનું કુલ સાહિત્ય **603**

# [૪૧/૧] પિંડનિર્યુક્તિ

## મૂલસૂત્ર–૨/૧– ગુજરાતી ભાવાનુવાદ

**મૂળ-૧**

પિંડને વિશે ઉદ્‌ગમ, ઉત્પાદના, એષણા, સંયોજના, પ્રમાણ, અંગાર, ધૂમ અને કારણ એ આઠ પ્રકારે પિંડ-નિર્યુક્તિ છે.

**મૂળ-૨**

પિંડ, નિકાય, સમૂહ, સંપિંડન, પિંડના, સમવાય, સમવસરણ, નિચય, ઉપચય, ચય, યુગ્મ અને રાશિ. એ પિંડ શબ્દના પર્યાયો છે.

**મૂળ-૩**

પિંડનો નિક્ષેપ ચાર પ્રકારે અથવા છ પ્રકારે કરવાલાયક છે. એ પ્રમાણે નિક્ષેપ કરીને પછી પિંડની પ્રરૂપણા કરવા લાયક છે.

**મૂળ-૪**

જેમ કુલકમાં ચોથો ભાગ અવશ્ય સંભવે, તેમ છ ભેદે નિક્ષેપ થકી ચાર ભેદે નિક્ષેપ અવશ્ય સંભવે છે, તેથી છ ભેદે નિક્ષેપ કહું છું.

**મૂળ-૫**

નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એ છ ભેદે પિંડ છે.

**મૂળ-૬**

પિંડ એવુ નામ તે ગૌણ કે સિદ્ધાંતોક્ત કે બંને વડે કરેલું હોય કે ન હોય તેને નામ પિંડ કહે છે. હવે હું સ્થાપના પિંડને કહીશ.

**મૂળ-૭ ભાષ્ય ૧)**

ગુણ વડે બનેલ હોય તે જ ગૌણ નામ છે, એમ અર્થવિદો યથાર્થ કહે છે, તે ગૌણનામ- ક્ષપણ, જ્વલન, તપન, પ્રદીપ આદિ છે.

**મૂળ-૮ (ભાષ્ય ૨)**

બહુ દ્રવ્યોનો મેળાપ તે પિંડ. પ્રતીપક્ષે પિંડ એવું જે નામ તે સમયકૃત્ પિંડ જાણવું. જેમ પિંડ પ્રતિપાત સૂત્ર છે.

**મૂળ-૯ (ભાષ્ય ૩)**

પિંડના લાભ માટે ગૃહસ્થના ઘેર પ્રવેશેલા જે કોઈ સાધુને જે ગોળ અને ઓદનના પિંડની પ્રાપ્તિ થાય, તેને તદુભયપિંડ કહ્યો છે.

**મૂળ-૧૦ (ભાષ્ય ૪)**

અથવા ઉભયાતિરિક્ત બીજું પણ સ્વ અભિપ્રાયથી કરેલ લૌકીક નામ જેમ કે – સિંહક, દેવદત્ત આદિ.

**મૂળ-૧૧ (ભાષ્ય ૫)**

આ પિંડ કે બીજું ગૌણ કે સમયાતિરિક્ત નામ ‘અપિ’ શબ્દ વડે સૂચવેલ છે. જેમ કોઈ મનુષ્યનું ‘પિંડ’ એવું

નામ કરાય તેમ.

**મૂળ-૧૨ (ભાષ્ય-૬)**

અભિપ્રાયથી તુલ્ય તો પણ સમયપ્રસિદ્ધ નામને સામાન્ય લોક ગ્રહણ કરતો નથી. પણ લોકપ્રસિદ્ધ નામને બંને ગ્રહણ કરે છે.

**મૂળ-૧૩**

પાસા, કોડા, કાષ્ઠ, ઢીંગલી કે ચિત્રકર્મમાં સ્થાપના કરાય તે સદ્‌ભાવ કે અસદ્‌ભાવ સ્થાપના પિંડને તું જાણ.

**મૂળ-૧૪ (ભાષ્ય-૭)**

અસદ્‌ભાવમાં એકની જ જ્યારે સદ્‌ભાવમાં ત્રણ અક્ષાદિની સ્થાપના થાય છે. ચિત્રમાં અસદ્‌ભાવમાં, કાષ્ઠાદિમાં સદ્‌ભાવ સ્થાપના છે.

**મૂળ-૧૫**

દ્રવ્યપિંડ ત્રણ ભેદે – સચિત્ત, અચિત્ત, મિશ્ર. તે પ્રત્યેક નવ ભેદે છે.

**મૂળ-૧૬**

સચિત્તના નવ ભેદ ખેલ છે, તે આ પ્રમાણે– પૃથ્વી, અપ્, તેઉ, વાયુ, વનસ્પતિ, બે-ત્રણ-ચાર-પાંચ ઇન્દ્રિયો.

**મૂળ-૧૭, ૧૮**

પૃથ્વીકાયત્રણ ભેદે – સચિત્ત, મિશ્ર, અચિત્ત.

સચિત્ત પૃથ્વીકાય બે ભેદે – નિશ્ચયથી અને વ્યવહારથી.

નિશ્ચયથી સચિત્ત પૃથ્વીકાય તે ધર્માદિ પૃથ્વી અને મેરુના બહુમધ્ય ભાગે જાણવો. અચિત્ત અને મિશ્રથી વર્જિત બાકીનો બધો વ્યવહારથી સચિત્ત જાણવો.

**મૂળ-૧૯**

ક્ષીરવૃક્ષની નીચે, માર્ગમાં, ખેડવામાં, જલાર્દ્રમાં, ઇંધનમાં રહેલ પૃથ્વીકાય મિશ્ર હોય, તેમાં પણ એક-બે-ત્રણ પ્રહર સુધી અનુક્રમે બહુ, મધ્યમ કે થોડા ઇંધનમાં રહેલાને મિશ્ર જાણવો.

**મૂળ-૨૦ થી ૨૨**

શીત, ઉષ્ણ, ક્ષાર, ક્ષત્ર વડે તથા અગ્નિ, લવણ, ઉષ, આમ્લ અને સ્નેહ વડે પૃથ્વીકાય અચિત્ત થાય છે.

યોનિ રહિત થયેલા તે પૃથ્વીકાય વડે સાધુઓને આ પ્રયોજન હોય છે.

અપરાદ્ધિક અને વિષના શમન માટે બંધ-લેપ કરવામાં પૃથ્વીકાયનું ગ્રહણ, અચિત્ત લવણ, સુરભિ લવણ વડે પ્રયોજન છે. અથવા સ્થાન, બેસવું, સૂવું, ઉચ્ચારાદિનો ત્યાગ, ગુટ્ટક, ડગલક અને લેપ એ ઘણા પ્રકારનું પ્રયોજન છે.

**મૂળ-૨૩, ૨૪**

અપ્કાય ત્રણ પ્રકારે છે – સચિત્ત, મિશ્ર, અચિત્ત.

તેમાં સચિત્ત બે પ્રકારે છે. નિશ્ચયથી અને વ્યવહારથી.

ઘનોદધિ, ઘનવલય, કરા તથા સમુદ્ર અને દ્રહના મધ્ય ભાગે રહેલ અપ્કાય એ બધા નિશ્ચયથી સચિત્ત છે. કૂવા વગેરેમાં રહેલ અપ્કાય વ્યવહાર નયથી સચિત્ત છે.

**મૂળ-૨૫ થી ૨૮**

ત્રણ ઉકાળે ન ઉકળેલ ઉષ્ણ જળ, વરસાદ પડ્યો ત્યારનું જળ, ત્રણ મતને તજીને અતિ નિર્મળ થયેલ તંદુલનું જળ તે મિશ્ર કહેવાય છે. ત્રણ મતો –

૧) પાત્રની પડખે લાગેલા બિંદુઓ સૂકાઈ ગયા ન હોય,

૨) પરપોટા શાંત થયા ન હોય,

૩) બીજા આચાર્યના મતે – જ્યાં સુધી તે ચોખા રંધાઈ ગયા ન હોય ત્યાં સુધી તે મિશ્ર કહેવાય. આ ત્રણે આદેશો લૂખા અને સ્નિગ્ધ વાસણ અને પવનના સંભવ અને અસંભવાદિ વડે કરીને કાળના નિયમનો અસંભવ હોવાથી અનાદેશો જ છે. માત્ર જ્યાં સુધી ચોખાના ધોવાણનું પાણી અતિ સ્વચ્છ થયું ન હોય ત્યાં સુધી મિશ્ર જાણવું. આ આદેશ અહીં પ્રમાણરૂપ છે, પણ જે પાણી અતિ સ્વચ્છ થયું હોય તે અચિત્ત જાણવું.

મૂળ-૨૯, ૩૦

શીત, ઉષ્ણ, ક્ષાર અને ક્ષત્ર વડે તથા અગ્નિ, લવણ, ઉષ, આમ્લ અને સ્નેહ વડે કરીને અપ્કાય અચિત્ત થાય, યોનિ રહિત થયેલા આ અપ્કાય વડે સાધુને પ્રયોજન હોય છે.

આ પ્રયોજન આ છે – સિંચન કરવું, પીવું, હાથ વગેરે ધોવા, વસ્ત્ર ધોવા, આચમન કરવું. પાત્ર ધોવા ઇત્યાદિ.

મૂળ-૩૧ થી ૩૫

૩૧. શેષકાળમાં વસ્ત્ર ધોવાથી બકુશચારિત્ર થાય છે. બ્રહ્મચર્ય વિનાશ પામે છે, સાધુને અસ્થાને સ્થાપવામાં આવે છે, સંપાતિમ જીવોનો અને વાયુકાયોનો વધ થાય છે, પૃથ્વી ઉપર પાણી રેડાતા પ્રાણીનો ઉપઘાત થાય.

૩૨. અતિ ભાર, સડી જવું, પનક, શીતળ વસ્ત્ર પહેરવાથી અજીર્ણ થતા માંદગી થાય, શાસન નિંદા, અપ્કાય વધ વર્ષાઋતુ પહેલા ન ધોવામાં આ દોષો થાય.

૩૩. વર્ષાઋતુ પૂર્વે જ સર્વ ઉપધિ યતના વડે ધોવી, જો પાણી ન હોય તો જઘન્યથી પાત્રનિર્યોગ ધોવો.

૩૪. આચાર્ય અને ગ્લાન સાધુના મેલા થયેલા વસ્ત્રોને વારંવાર ધોવા, જેથી ગુરુનો લોકમાં અવર્ણવાદ ન થાય. ગ્લાનને અજીર્ણ ન થાય.

૩૫. પાત્રનો છ ભેદે પ્રત્યવતાર, બે નિષદ્યા, ત્રણ પટ્ટ(સંસ્તારક, ઉત્તરપટ્ટ, ચોલપટ્ટ), મુખવસ્ત્રિકા, રજોહરણ આટલી ઉપધિને વિશ્રાંતિ ન આપવી, યતના વડે સંક્રમણ કરીને ધોવી.

મૂળ-૩૬ થી ૩૮

પાત્રનો પ્રત્યાવતાર, પાત્રને વર્જીને પાત્રનો નિયોગ છ પ્રકારે છે, અભ્યંતર અને બાહ્ય બે નિષદ્યા, સંથારો - ઉત્તર પટ્ટો - ચોલપટ્ટો એ ત્રણ પટ્ટ જાણવા.

મુખપોત્તિકા, એક નિષદ્યાવાળુ રજોહરણ આ સર્વે હંમેશાં ઉપયોગી હોવાથી વિશ્રાંતિ આપવા લાયક નથી, તેથી યતના વડે ષટ્પાદિકાને સંક્રમાવીને વિધિપૂર્વક તેને ધોવાના છે.

મૂળ-૩૯, ૪૦

૩૯. જે ઉપધિ ધોવાનો કાળ પ્રાપ્ત થવા છતાં વિસામો અપાય છે, તે ઉપધિને સર્વજ્ઞની આજ્ઞાએ કરીને સાધુ આ પ્રમાણે વિસામો આપે.

૪૦. અભ્યંતર ઉપયોગી વસ્ત્રને ત્રણ દિવસ ધારણ કરે. ત્રણ દિવસ સુધી રાત્રે સૂતી વેળા નિકટ સ્થાપે. એક રાત્રિ માથે લટકાવીને પરીક્ષા કરે.

મૂળ-૪૧ (ભાષ્ય-૧૧) + વિવેચન

ધોવાને માટે કપડાને ત્રણ દિવસ સુધી કામળીની ઉપર ધારણ કરે, ત્રણ દિવસ સુધી સમીપે ધારે અને એક દિવસ લટકતું રાખે.

મૂળ-૪૨

પૂર્વોક્ત ત્રણ પ્રકારે એક એક રાત્રિ કપડાને ધારણ કરી, પરીક્ષા કરે, પછી શરીરે ધારણ કરે, ત્યારે 'જૂ' લાગેલી ન હોય તો કપડાં ધૂવે.

મૂળ-૪૩

કોઈ કહે છે પાત્રમાં નેવાનું પાણી ગ્રહણ કરવું, પણ તે જળ અશુચિ હોવાથી પાત્રમાં લેવાનો પ્રતિષેધ છે. ગૃહસ્થ ના પાત્રમાં વર્ષા રહ્યા પછી ગ્રહણ કરવું, વરસાદ વરસતો હોય ત્યારે તે-તે મિશ્ર કહેવાય તથા તે જળમાં ક્ષાર નાંખવો.

મૂળ-૪૪

ગુરુ, તપસ્વી, ગ્લાન, શૈક્ષાદિના વસ્ત્રો પહેલાં ધોવા. પછી પોતાના ધોવા, તેમાં યથાકૃત્ વસ્ત્ર પહેલાં ધોવા, બીજા બે અનુક્રમે ધોવા.

મૂળ-૪૫

આચ્છોટન અને પિટ્ટન વડે વસ્ત્રો ધોવા નહીં, ધોઈને સૂકવવા માટે અગ્નિનો તાપ ન આપે. પરિભોગ વસ્ત્રને છાયામાં, અપરિભોગને તડકામાં સૂકવે, તેની સામે જોયા કરે, ધોવામાં 'કલ્યાણ' પ્રાયશ્ચિત્ત આવે.

મૂળ-૪૬ થી ૪૮

૪૬. તેઉકાય ત્રણ પ્રકારે છે – સચિત્ત, મિશ્ર, અચિત્ત. સચિત્ત બે પ્રકારે – નિશ્ચયથી અને વ્યવહારથી.

૪૭. ઇંટના નિભાડાનો ઠીક મધ્યભાગ તથા વીજળી આદિ નિશ્ચયથી સચિત્ત છે, બાકીના અંગારા વગેરે વ્યવહારથી સચિત્ત છે. મુર્મુર આદિ મિશ્ર છે.

૪૮. અચિત્ત તેઉકાય-ભાત, શાક, કાંજી, ઓસામણ, ઉષ્ણજળ, રાંધેલા અડદ, ડગલક, રાખ, સોય ઇત્યાદિ. તેથી તે સાધુના ઉપયોગમાં આવે છે.

મૂળ-૪૯ થી ૫૨

૪૯. વાયુકાય ત્રણ પ્રકારે છે – સચિત્ત, મિશ્ર, અચિત્ત. સચિત્ત બે પ્રકારે છે – નિશ્ચયથી અને વ્યવહારથી.

૫૦. વલયસહિત ઘનવાત અને તનુવાત, અતિહિમ અને અતિદુર્દિન એ નિશ્ચયથી સચિત્ત છે. પૂર્વાદિ દિશાનો વાયુ વ્યવહારથી સચિત્ત છે, આક્રાંતાદિ વાયુ અચિત્ત છે.

૫૧. આક્રાંતાદિ – આક્રાંત, આધ્માત, દેહાનુગત, પીલિત, સંમૂર્ચ્છાદિને વિશે જે વાયુ હોય છે, તેને આઠ કર્મમથન કે અચિત્ત વાયુકાય કહ્યો છે.

૫૨. મશકમાં રહેલો વાયુકાય જળમાં ૧૦૦ હાથ જાય ત્યાં સુધી અચિત્ત પછી ૧૦૦ હાથ સુધી મિશ્ર, ત્રીજા ૧૦૦ હાથથી સચિત્ત હોય, બસ્તી, પોરસિમાં, દિવસમાં અચિત્તાદિ હોય છે.

મૂળ-૫૩ થી ૫૬ (ભાષ્ય-૧૨ થી ૧૫)

કાળ બે પ્રકારે – સ્નિગ્ધ અને રૂક્ષ.

સ્નિગ્ધ ત્રણ ભેદે – એકાંત સ્નિગ્ધ, મધ્યમ, જઘન્ય.

રૂક્ષ ત્રણ પ્રકારે – જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ.

એકાંત સ્નિગ્ધ કાળે બસ્તીનો વાયુ એક પોરીસી અચેતન હોય, બીજી એ મિશ્ર અને ત્રીજી એ સચેતન, મધ્યમ સ્નિગ્ધકાળે બે પોરીસી અચિત્ત, ત્રીજીએ મિશ્ર, ચોથીએ સચિત્ત થાય.

જઘન્ય સ્નિગ્ધ કાળે ત્રણ પોરસી સુધી અચિત્ત, ચોથીએ મિશ્ર, પાંચમીએ સચિત્ત થાય. એ પ્રમાણે રૂક્ષકાળમાં પણ દિવસની વૃદ્ધિ જાણવી.

મૂળ-૫૭

અચિત્તકાયનું પ્રયોજન મુનિને દતિ કે બસ્તીમાં રહેલ વાયુથી અથવા માંદગીમાં હોય છે. સચિત્ત અને મિશ્ર વાયુ પરિહરવો.

**મૂળ-૫૮ થી ૬૧**

૫૮. વનસ્પતિકાય ત્રણ પ્રકારે – સચિત્ત, અચિત્ત, મિશ્ર. સચિત્ત બે પ્રકારે – નિશ્ચયથી અને વ્યવહારથી.

૫૯. નિશ્ચયથી સર્વે પણ અનંતકાય સચિત્ત હોય છે. પ્રત્યેક વનસ્પતિકાય વ્યવહારથી સચિત્ત છે. મ્લાન થયેલ વનસ્પતિ અને લોટ - આટો વગેરે મિશ્ર હોય છે.

૬૦. પુષ્પ, પત્ર, કોમળ ફળ, હરિત એ સર્વેના ડીંટ મ્લાનિ પામ્યા પછી બધા જીવરહિત જાણવા.

૬૧. અચિત્ત વનસ્પતિકાયનું પ્રયોજન-સંથારો, પાત્ર, દંડ, બે સુતરાઉ વસ્ત્ર, પીઠ, ફલક આદિ તથા ઔષધ, ભેષજ આદિમાં છે.

**મૂળ-૬૨ થી ૬૭**

૬૨. બે-ત્રણ-ચાર-પાંચ ઈન્દ્રિયવાળા જીવો સ્વ સ્વ જાતિવાળા ત્રણ ત્રણ વગેરે સ્વ-સ્વ સ્થાનોમાં ભેળા થાય તેને પિંડ કહેવાય છે.

૬૩. અક્ષ, છીપ, શંખાદિ બેઈન્દ્રિયનો પરિભોગ છે, તેઈન્દ્રિયમાં ઉધઈ આદિનો અથવા વૈદ્ય કહે તે, માખીની વિષ્ટા કે અશ્વમક્ષિકાનો ચઉરિન્દ્રિયમાં ઉપયોગ છે.

૬૪. પંચેન્દ્રિય પિંડને વિશે બધું ઉપયોગી છે, પણ નારકીઓ અનુપયોગી છે.

૬૫. ચર્મ, અસ્થિ, દાંત, નખ, રોમ, શૃંગ, બકરી આદિનું છાણ, ગોમૂત્ર, દૂધ, દહીં વગેરે વડે પંચેન્દ્રિય તિર્યંચનો પરિભોગ છે.

૬૬. સચિત્ત મનુષ્યનું પ્રયોજન માર્ગ પૂછવામાં, ભિક્ષા દાનાર્થે છે. અચિત્ત મનુષ્યના મિશ્ર કહેવાય છે, તેને માર્ગ પૂછવો તે ઉપયોગ છે.

૬૭. દેવતાનો ઉપયોગ – ક્ષપક આદિ મુનિના મરણના કાર્ય વિશે કોઈક દેવતાને પૂછે કે માર્ગ વિશે શુભાશુભ પૂછે છે.

**મૂળ-૬૮, ૬૯**

હવે મિશ્ર પિંડ, આ નવેના દ્વિક સંયોગાદિથી આરંભીને યાવત્ છેલ્લા નવ સંયોગવાળા ભંગ સુધી જાણવો. આ મિશ્રપિંડના દૃષ્ટાંતો આ રીતે છે – કાંજી, ગોરસ, મદિરા, વેસન, ભેષજ, સ્નેહ, શાક, ફળ, માંસ, લવણ, ગોળ, ઓદનાદિ અનેક પ્રકારે સંયોગપિંડ જાણવા.

**મૂળ-૭૦ થી ૭૩**

૭૦. ત્રણ પ્રદેશ અને ત્રણ સમય એ અનુક્રમે ચોથા ક્ષેત્ર અને પાંચમાં કાળ-પિંડનું સ્વરૂપ છે.

દ્રવ્ય એટલે પુદ્‌ગલ સ્કંધને વિશે જે સ્થાન અર્થાત અવગાહ અને સ્થિતિ એટલે રહેવું. તે પણ તેના આદેશથી ચોથા અને પાંચમાં પિંડનું સ્વરૂપ છે. તથા જ્યાં અને જ્યારે તેની પ્રરૂપણા થાય.

૭૧. જો મૂર્તિમાન દ્રવ્યમાં પરસ્પર મળી જવા થકી અને સંખ્યાના બહુપણા થકી પિંડ શબ્દ યોગ્ય છે, તો અમૂર્તિમાન દ્રવ્યને વિશે પણ તે પિંડ શબ્દ જ યોગ્ય છે.

૭૨. જેમ ત્રણે પ્રદેશને અવગાહીને રહેલો જે ત્રિપ્રદેશી સ્કંધ અવિભાગે કરીને સંબંધવાળો છે, તે પ્રમાણે સ્કંધનો આધાર પણ પિંડપણે કેમ ન કહેવાય? કહેવાય.

૭૩. અથવા તો નામાદિ ચાર પિંડનો યોગ અને વિભાગ વડે અવશ્ય પિંડ કહેવો. પરંતુ ક્ષેત્ર અને કાળ એ બેને આશ્રીને જે સ્થાને કે જે કાળે પિંડ વર્ણન કરાય અથવા ઉત્પન્ન કરાય છે તે પણ પિંડ કહેવાય છે.

**મૂળ-૭૪ થી ૭૮**

પ્રશસ્ત અને અપ્રશસ્ત એ બંને પ્રકારના ભાવપિંડને હું કહીશ.

પ્રશસ્ત અને અપ્રશસ્ત ભાવપિંડ એક પ્રકારે યાવત્ દશ પ્રકારે છે. તેમાં ૧) સંયમ, ૨) જ્ઞાન ચારિત્ર, ૩) જ્ઞાન દર્શન ચારિત્ર, ૪) જ્ઞાન દર્શન તપ સંયમ, ૫) પાંચ મહાવ્રત, ૬) પાંચ વ્રત અને રાત્રિભોજન વિરમણ, ૭) સાત પિંડૈષણા, સાત પાણૈષણા, સાત અવગ્રહપ્રતિમા, ૮) આઠ પ્રવચન માતા, ૯) નવ બ્રહ્મચર્યગુપ્તિ, ૧૦) દશવિધ શ્રમણધર્મ આ પ્રશસ્ત ભાવપિંડ આઠ કર્મનું મથન કરનાર તીર્થંકર કહેલ છે.

અપ્રશસ્ત ભાવપિંડ આ પ્રમાણે – ૧) અસંયમ, ૨) અજ્ઞાન અને અવિરતિ, ૩) અજ્ઞાન, અવિરતિ, મિથ્યાત્વ, ૪) ક્રોધાદિ કષાય, ૫) આશ્રવ, ૬) છ કાય, ૭) સાત કર્મ, ૮) આઠ કર્મ, ૯) નવ બ્રહ્મચર્ય ગુપ્તિ, ૧૦) દશવિધ અધર્મ.

મૂળ-૭૯ થી ૮૧

૭૯. જે ભાવપિંડ વડે કર્મ બંધાય તે સર્વે અપ્રશસ્ત અને જેના વડે કર્મથી મૂકાય તે પ્રશસ્ત ભાવપિંડ જાણવો.

૮૦. દર્શન, જ્ઞાન, ચારિત્રના જે અને જેટલા પર્યાયો હોય છે, તે તે-તે વખતે તે-તે નામનો પર્યાયનું પ્રમાણ કરવાથી પિંડ કહેવાય.

૮૧. જીવ જે પરિણામથી આત્માને વિશે કર્મના પિંડને ચીકણા બાંધે છે, તે ભાવપિંડ કહેવાય, કેમ કે જ્ઞાના-વરણાદિ કર્મને પિંડરૂપે કરે છે.

મૂળ-૮૨

અહીં દ્રવ્યમાં અચિત્ત પિંડ અને ભાવમાં પ્રશસ્ત ભાવપિંડ વડે પ્રયોજન છે, બાકીના નામાદિ પિંડો શિષ્યની મતિના વિસ્તારાર્થે કહેલ છે.

મૂળ-૮૩

આહાર, ઉપધિ, શય્યા પ્રશસ્ત ભાવપિંડનો ઉપગ્રહ કરે છે. તેમાં આહારપિંડનો અધિકાર છે, તે આઠ સ્થાનો વડે શુદ્ધ હોય છે.

મૂળ-૮૪, ૮૫

મુમુક્ષુને નિર્વાણ જ કાર્ય છે, કારણ જ્ઞાનાદિ ત્રણ છે. તે નિર્વાણના કારણનું પણ કારણ શુદ્ધ આહાર છે. જેમ વસ્ત્રનું કારણ તંતુ છે, તંતુનું કારણ પક્ષ્મ છે, તેમ મોક્ષના કારણ જ્ઞાનાદિ ત્રિકનું કારણ આહાર છે.

મૂળ-૮૬

જેમ ન હણાયેલ અને પરિપૂર્ણ સામગ્રીવાળું કારણ અવશ્ય કાર્યને સાધે, તેમ પરિપૂર્ણ જ્ઞાનાદિ મોક્ષ સાધવામાં સમર્થ છે.

મૂળ-૮૭, ૮૮

એ રીતે સંક્ષેપથી એકઠા મળેલા અર્થવાળો પિંડ કહ્યો. હવે પછી સ્ફૂટ, વિકટ અને પ્રગટ અર્થવાળી એષણાને હું કહીશ. આ એષણાના એકાર્થિક પર્યાયો આ પ્રમાણે છે – એષણા, ગવેષણા, માર્ગણા, ઉદ્ગોપના.

મૂળ-૮૯

એષણા નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવને વિશે જાણવી. તેમાં દ્રવ્ય અને ભાવના વિષયવાળી પ્રત્યેક એષણા ત્રણ-ત્રણ પ્રકારે જાણવી.

મૂળ-૯૦, ૯૧

કોઈ પુત્રના જન્મને ઇચ્છે છે, કોઈક નાસી ગયેલ પુત્રને શોધે છે, કોઈ પગલાથી શત્રુને શોધે છે, કોઈ તે શત્રુના મૃત્યુને કહેવા ઇચ્છે છે.

એ પ્રમાણે બાકીના ચતુષ્પદ, અપદ, અચિત્ત અને મિશ્રને વિશે જે એષણા જે સ્થાને યોગ્ય હોય, ત્યાં તેને જોડવી.

મૂળ-૯૨, ૯૩

વીતરાગે ત્રણ પ્રકારે ભાવૈષણા કહી છે – ગવેષણા, ગ્રહણૈષણા અને ગ્રાષૈષણા.

ભગવાન ! આ જ અનુક્રમ કેમ કહ્યો ? ગવેષણા ન કરેલ પિંડાદિનું ગ્રહણ ન હોઈ શકે, ગ્રહણ ન કરેલાનો પરિભોગ ન હોઈ શકે, તેથી ત્રણ એષણાની આ આનુપૂર્વી જાણવી.

મૂળ-૯૪ થી ૯૯

નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવને વિશે ગવેષણા જાણવી. તેમાં દ્રવ્યને વિશે મૃગ અને હસ્તી જાણવા. ભાવમાં ઉદ્‌ગમ અને ઉત્પાદના જાણવા. દ્રવ્યમાં કુરંગ (મૃગ)નું દૃષ્ટાંત ત્રણ ગાથા વડે કહે છે, જે વૃત્તિમાં કથાનક થકી આપેલ છે અને હાથીનું દૃષ્ટાંત બીજી બે ગાથા વડે કહે છે, જે વૃત્તિથી જાણવું. .તેનો સાર એ છે કે–

જેઓ આહાર લંપટત્વથી દોષોની અવગણના કરી આધાકર્મમાં પ્રવૃત થાય છે, તેઓ દીર્ઘ સંસારને ભજનારા થાય છે અને...

જેઓ ગુરુ વચનને અંગીકાર કરી આધાકર્મના પરીભોગના પાપથી બંધાતા નથી તેઓ સંયમ પાલનના શુદ્ધ ભાવથી મુક્તિ સુખને ભજનારા થાય છે.

## *** ઉદ્ગમ દોષોનું વર્ણન

મૂળ-૧૦૦ થી ૧૦૫

૧૦૦. ઉદ્‌ગમ, ઉદ્‌ગોપના અને માર્ગણા એ એકાર્થિક શબ્દો છે. વળી તે ઉદ્‌ગમ પણ નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એમ ચાર પ્રકારે છે.

૧૦૧. નોઆગમથી ભાવોદ્‌ગમમાં - લાડુ આદિ દ્રવ્યવિષયક ઉદ્‌ગમ જાણવો. તથા ભાવમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર વિષયક ઉદ્‌ગમ જાણવો. અહીં ચારિત્ર ઉદ્‌ગમ વડે પ્રયોજન છે.

૧૦૨. જ્યોતિષ્ ઉદ્‌ગમાદિ દ્રવ્યોદ્‌ગમ – જ્યોતિષ, તૃણ, ઔષધિ, મેઘ, કર્જ ઋણ), રાજકર એ સર્વેનો ઉદ્‌ગમ દ્રવ્ય વિષયવાળો છે. તે દ્રવ્યોદ્‌ગમ જેનાથી જે કાળે, જે પ્રકારે યોગ્ય છે તે કહેવા લાયક છે.

૧૦૩ થી ૧૦૫. લડ્ડુકપ્રિય કુમારની કથા છે, જેનો સારાંશ આ પ્રમાણે– સ્થાલક નગરમાં ભાનુ રાજાને સુરૂપ નામે પુત્ર હતો, તેને લાડુ અતિ પ્રિય હોવાથી તેનું નામ લાડુપ્રિય પ્રસિદ્ધ થયું. ઓઈ વખતે ઘણા લાડુ ખાધા તેને પચ્યા નહિ. અજીર્ણ થતા તેનો અધોવાયુ અતિ અશુચિ ગંધમય નીકળ્યો. તેને વિચાર આવ્યો કે આ લાડુ શુચિ હતા પણ તે અશુચિ શરીરના યોગે અશુચિ થઇ ગયા. તેમ આ અશુચિ શરીરને પામીને જેઓ પાપકર્મને સેવે છે, તેઓ ચેતના સહીત છે તો પણ મોહમય નિદ્રા વડે તેમનું વિવેકરૂપી ચેતન હણાય છે. આવું આવું વિચારતા તેને વૈરાગ્યથી સમ્યગ્દર્શનાદિનો ઉદ્ગમ થયો. આ રીતે અહી પણ આવા શુદ્ધ એવા ચારિત્રના ઉદ્ગમ વડે પ્રયોજન છે.

મૂળ-૧૦૬

ચારિત્ર, દર્શન અને જ્ઞાનથી ઉદ્‌ભવે છે. દર્શન અને જ્ઞાનની શુદ્ધિથી ચારિત્રની શુદ્ધિ થાય છે. ચારિત્રથી કર્મની, ઉદ્‌ગમથી ચારિત્રની શુદ્ધિ થાય છે.

મૂળ-૧૦૭, ૧૦૮

આધાકર્મ, ઔદ્દેશિક, પૂતિકર્મ, મિશ્રજાત, સ્થાપના, પ્રાભૃતિકા, પ્રાદુષ્કરણ, ક્રીત, અપમિત્ય, પરિવર્તિત, અભ્યાહૃત, ઉદ્‌ભિન્ન, માલોપહૃત, આચ્છેદ્ય, અનિસૃષ્ટ, અધ્યવપૂરક. આ ૧૬-દોષો ઉદ્‌ગમના છે.

### મૂળ-૧૦૯ થી ૧૧૨

૧૦૯. આધાકર્મના એકાર્થક નામો કહેવા, પછી કોના માટે? પછી શું? પછી પરપક્ષ, પછી સ્વપક્ષ, ગ્રહણ કરવાના ચાર ભેદ, આજ્ઞાભંગાદિ કહેવા.

૧૧૦. આધાકર્મ, અધઃકર્મ, આત્મધ્ન, આત્મકર્મ, પ્રતિસેવન, પ્રતિશ્રવણ, સંવાસ અને અનુમોદના એ એકાર્થિક નામો છે.

૧૧૧. તદ્વ્યતિરિક્ત દ્રવ્ય આધા – ધનુષ્, યૂપ, કાવડ, ભારની આધા (આધાર) સ્કંધાદિક છે, કુટુંબ અને રાજ્યની ચિંતા વગેરેને આધા હૃદય છે. અંતકમાં ધનુષની આધા છે.

૧૧૨) ઔદારિક શરીરનું અપદ્રાવણ અને ત્રિપાતન જેને માટે મનની પ્રવૃત્તિપૂર્વક કરાય છે, તે આધાકર્મ કહેવાય છે.

### મૂળ-૧૧૩ થી ૧૧૫ (ભાષ્ય-૨૫ થી ૨૭)

ઔદારિક શરીરના ગ્રહણ વડે બધાં તિર્યંચ અને મનુષ્ય જાણવા. અથવા સૂક્ષ્મને વર્જીને જાણવા.

અતિપાતને વર્જીને જે પીડા તે અપદ્રાવણ જાણવું.

કાય, વચન, મન એ ત્રણ અથવા દેહ, આયુ, ઈન્દ્રિય એ ત્રણ પ્રાણ જાણવા.

સ્વામીત્વ, અપાદાન અને કરણમાં અતિપાત હોય છે.

જે ગૃહસ્થદાતા એક કે અનેક સાધુને હૃદયમાં સ્થાપી કાયા વડે પ્રાણીવધ કરે તે આધાકર્મ છે.

### મૂળ-૧૧૬, ૧૧૭

જળ આદિમાં નાંખેલ દ્રવ્ય ભાર વડે નીચે જાય તે કે નીસરણી આદિથી નીચે ઊતરવું તે દ્રવ્ય અધઃકર્મ છે. ભાવ અધાકર્મ તે - સંયમ સ્થાનો, કંડકો, લેશ્યા અને શુભકર્મની સ્થિતિ વિશેષના ભાવને નીચે કરે છે.

### મૂળ-૧૧૮ થી ૧૨૦ (ભાષ્ય-૨૮ થી ૩૦)

તેમાં ચારિત્રના જે અનંત પર્યાયો છે તે સંયમસ્થાન હોય છે અને તે અસંખ્યાત સ્થાનોનો એક કંડક થાય છે. વળી અસંખ્યાતા જે કંડકો તે ષટ્સ્થાનક કહેલ છે, આવા અસંખ્યાતા જે ષટ્સ્થાનકો તે સંયમશ્રેણી જાણવી.

તથા જે કૃષ્ણાદિ લેશ્યાઓ અને સર્વોત્કૃષ્ટ વિશુદ્ધ પ્રકૃતિના વિશુદ્ધ સ્થિતિ વિશેષો એ સર્વેને સાધુ આધાકર્મ-ગ્રહણથી પોતાના આત્માને આ વિશુદ્ધ સંયમ સ્થાનાદિકથી નીચે-નીચે કરે છે.

### મૂળ-૧૨૧ થી ૧૨૩

૧૨૧. કંઈક ન્યૂન એવા ચારિત્ર વડે શ્રેષ્ઠ એવો સાધુ પોતાના ભાવના ઉતારવાથી આધાકર્મને ગ્રહણ કરતો પોતાના આત્માને નીચે-નીચે લઈ જાય છે.

૧૨૨. આધાકર્મગ્રાહી સાધુ નીચા ભવનું આયુ બાંધે, શેષ કર્મોને અધોગતિ સન્મુખ કરે, તથા તીવ્ર ભાવ વડે કર્મને ગાઢ કરે અને ચય તથા ઉપચય કરે છે.

૧૨૩. તે ગુરુકર્મના ઉદયથી દુર્ગતિમાં પડતા આત્માને રોકવા તેવો સાધુ સમર્થ થતો નથી, તેથી કર્મો તેને અધોગતિમાં લઈ જાય છે.

### મૂળ-૧૨૪ થી ૧૨૭

૧૨૪. જે ગૃહસ્થ પ્રયોજન સહિત કે રહિત તથા અનિદાથી કે નિદાથી છ કાયની હિંસા કરે તે આત્મધ્ન છે.

૧૨૫. જાણતા કે અજાણતા તથા ઉદ્દેશીને કે ઓઘથી અથવા વધ કરવા તૈયાર કરેલા જાણક કે અજાણકને જે મારવા તે આ અનિદા અને નિદા કહેવાય.

૧૨૬. કાયા નિશ્ચયે દ્રવ્યાત્મા છે, જ્ઞાનાદિ ત્રણ તે ભાવાત્મા છે, તેથી બીજાના પ્રાણનો નાશ કરવામાં રક્ત

સાધુ પોતાના ચારિત્રરૂપી આત્માને હણે છે.

૧૨૭. નિશ્ચયનયથી ચારિત્રરૂપી આત્માનો નાશ થતા જ્ઞાન અને દર્શનનો પણ નાશ થયો જાણવો. પણ વ્યવહારથી તો ચારિત્ર હણાયા છતાં પૂર્વના બેની ભજના જાણવી.

મૂળ-૧૨૮ થી ૧૩૩

૧૨૮. જે પુરુષ જે ધનને પોતાનું માને છે, તેને તે ધન દ્રવ્યાત્મકર્મ કહેવાય છે. નો-આગમથી ભાવઆત્મકર્મ- અશુભ પરિણામવાળો બીજાના કર્મને પોતાનું કરે તે ભાવ આત્મકર્મ કહેવાય.

૧૨૯. આધાકર્મ અને સંક્લિષ્ટ પરિણામવાળો સાધુ પ્રાસુકને પણ ગ્રહણ કરવા છતાં કર્મ વડે બંધાય છે તેથી તેને તું (ભાવ) આત્મકર્મ જાણ. એટલે તેને ગ્રહણ કરી જે સાધુ ભોજન કરે છે તે પરકર્મને આત્મકર્મ કરે છે.

૧૩૦. (શંકા) પરક્રિયા અન્યને વિશે કેમ પ્રાપ્ત થાય ?

૧૩૧. કેટલાક કૂટપાથના દૃષ્ટાંત વડે પરપ્રયોગમાં પણ બંધ કહે છે, પ્રમાદી અને અચતુર એવો મૃગ કૂટમાં બંધાય છે.

૧૩૨. એ પ્રમાણે અશુભ ભાવનાવાળો સાધુ ભાવકૂટમાં બંધાય છે. તેથી પ્રયત્નપૂર્વક અશુભ ભાવ વર્જવો.

૧૩૩. આધાકર્મ ભલે પોતે ન કરતો હોય તો પણ જાણવા છતાં તેને ગ્રહણ કરનાર તેના પ્રસંગને વધારે છે અને ગ્રહણ ન કરનાર તેના પ્રસંગને નિવારે છે.

મૂળ-૧૩૪ થી ૧૩૭

૧૩૪. વળી તે કર્મને પ્રતિસેવનાદિ વડે આત્માને આધીન કરે છે. તેમાં પહેલું પદ ગુરુ છે, બીજા ત્રણ પદો અનુક્રમે લઘુ, લઘુ, લઘુ છે.

૧૩૫. પ્રતિસેવનાદિના સ્વરૂપના સ્વરૂપને પ્રતિપાદન કરવાની પ્રતિજ્ઞાથી કહે છે – હું પ્રતિસેવનાથી અનુમોદના પર્યન્તના દ્વારોના યથાસંભવ સ્વરૂપને દૃષ્ટાંત સહિત કહીશ.

૧૩૬. બીજા દ્વારા આણેલા આધાકર્મ વાપરવામાં પ્રતિસેવના દોષ - તેવું કોઈ વાપરે, તેને કોઈ પ્રેરણા કરે ત્યારે કહે કે – "બીજાને હાથે અંગારા કઢાવતા પોતે બળતો નથી." હું શુદ્ધ જ છું, દોષ દેનારાને લાગે છે. આવી ખોટી ઉપમા વડે સિદ્ધાંતના અર્થનો અજાણ મૂઢ પ્રતિસેવના કરે છે.

મૂળ-૧૩૮

જે ગુરુ ઉપયોગકાળે આધાકર્મગ્રાહીના ચિત્તની રક્ષાર્થે 'લાભ' શબ્દ કહે, આલોચના કાળે 'સુલબ્ધ' કહે, તો તે ગુરુને પ્રતિશ્રવણા દોષ લાગે.

મૂળ-૧૩૯

સંવાસનો અર્થ પ્રસિદ્ધ છે. અનુમોદન એટલે આધાકર્મ વાપરનારને પ્રશંસવા તે. તેમના ઉદાહરણો અનુક્રમે આ પ્રમાણે જાણવા.

મૂળ-૧૪૦ થી ૧૪૨

૧૪૦. પ્રતિસેવનમાં ચોરનું દૃષ્ટાંત છે, પ્રતિશ્રવણમાં રાજપુત્રનું છે, સંવાસમાં પલ્લીનું અને અનુમોદનામાં રાજદુષ્ટનું ઉદાહરણ છે.

૧૪૧. પ્રતિસેવના સંબંધે ચોરનું દૃષ્ટાંત છે. કોઈ ગામમાં ઘણા ચોરો રહેતા હતા.કોઈ દિવસે ગાયોનું હરણ કરી પોતાના ગામ પ્રતિ ચાલ્યા.માર્ગમાં વટેમાર્ગુ ચોર મળ્યા, તેમની સાથે તેઓ ચાલ્યા. કેટલાક પથિકો ત્યાં આવ્યા તેમને પણ નિમંત્રણ આપ્યું, માંસ પક્વ થતા બધા ભોજન કરવા બેઠા. કેટલાક ગોમાંસને પાપ સમજી પીરસવા રહ્યા પણ જમવા ન બેઠા. એટલામાં ખડ્ગધારી કોતવાલો આવ્યા.બધાને પકડ્યા, પથીકોને પણ તેમની જોડે મારી

નાંખ્યા. તેનો સાર એ છે કે–

૧૪૨. જે સાધુ આધાકર્મને પીરસે કે પાત્રમાં ધારણ કરે તેઓ પણ તીવ્ર કર્મ વડે બંધાય છે, તો ખાનારા બંધાય તેમાં શી નવાઈ ?

મૂળ-૧૪૩ થી ૧૪૬

૧૪૩. પ્રતિશ્રવણા સંબંધે રાજપુત્રનું દૃષ્ટાંત છે, તેનો સાર– મહાબલ રાજા હતો, તેને વિજિતસમર નામે પુત્ર હતો. રાજ્ય ગ્રહણ કરવા પોતાના પિતા રાજાને મારી નાખવા તૈયાર થયો. ત્યારે કેટલાક સુભટ તેને સહાય કરવા તૈયાર થયા, કેટલાકે વચનથી અનુમોદન આપ્યું, કેટલાક મૌન રહ્યા અને કેટલાકે તે વાત ન સ્વીકારી અને રાજાને સમગ્ર વૃતાંત કહી દીધો. રાજાએ પહેલા ત્રણે પક્ષકારને મારી નાખ્યા અને ચોથા પક્ષકારનું બહુમાન કર્યું

૧૪૪. રાજપુત્રના દૃષ્ટાંતથી સાધુને પ્રતિશ્રવણા દોષ કેમ લાગે તેનો નિષ્કર્ષ છે– પહેલા ત્રણે પક્ષો પ્રતિશ્રવણાના દોષી છે, ચોથો પક્ષકાર એટલે જેઓ આધાકર્મી ન કલ્પે એમ સ્વીકારીને ન વાપરે તે નિર્દોષ છે.

૧૪૫. લાવનાર અને વાપરનારને કાયિક દોષ લાગે, બીજાને વાચિક દોષ લાગે, ત્રીજાને માનસિક લાગે, ચોથાને કોઈ દોષ ન લાગે.

૧૪૬. રાજપુત્રને જેમ ચારે દોષો લાગ્યા, તેમ સાધુને પણ ચારે દોષો કહેવા.

મૂળ-૧૪૭, ૧૪૮

સંવાસમાં પલ્લીનું દૃષ્ટાંત છે, જે આ રીતે– વસંતપુર નગર હતું ત્યાં અરિમર્દન રાજા હતો. ત્યાં નજીકમાં ભીમા નામે પલ્લી હતી. ત્યાં ઘણા ભીલ્લ, ચોર અને વણિકો રહેતા હતા. રાજાએ તેના પર ચડાઈ કરી તે બધાને પકડી લીધા. અહી વણિકો ચોર ન હોવા છતાં ચોર સાથે રહેતા હોવાથી તેના દોષ માટે થયું.એ પ્રમાણે–

આધાકર્મભોજી સાથે વસવું તે દોષને માટે છે કેમ કે તે આધાકર્મત્યાગીને અને અતિ લુખ્ખી વૃત્તિવાળાને પણ દર્શન, ગંધ, પરિકથાથી વાસિત કરે છે.

મૂળ-૧૪૯, ૧૫૦

અનુમોદનાના વિષયમાં રાજદુષ્ટનું દૃષ્ટાંત છે, તે આ પ્રમાણે–શ્રીનીલય નગરે ગુણચંદ્ર રાજા હતા, ગુણવતી આદિ રાણીઓ હતી. તે નગરમાં સુરૂપ નામે વણિક હતો. અત્યંત સુંદર, કામદેવ જેવો અને પરસ્ત્રી રાગી હતો.તે રાજાના અંતઃપુરની રાણીઓને ભોગવવા લાગ્યો. રાજને જાન થતા તેને મારી નાખ્યો. જેઓ સુરુપના ભોગની પ્રશંસા કરતા હતા તે બધાને પણ મારી નાખ્યા. એ પ્રમાણે આધાકર્મભોજી અને તેની પ્રશંસા કરનાર બંને કર્મો બાંધે છે.

અનુમોદનાના પ્રકારો કહે છે – સ્વાદિષ્ટ, પરિપૂર્ણ, આદરપૂર્વક, યોગ્યકાળે, ઋતુને લાયક, સ્નિગ્ધ એવા આહારને આ સાધુ પામે છે, એવી પ્રશંસાથી આહાર ન વાપરવા છતાં અનુમતિ દોષ લાગે છે.

મૂળ-૧૫૧ થી ૧૫૮

૧૫૧. આધાકર્મ, અધઃકર્મ, આત્મઘ્ન, આત્મકર્મ આ નામોમાં વ્યંજનના વૈવિધ્ય માફક અર્થનું પણ વૈવિધ્ય છે કે નહીં ?

૧૫૨. આ પ્રશ્ન સંદર્ભે ચતુર્ભંગી કહે છે –

૧. એક અર્થવાળા - એક વ્યંજનવાળા,

૨. એક અર્થવાળા - વિવિધ વ્યંજનવાળા,

૩. વિવિધ અર્થ - એક વ્યંજનવાળા,

૪. વિવિધ અર્થ - વિવિધ વ્યંજનવાળા.

આ જ ચતુર્ભંગીના અનુક્રમે લૌકિક દૃષ્ટાંતો – (ગાથા–૧૫૩, ૧૫૪) લોકમાં ૧. ક્ષીર અને ક્ષીર (દૂધ), ૨.

દૂધ-પયસ્, પીલુ-ક્ષીર, ૩. ગોક્ષીર-મહીષક્ષીર-અજાક્ષીર, ૪. ઘટ-પટ-કટ-શકટ-રથ એ ચાર દૃષ્ટાંત અનુક્રમે જાણવા.

આ જ ચતુર્ભંગીને આધાકર્મને વિશે જેમ સંભવે તેમ બે ગાથા વડે યોજે છે –

૧૫૫, ૧૫૬. આધાકર્માદિનું જે દ્વિરુક્તાદિ કરવું તે પહેલો ભંગ,

શક્ર અને ઇન્દ્રની જેમ આધાકર્મ-અધઃકર્મ જે બોલવું તે બીજો ભંગ,

અશનાદિ ચાર નામો આધાકર્મ સહિત બોલવામાં આવે તે ત્રીજો ભંગ,

આધાકર્મને આશ્રીને છેલ્લો ભંગ નિશ્ચે શૂન્ય જ છે.

૧૫૭. જેમ પુરંદરાદિ શબ્દો ઇન્દ્રના અર્થનું ઉલ્લંઘન કરતા નથી તેમ અધઃકર્માદિ શબ્દો આધા કર્મના અર્થનું ઉલ્લંઘન કરતા નથી.

૧૫૮. આધાકર્મ વડે આત્માને નીચે કરે છે કેમ કે તે પ્રાણ અને ભૂતોને હણે છે. જેથી આધાકર્મગ્રાહી પરકર્મને આત્મકર્મ કરે છે.

### મૂળ-૧૫૯

કોને માટે કરેલું આધાકર્મ કહેવાય ?

નિયમા સાધર્મિકને માટે કર્યું હોય તે આધાકર્મ કહેવાય. તેથી સાધર્મિકની પ્રરૂપણા કરવી જોઈએ.

### મૂળ-૧૬૦ થી ૧૬૩

૧૬૦. નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, પ્રવચન, લિંગ, દર્શન, જ્ઞાન, ચારિત્ર, અભિગ્રહ અને ભાવ એ બાર પ્રકારે સાધર્મિક હોય છે.

૧૬૧ થી ૧૬૩. બારે શબ્દોની વ્યાખ્યા છે, જે વૃત્તિમાં જોવી.

### મૂળ-૧૬૪ થી ૧૮૧

૧૬૪. ગૃહી કે અગૃહસ્થ જેટલા દેવદત્ત હોય તેમને હું દાન આપું, એમ કોઈ સંકલ્પ કરે તો દેવદત્ત સાધુને ન કલ્પે. ગૃહી દેવદત્તનો સંકલ્પ હોય તો દેવદત્ત સાધુને કલ્પે.

૧૬૫. એ જ પ્રમાણે મિશ્ર અને અમિશ્ર એવા પાખંડીમાં વિકલ્પ જાણવો.

તે જ પ્રમાણે શ્રમણોને વિશે વિકલ્પ કરવો પરંતુ અસદૃશ નામવાળા પણ સંયતોને તો ન જ કલ્પે.

૧૬૬. નિશ્રા કે અનિશ્રા વડે જે કર્યું તે સ્થાપના સાધર્મિકના વિષયમાં વિભાષા.

દ્રવ્ય સાધર્મિકમાં મૃત શરીરને માટે કરેલ ભોજન જો નિશ્રા વડે કર્યું હોય તો ન કલ્પે, અનિશ્રામાં પણ લોકનિંદાથી વર્જવું.

૧૬૭. જેમ નામ સાધર્મિકમાં પાખંડી, શ્રમણ, ગૃહી, અગૃહી, નિર્ગ્રન્થની વિભાષા કહી, તેમ જ ક્ષેત્ર અને કાળમાં જાણવું.

પ્રવચન આદિ બાકીના સાત પદોમાં ચતુર્ભંગી કહી છે, તે આ પ્રમાણે–)

૧૬૮. દશમી પ્રતિમાધારી શિખાવાળા શ્રાવકો પ્રવચનથી સાધર્મિક પણ લિંગ વડે નહીં. સર્વે નિહ્નવો લિંગ વડે સાધર્મિક પણ પ્રવચનથી નહીં.

૧૬૯. વિસદૃશ સમકિતયુક્ત પ્રવચનથી સાધર્મિક પણ દર્શથી નહીં. તીર્થંકર, પ્રત્યેકબુદ્ધ દર્શન સાધર્મિક, પ્રવચનથી નહીં.

૧૭૦. એ જ પ્રમાણે પ્રવચનની સાથે જ્ઞાન અને ચારિત્ર પણ જાણવા. પ્રવચનથી સાધર્મિક હોય, અભિગ્રહથી ન હોય તે શ્રાવક અને સાધુ છે.

૧૭૧. અભિગ્રહથી સાધર્મિક પણ પ્રવચનથી નહીં તે નિહ્નવ, તીર્થંકર, પ્રત્યેકબુદ્ધ. એમ જ પ્રવચન અને

ભાવનાની ચૌભંગી જાણવી. હવે બાકીની કહું છું.

૧૭૨. એમ જ લિંગ આદિ પદને વિશે પણ એક એક પદ વડે કરીને પછીના પદો લઈ જવા. સદશ ભંગો છોડીને બાકીના ભંગો આ પ્રમાણે જાણવા.

૧૭૩. લિંગથી સાધર્મિક, દર્શનથી નહીં. તે જુદા જુદા દર્શનવાળા સાધુ અને નિહ્નવ જાણવા. બીજા ભંગમાં પ્રત્યેકબુદ્ધો અને તીર્થંકરો જાણવા.

૧૭૪. લિંગ વડે સાધર્મિક, અભિગ્રહ વડે નહીં, તે અભિગ્રહ રહિત કે સહિત સાધુ, શ્રાવક જાણવા. બીજા ભંગમાં પ્રત્યેકબુદ્ધ અને તીર્થંકરો જાણવા.

૧૭૫. એ પ્રમાણે લિંગની સાથે ભાવના કહેવા.

દર્શન અને જ્ઞાનમાં પહેલા ભંગમાં ભિન્ન જ્ઞાનવાળા સાધુ અને શ્રાવક જાણવા, એ જ પ્રમાણે બીજો ભંગ જાણવો.

૧૭૬. દર્શન અને ચારિત્રમાં પહેલો ભંગ-શ્રાવક અને સાધુ, બીજો ભંગ અસમાન દર્શનવાળા યતિઓ. હવે દર્શન અને અભિગ્રહ વિશે ઉદાહરણને હું કહીશ.

૧૭૭. વિવિધ અભિગ્રહવાળા શ્રાવક અને યતિ એ પહેલો ભંગ, બીજો પણ તે જ છે. એ જ પ્રમાણે ભાવના ભાવવી. એ જ પ્રમાણે જ્ઞાનની સાથે પણ ચૌભંગી જાણવી.

હવે હું ચારિત્રને કહીશ.

૧૭૮. વિભિન્ન અભિગ્રહવાળા યતિઓ તે પહેલો ભંગ, નિહ્નવ

શ્રાવક તથા યતિ એ બીજો ભંગ.

એ જ રીતે ભાવના વિશે પણ જાણવુ. હવે છેલ્લા બે ભંગની ચૌભંગી કહીશ.

૧૭૯. પહેલાં અને બીજા ભંગને વિશે યતિ, શ્રાવક અને નિહ્નવ હોય. સામાન્ય કેવલી માટે અને તીર્થંકરને માટે કરેલું અનુક્રમે ન કલ્પે અને કલ્પે.

૧૮૦. પ્રત્યેકબુદ્ધ, નિહ્નવ, શ્રાવક, કેવલી, સામાન્ય સાધુને આશ્રીને અને ક્ષાયિક ભાવને આશ્રીને ભંગોને જોડવા

૧૮૧. પ્રવચન અને લિંગના વિષયમાં જેને વિશે ત્રીજો ભંગ છે, તેને ન કલ્પે. બાકીના ત્રણ ભંગોમાં ભજના જાણવી. તીર્થંકર કેવલીને માટે કરેલ કલ્પે, શેષ સાધુ માટે ન કલ્પે.

મૂળ-૧૮૨

તે આધાકર્મ શું છે ? એમ પૂછતા ગુરુ મહારાજ તેનું સ્વરૂપ કહેવા માટે તથા તેનો સંભવ દેખાડવાને અશનાદિકને કહે છે.

મૂળ-૧૮૩/૧

ચોખા વગેરે તે અશન, જળ વગેરે તે પાન, ફળ–નાળીયેર, પુષ્પ આદિ તે ખાદિમ અને સુંઠ વગેરે તે સ્વાદિમ

મૂળ-૧૮૩/૨

સાધુને માટે કરવાનો પ્રારંભ કર્યો અને નિષ્ઠિત કર્યુ આદિ ચાર ભંગો થવા. તેમાં બે શુદ્ધ છે અને બે અશુદ્ધ છે.

મૂળ-૧૮૪ થી ૧૮૯

સંકુલ નામે ગામ, જિનદત્ત શ્રાવક, જિનમતિ પત્ની. તે ગામમાં કોદરા અને રાલક ઘણા ઉત્પન્ન થાય.

સાધુને તેની પ્રાપ્તિ સુલભ હતી. વસતિ કલ્પ્ય હતી. સ્વાધ્યાય આદિ વિઘ્નરહિત થતા. માત્ર ત્યાં શાલી–ઓદન ન મળે.

ભદ્રીલ નામે આચાર્ય ત્યાં પધાર્યા. તે ગામમાં શાલિ-ઓદન મળતા ન હોવાથી સાધુ ત્યાં વધુ રોકાતા ન હતા, તેમ જણાતા તે જિનદત્તે ત્યાં શાલી-ઓદન વવરાવ્યા. સાધુઓ પધાર્યા ત્યારે ઘણાને ઘેર ઓદન મોકલાવ્યા, જેથી સાધુને આધાકર્મીની શંકા ન જાય.

ભિક્ષાટન કરતા સાધુઓએ બાળકોને મુખેથી સાંભળ્યું કે આ સાધુઓને કારણે આપને ન ઓદન ખાવા મળ્યા. આવી વાત દરિદ્ર પાસેથી પણ સાંભળી ત્યારે આ ઓદન આધાકર્મી છે, તેમ જાણીને તે ઘરોનો ત્યાગ કર્યો.

આ રીતે નિશ્ચે આધાકર્મનો ત્યાગ કરવો.

મૂળ-૧૯૦

એ પ્રમાણે જ ખારા પાણીને વિશે જાણવું. તેમાં ભૂમિ ખોદી મીઠું પાણી કાઢી તે કૂવાને ત્યાં સુધી ઢાંકી રાખે, જ્યાં સુધી સાધુ આવે.

મૂળ-૧૯૧

કાકડી, કેરી, દાડમ, દ્રાક્ષ, બીજોરુ આદિ ખાદિમને વિશે તથા ત્રિકટુ આદિ સ્વાદિમને વિશે અધિકરણ-પાપનું કરવું થાય છે.

મૂળ-૧૯૨

અશનાદિ ચારેમાં જે આમ-(કાચું) હોય તેને સાધુને ગ્રહણ કરવાલાયક કરવું તે નિષ્ઠિત જાણવું. જે પકાવવા આરંભેલ હોય તે કૃત જાણવું.

મૂળ-૧૯૩

ત્રણ વખત અત્યંત ખાંડવું જેનું થાય તે કંડિત ચોખા નિષ્ઠિત કહેવાય.

એક-બે વાર ખાંડ્યા હોય તે કૃત કહેવાય.

નિષ્ઠિત અને કૃત એવો જે ક્રૂર તે બમણું આધાકર્મ કહેવાય છે.

મૂળ-૧૯૪ થી ૧૯૮

૧૯૪. ફલાદિને માટે વાવેલા વૃક્ષની છાયાને પણ કેટલાંક વર્જે છે, તે યોગ્ય નથી, કેમ કે બીજા ભંગમાં તેનું ફળ કલ્પે છે.

૧૯૫. બીજાના હેતુવાળી છાયા છે, તે છાયા વૃક્ષની જેમ કર્તાએ વૃદ્ધિ પમાડી નથી. છતાં આમ કહેનારને જ્યારે વૃક્ષની છાયા નષ્ટ થશે ત્યારે કલ્પશે.

૧૯૬. છાયા વૃદ્ધિ અને હાનિ પામે છે, તેથી તેના વડે સ્પર્શાયેલ એક પણ ગામની વસતિ પૂતિકની જેમ નહીં કલ્પે, તથા સૂર્ય કંઈ સાધુને આશ્રીને છાયા બનાવતો નથી.

૧૯૭. વિરલ વાદળા ચાલતા હોય એવું આકાશ થતા છાયા નાશ પામી હોય તો પણ ફરી થાય છે. તેથી તડકો હોય ત્યારે છાયા કલ્પે, તડકો હોય તો તેનો ત્યાગ કરવો - તેમ ન થાય.

૧૯૮. આધાકર્મના લક્ષણ રહિત હોવાથી આ દોષ સંભવતો જ નથી. તો પણ સાધુઓ તે છાયાને વર્જે તો પણ તેઓ દોષરહિત જ છે.

મૂળ-૧૯૯, ૨૦૦

પરપક્ષ ગૃહસ્થ છે, સ્વપક્ષ સાધુ-સાધ્વી છે.

પ્રાસુક કર્યું કે રાંધ્યુ તે નિષ્ઠિત કહેવાય છે, બાકીનું સર્વ કૃત કહેવાય.

૧. તે સાધુને કૃત અને નિષ્ઠિત. ૨. ગૃહસ્થને કૃત અને સાધુને નિષ્ઠિત તે ન કલ્પે. અહીં ચાર ભંગ થાય છે તેમાં આ કહેલા ૧ અને ૩ ન કલ્પે.

### મૂળ-૨૦૧ થી ૨૦૪

૨૦૧. આધાકર્મને માટે નિમંત્રણથી અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર અને અનાચાર એ ચાર દોષ લાગે છે. તે ચારેનું દૃષ્ટાંત કહીશું.

૨૦૨. દાનાર્થે કોઈ નવો શ્રાવક સાધુને મનમાં ધારીને અચિત્ત બનાવેલા શાલી, ઘી, ગોળ, દહીં, નવા વલ્લી ફળો માટે સાધુને નિમંત્રે.

૨૦૩. આધાકર્મ ગ્રહણ કરી તે સાધુ અતિક્રમાદિ ચારે દોષમાં વર્તે છે. નૂપૂર-પંડિતાના હાથીના દૃષ્ટાંતે પાછો માંડ ફર્યો, તેમ અહીં જાણવું.

૨૦૪. અહીં નિમંત્રણ સ્વીકારતા અતિક્રમ દોષ, ચાલવા માંડતા વ્યતિક્રમ, ગ્રહણ કરતા અતિચાર અને વાપરતા ચોથો અનાચાર દોષ લાગે.

### મૂળ-૨૦૫ થી ૨૧૦

૨૦૫. આધાકર્મના ગ્રહણમાં જે આજ્ઞાભંગાદિ દોષો કહ્યા છે, તે આ છે – આજ્ઞાભંગ, અનવસ્થા, મિથ્યાત્વ, વિરાધના.

૨૦૬. આધાકર્મને ગ્રહણ કરતો લુબ્ધ સાધુ સર્વે જિનોની આજ્ઞા ઉલ્લંઘે છે. આજ્ઞા ઉલ્લંઘતો તે શેષ ક્રિયા કોના આદેશથી કરે ?

૨૦૭. એક સાધુએ અકાર્ય કર્યું. તેને જોવાથી બીજો પણ કરે, એ પ્રમાણે સુખેચ્છુ પ્રાણીઓની પરંપરાથી સંયમ અને તપનો વિચ્છેદ થાય છે.

૨૦૮. જે આગમમાં કહ્યા મુજબ કરતો ન હોય તેનાથી બીજો મિથ્યાદૃષ્ટિ કયો હોય ? કેમ કે - બીજાને શંકિત કરતો તે મિથ્યાત્વ વધારે છે.

૨૦૯. તે સાધુ બીજાને અને પોતાના તે પ્રસંગને વધારે છે, તેથી ગૃદ્ધિ ઉત્પન્ન થાય, પછી ભિન્ન દાઢાવાળો તે દયારહિત થઈને સચેતનને પગ મૂકતો નથી.

૨૧૦. આધાકર્મ ઘણુ અને સ્નિગ્ધ ખાવાથી રોગ થાય, સૂત્રાર્થમાં હાનિ થાય, ચિકિત્સાથી કાયાવધ થાય. પ્રતિચારકને પણ હાનિ થાય. કલેશ પામતો તે બીજાને પણ કલેશ પમાડે છે.

### મૂળ-૨૧૧, ૨૧૨

૧) જે પ્રકારે આધાકર્મ અકલ્પ્ય છે, ૨) અથવા તેનાથી સ્પર્શિત, ૩) અથવા તેવા પાત્રમાં રહેલ, ૪) તેનો ત્યાગ,

૫) જે પ્રકારે ગ્રહણ કરેલું દોષરહિત થાય તે કહે છે. તેમાં અભોજ્ય, ગમનાદિ દોષ, દ્રવ્ય-કુળ-દેશ-ભાવને વિશે પ્રશ્ન કરવો એમ યતના કરતા પણ છલના થાય તો આ બે દૃષ્ટાંત કહે છે –

### મૂળ-૨૧૩ થી ૨૧૬

૨૧૩. જો કે અશન સુસંસ્કારિત હતું તો પણ વમન કરેલું જેમ અભોજ્ય છે, તેમ અસંયમનું વમન કર્યા છતાં અનેષણીય ભોજન અભોજ્ય છે.

આધાકર્મના અભોજ્યપણાને બીજા બે દૃષ્ટાંતથી દૃઢ કરતા (૨૧૪, ૨૧૫) બે ગાથા કહી છે જે આ પ્રમાણે– વાક્રપુર નગરે ઉગ્રતેજા નામે સિપાઈ હતો. રુક્મિણી તેની પત્ની હતી. સોદાસ નામે તેનો મોટોભાઈ આવ્યો. ઉગ્રતેજાએ ભોજનમાં માંસ ખરીદીને રુક્મીણીને આપ્યું. તે માંસ બિલાડો ખાઈ ગયો. રુક્મિણી એ કુતરા દ્વારા વમન કરાયેલ માંસ રાંધીને આપી દીધું. ઉગ્રતેજાએ ગંધ પરથી કહી દીધું કે આ વમન કરાયેલ માંસ છે. રુક્મિણીને ધમકાવીને કહ્યું કે વમન કરાયેલ માંસ ખવાય ખરું ? એ પ્રમાણે સાધુને આધાકર્મ પણ અભોજ્ય છે.

૨૧૬. વળી ઘેટી અને ઉંટડીનું દૂધ, લષણ, પલાંડું, મદિરા, ગોમાંસને વેદ તથા બીજા શાસ્ત્રોમાં અભોજ્ય

અને અપેય કહ્યા છે, તેમ અહીં પણ તે પ્રમાણે માનેલા છે.

મૂળ-૨૧૭, ૨૧૮

તલ અને શ્રીફળ સહિત ઉત્તમ વર્ણાદિકથી યુક્ત બલિ પણ જો અશુચિ સ્થાને સ્થાપન કરેલને અશુચિનું એક બિંદુ પણ સ્પર્શે તો તે અભોજ્ય થાય.

એ જ પ્રમાણે આધાકર્મનો ત્યાગ કર્યો હોય તો પણ જ્યાં સુધી કલ્પ ન કર્યો હોય ત્યાં સુધી તે અભોજ્ય હોય છે. અથવા પાત્રના શુદ્ધ આહારમાં જરા પણ આધાકર્મ પડે તો તે અભોજ્ય થાય.

મૂળ-૨૧૯ થી ૨૨૨

વમન અને વિષ્ઠાની જેવું આધાકર્મ સાંભળીને પણ ભય પામીને પંડિત સાધુ તેનો ત્યાગ કરે,

તે પરિહરણા પણ વિધિ, અવિધિથી છે તેમાં અવિધિ પરિહરણાનું એક નાનું દૃષ્ટાંત ત્રણ ગાથા વડે કહેલ છે, તે આ પ્રમાણે– શાલીગ્રામ ગામે ગ્રામણી નામે વણિક હતો.તેને ઘેર ભિક્ષાર્થે કોઈ સાધુએ પ્રવેશ કર્યો. તે ગ્રામણીની પત્ની શાલી–ઓદન લાવી. સાધુ એ આધાકર્મની શંકાથી પૂછ્યું કે આ ઓદન ક્યા છે? તેની તપાસમાં તે સાધુ ઘણું જ ભટક્યા, અંતે મૂર્છા પામ્યા.

મૂળ-૨૨૩ થી ૨૨૫

એ પ્રમાણે અવિધિથી પરિહરણા કરતા જ્ઞાનાદિનો ભાગી થતો નથી. તેથી દ્રવ્ય, કુળ, દેશ, ભાવને આશ્રીને વિધિ પૂર્વક પરિહરણા કરવી.

ઓદન, માંડા, સાથવા, અડદ આદિ દ્રવ્ય, ઘણા કે થોડા માણસોવાળુ કુળ, સુરાષ્ટ્ર આદિ દેશ, આદરથી આપે કે અનાદરથી અપાવે એ ભાવ.

આ પદોના ચાર પદવાળા કે ત્રણ પદવાળા વિકલ્પો થાય છે.

મૂળ-૨૨૬

જો દેશને અનુચિત ઘણું દ્રવ્ય હોય, કુટુંબ નાનુ હોય, આદર ઘણો હોય તે પ્રશ્ન કરવો. પોતાના દેશનું દ્રવ્ય ઘણુ હોય તો પ્રશ્ન ન કરવો. અનાદરમાં પણ પ્રશ્ન ન કરવો.

મૂળ-૨૨૭

સરળ સ્વભાવી વ્હોરાવનાર સત્ય બોલશે,

માયાવી જૂઠ બોલે ત્યારે ઘરના બીજા સભ્યોના હાવભાવ પરથી સાધુ જાણે કે આ આધાકર્મી છે, તો સાધુ તે આહાર ન લે.

જો વહોરાવનારના વચનથી તેને આધાકર્મી નથી તેમ જાણે તો સાધુ તે આહાર ગ્રહણ કરે.

મૂળ-૨૨૮

ગૂઢાચારી, આદર ન કરતા હોય, પૂછવા છતા સત્ય ન કહે, અથવા ભોજન થોડું છે. જાણીને સાધુ ન પૂછે, છતાં દેય વસ્તુ અશુદ્ધ હોય તો ?

મૂળ-૨૨૯ થી ૨૩૩

આધાકર્મ પરિણામી સાધુ પ્રાસુક ભોજન કરવા છતાં અશુભકર્મનો બંધક છે, શુદ્ધ ગવેષક સાધુ આધાકર્મ ભોગવવા છતાં શુદ્ધ જ છે. આ બંને સંયોગોને અનુક્રમે બે કથા દ્વારા કહે છે – ગાથાર્થ વૃત્તિથી જાણવો.

મૂળ-૨૩૪ થી ૨૩૮

ચંદ્રાનના નગરી, ચંદ્રાવતંસક રાજા, ત્રિલોકરેખા આદિ રાણી હતી.

અંતઃપુર સાથે સ્વૈર વિહાર કરવાની ઈચ્છાથી ઘોષણા કરાવી કે કોઈએ ઉદ્યાનમાં ન જવું. કેટલાક દુર્જનો

રાણીઓને જોવાની ઈચ્છાથી ત્યાં છુપાઈને રહ્યા પણ ઉદ્યાન પાલકોએ તેને પકડી લીધા. તેમાં તૃણ–કાષ્ઠ આદિ લાવનારા પણ કેટલાક પકડાયા.

રાજાએ બંને પુરુષોના વૃતાંત જાણી, જેઓએ આજ્ઞાભંગ કરેલો, તેમને મારી નાખ્યા. જેઓ સહજ જ ઉદ્યાનમાં પ્રવેશી ગયા હતા તેઓને છોડી મૂક્યા.

જેમ અહી આજ્ઞા ભંગ કરેલા દુર્જનોને રાજાએ મારી નાંખ્યા અને તૃણ–કાષ્ઠાદિ માટે સહજ જનારને મુક્ત કર્યા તેમ આધાકર્મના અધ્યવસાયવાળા શુદ્ધ ભોજન કરે તો પણ આજ્ઞાભંગને કારણે કર્મ બાંધે છે અને શુદ્ધ ભાવવાળા સાધુ આજ્ઞા આરાધક હોવાથી કર્મ બાંધતા નથી.

### મૂળ-૨૩૯

જે સાધુ આધાકર્મ ખાય છે અને તે સ્થાનને પ્રતિક્રમતો નથી. તે મુંડીયો, બોડો, વિલુંચિત કપોત પક્ષીની જેમ વૃથા અટન કરે છે.

### મૂળ-૨૪૦, ૨૪૧

આધાકર્મ દ્વાર કહ્યું.

હવે પહેલાં જે **ઔદ્દેશિક દ્વાર**નો સમુદ્દેશ કર્યો છે, તેને હું સંક્ષેપથી કહીશ.

તે ઔદ્દેશિક બે પ્રકારે છે – ઓઘ અને વિભાગ.

તેમાં ઓઘ પછી કહીશ, વિભાગ બાર ભેદે છે, તે આ – ઉદ્દિષ્ટ, કૃત અને કર્મ. આ પ્રત્યેકના ચાર-ચાર ભેદ છે.

### મૂળ-૨૪૨ થી ૨૪૫

૨૪૨. અમે દુકાળમાં કષ્ટ વડે જીવ્યા. હવે હંમેશાં કેટલીક ભિક્ષા આપીએ. કેમ કે એવું કંઈ નથી કે – ગત ભવે ન દીધેલ આ ભવે ભોગવાય અને આ ભવે ન કરેલ આવતા ભવે ભોગવાય.

૨૪૩. તે સ્ત્રી રંધાતા ભોજનમાં પાખંડી કે ગૃહસ્થને ભિક્ષા માટે સામાન્ય રીતે વધારે તંદુલ નાંખે છે.

૨૪૪. છદ્મસ્થ સાધુ ઓઘ ઔદ્દેશિકને કેમ જાણે ? એમ પ્રેરણા કરતા ગુરુ કહે છે – ગૃહસ્થની શબ્દાદિ ચેષ્ટામાં ઉપયુક્ત સાધુ જાણી શકે.

૨૪૫. તે પાંચે ભિક્ષા આપી દીધી છે અથવા રેખાને કરે કે ગણતા-ગણતા આપે અથવા આમાંથી આપ કે આમાંથી ન આપ કે આટલી ભિક્ષા જુદી કર એવું બોલે.

### મૂળ-૨૪૬ થી ૨૪૯

૨૪૬. ગૌચરી માટે નીકળેલા સાધુએ શબ્દાદિ વિષયમાં મૂર્છા ન કરવી, પણ ગોભક્તને વિશે ગોવત્સની જેમ એષણાવાળા થવું.

૨૪૭, ૨૪૮. અહીં ગોવત્સનું દૃષ્ટાંત છે, તે આ પ્રમાણે– ગુણાલય નગરે સાગરદત્ત શ્રેષ્ઠી હતો. તેને ગુણચંદ્ર આદિ ચાર પુત્રો હતા, પ્રિયંગુતિલકા આદિ ચાર પુત્રવધૂઓ હતી. શ્રેષ્ઠીને ત્યાં એક વાછરડાવાળી ગાય હતી. પ્રિયંગુતિલકાનાં પુત્ર ગુણસાગરના લગ્ન પ્રસંગે વાછરડો ભૂલાઈ ગયો અને કોઈએ તેને ચારો–પાણી ન આપ્યા. મધ્યાહ્ને શ્રેષ્ઠીને જોઈને વાછરડો બરાડવા લાગ્યો. શ્રેષ્ઠીએ તેને ભૂખ્યો જાણી પૂત્રવધૂઓને તાડના–તર્જના કરી. શણગાર સજેલી ચારે વહૂઓ દોડતી આવી. વાચરડો દેવી જેવી શોભતી વહૂઓને નથી જોતો, માત્ર ચારો–પાણી જુએ છે. આ પ્રમાણે સાધુઓએ પણ ગૌચરી જાય ત્યારે સ્ત્રી કે ગીત આદિમાં આસક્ત થવું ન જોઈએ. માત્ર ભિક્ષામા ઉપયોગવાળા થઈ શુદ્ધ ભિક્ષાની ગવેષણા કરવી જોઈએ.

૨૪૯. ગમનાગમનમાં, ઉત્ક્ષેપમાં, બોલવામાં, શ્રોત્રાદિ ઈન્દ્રિયો વડે ઉપયોગી તથા તેમાં જ મનવાળો સાધુ એષણા કે અનેષણાને જાણી શકે છે.

**મૂળ-૨૫૦, ૨૫૧ (ભાષ્ય-૩૨)**

મોટી સંખડીમાં વધેલ ભાત, દહીં આદિ જોઈને ગૃહસ્થ બોલે કે – આ વસ્તુ પુન્યને માટે આપ.

તેમાં આ પ્રમાણે પૂર્વે કહેલ વિભાગ ઔદ્દેશિક પહેલાં ઉદ્દિષ્ટ સંભવે છે, તેને જ શિષ્યગણના હિત માટે વિભાગથી કહે છે –

**મૂળ-૨૫૨, ૨૫૩**

ઔદ્દેશિક, સમુદ્દેશિક, આદેશ અને સમાદેશ એ ચાર ભેદ, આ જ પ્રમાણે કૃત અને કર્મના પણ ચાર-ચાર ભેદો જાણવા. તેમાં સર્વને આશ્રીને કર્યું તે ઔદ્દેશિક, પાખંડી આશ્રીને કર્યું તે સમુદ્દેશ, શ્રમણને આશ્રીને કર્યું તે આદેશ અને નિર્ગ્રન્થને આશ્રીને કર્યું તે સમાદેશ કહેવાય છે.

**મૂળ-૨૫૪ થી ૨૫૬**

તે ઉદ્દિષ્ટ ઔદ્દેશિકાદિ બે પ્રકારે છે – છિન્ન, અછિન્ન.

તે દરેક દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એમ ચાર ભેદે છે.

એ પ્રમાણે નિષ્પાદિત નિષ્પન્ન પણ જ્યાં ઘટે તેમ જાણવું.

તેમાં સંખડીમાંથી વધેલ ભોજનને તે કે બીજા દિવસે 'અંદર અને બહાર રહેલું બધું આખો દિવસ આપ' એમ જે કહેવું તે અચ્છિન્ન કહેવાય.

દ્રવ્યાદિક છિન્ન - આ આપ બાકીનું આપીશ નહીં, તે પણ ઘરની અંદરનું કે બહારનું એ બેમાંથી એક, તે પણ અમુક સમયથી આરંભીને અમુક સમય સુધી આપ.

**મૂળ-૨૫૭ થી ૨૬૦**

૨૫૭. દ્રવ્યાદિક વડે છિન્ન એવું પણ જો પહેલાથી કહે કે – હવે ન આપ, તે છિન્ન પણ કલ્પે છે. પણ અચ્છિન્નકૃત ન કલ્પે.

૨૫૮. અમુકને આપ અને અમુકને ન આપવું ત્યાં વિકલ્પ છે. તેમાં પણ જેમાં યતિઓનો સામાન્ય નિર્દેશ હોય તેનો ત્યાગ કરવો.

૨૫૯. સંકલ્પ કરાતા ભોજનને જે સાધુ સાંભળે તે જ વખતે તે કલ્પે, બીજાને સ્થાપના દોષ લાગે. ન સાંભળતા આ મર્યાદા છે કે સંકલના કરીને પરસ્પર કહેવું કે કોઈ એકને ત્યાં સ્થાપવો.

૨૬૦. આ ન આપ, આ આપ એવું કહેલ સાંભળીને સાધુને પૂછવાથી સત્ય કહેતા તેનો ત્યાગ કરે, પણ જે આપ્યું તે ભલે, હવે ન આપીશ સાંભળીને તે ભોજન ગ્રહણ કરે.

**મૂળ-૨૬૧ થી ૨૬૩**

હવે કૃત અને કર્મ ઔદ્દેશિકના હેતુ આદિ જણાવે છે–

ઓદનને દહીં વડે મિશ્ર કરે તે 'કૃત' કહેવાય, એ જ રીતે ઘી કે ઇક્ષુરસ આદિ સાથે મિશ્ર કરે તેને કૃત કહેવાય.

એ પ્રમાણે કર્મ વિષે જાણવું, વિશેષ એ કે તેમાં ગરમ કરવામાં આવે છે. જેમ કે– ગોળ વગેરેને ઓગાળીને મોદક ચૂર્ણને ફરી મોદકરૂપે કરે. અથવા તુવેર આદિનું રાત્રિનું વાસી ભોજન ફરી સંસ્કારવા અગ્નિ વડે નીપજાવે.

**મૂળ-૨૬૪ થી ૨૬૬ (પ્રક્ષેપ-૧)**

૨૬૪. અમુક વસ્તુ ફરીથી હું રાંધીને આપીશ" એમ દાતા કહે તો સાધુને તે ન કલ્પે. પણ તેની પહેલા કલ્પે.

ઘરમાં કે બહાર, કાલે કે પછીના દિને રાંધીને આપીશ, એમ કહે તો ન કલ્પે, તેની પૂર્વે કલ્પે.

યથા પ્રકારે ફરીથી કરેલું હું આપીશ એમ કહીને તે જ પ્રકારે કરીને આપે તો તે ન કલ્પે, પણ તેની પૂર્વે કલ્પે.

પોતા માટે કરેલ પાક પણ યાવદર્થિકવાળુ મૂકીને બાકીનું ન કલ્પે.

પ્રક્ષેપગાથામાં કહે છે – છકાયની દયા વગરના, જિનપ્રવચન બહારના મુંડીયા, કપોતની જેમ ઘણું કહે છે જે નિરર્થક છે.

**મૂળ-૨૬૭ થી ૨૭૦**

૨૬૭. પૂતિકર્મ દ્રવ્ય અને ભાવ બે પ્રકારે છે.

દ્રવ્યમાં છાણ વડે કહેવાતું ધાર્મિક દૃષ્ટાંત છે. ભાવમાં બાદર અને સૂક્ષ્મ બે ભેદ છે.

૨૬૮. દ્રવ્યપૂતિ - જે દ્રવ્ય ગંધાદિગુણે યુક્ત પણ અશુચિ ગંધદ્રવ્યથી સહિત થવાની પૂતિ છે, તેથી તેનો ત્યાગ કરાય છે.

૨૬૯, ૨૭૦. હવે બે ગાથા વડે દ્રવ્ય પૂતિનું દૃષ્ટાંત કહે છે, તે આ પ્રમાણે– સમ્મિલ નામે નગર હતું. બહાર દેવકુલિકામાં માણીભદ્ર યક્ષ હતા. તે નગરમાં શીતળાનો રોગ થયો. કેટલાકે તે યક્ષની માનતા માની. કેટલાક રોગ મુક્ત થતા દેવશર્મા પૂજારીને લીંપણ માટે છાણ લેવા મોકલ્યો. તે છાણ વિષ્ટાયુક્ત આવ્યું. માનતા કરવા આવેલાએ તે જાણ્યું. સર્વે એ ભોજન અશૂચિ થયું જાણી ભોજનનો ત્યાગ કર્યો. પછી લીંપણ ઉખેડી, બીજા ચોક્ખા છાણથી લીંપણ કર્યું. બીજા ભોજન આદિ પકાવ્યા.

દ્રષ્ટાંતનો સાર એ કે વિષ્ઠા ઉપરનું ભોજન એ દ્રવ્યપૂતિ છે.

**મૂળ-૨૭૧ થી ૨૭૬**

૨૭૧. ઉદ્‌ગમ કોટિના અવયવ માત્રથી પણ મિશ્ર અશનાદિક શુદ્ધ છતાં પણ અશુદ્ધ ચારિત્રને મલિન કરે છે, આ ભાવપૂતિ કહેવાય.

૨૭૨. આધાકર્મ, ઔદ્દેશિક, બાદર પ્રાભૃતિકા, ભાવપૂતિ અને અધ્યવપૂરક એ ઉદ્‌ગમકોટિ કહેવાય.

૨૭૩. ભાવપૂતિ બે ભેદે – બાદર, સૂક્ષ્મ.

તેમાં બાદરપૂતિ બે ભેદે – ઉપકરણમાં અને ભોજનપાનમાં.

૨૭૪. ચૂલો, તપેલી, કડછો, કડછી વડે મિશ્ર તે પૂતિ તથા શાક, મીઠું, હીંગ વડે જે મિશ્ર તે પણ પૂતિ, સંક્રામણ, સ્ફોટન, ધૂમ પણ ભોજનપાન પૂતિ છે.

૨૭૫. ચૂલો અને તપેલી રાંધવાની વસ્તુને ઉપકારક છે, કડછી-કડછો આપવામાં આવતી વસ્તુને ઉપકાર કરે છે માટે તે દ્રવ્ય ઉપકરણ કહેવાય.

૨૭૬. ચૂલો અને તપેલી બંને આધાકર્મી હોય તો પહેલા ત્રણે ભાંગામાં અકલ્પ્ય છે ત્યાં રહેલાનો નિષેધ છે બીજા સ્થાને રહેલની અનુજ્ઞા છે.

**મૂળ-૨૭૭ થી ૨૮૦**

૨૭૭. આધાકર્મરૂપી પંક વડે મિશ્ર ચૂલો અને તપેલી ઉપકરણપૂતિ કહેવાય છે. કડછાનો અગ્રભાગ કે દંડ એ બેમાંથી એક આધાકર્મમાં હોય તો તે લાકડાનો હાથો પૂતિ છે.

૨૭૮. દર્વીછૂઢ એટલે આધાકર્મની કડછી વડે જે આપે તે આહારપૂતિ કહેવાય. આધાકર્મનો સ્પર્શ કરાવી પછી શુદ્ધનો સ્પર્શ કરાવી આપે તે પણ આહારપૂતિ કહેવાય.

૨૭૯. પોતાના માટે આરંભ કર્યા પછી જે આધાકર્મી એવા શાક, લવણ, હીંગ કે બીજું કંઈ સ્ફોટન જે તક્રાદિ મિશ્ર થયા હોય તે ભોજનપાન પૂતિ.

૨૮૦. આધાકર્મ સંક્રમાવીને જે રાંધ્યુ કે તેમાં કંઈ મિશ્ર થયું હોય તે ભોજનપાન પૂતિ કહેવાય.

અંગારામાં વેસણ નાંખવાથી જે ધૂમાડો નીકળે તે ધૂમ કહેવાય, આ ધૂમાડા વડે વ્યાપ્ત જે તપેલી કે તક્ર આદિ હોય તે પણ પૂતિ કહેવાય.

### મૂળ-૨૮૧ થી ૨૮૯

૨૮૧. ઈંધણ, ધૂમ, ગંધ આદિ અવયવો વડે સૂક્ષ્મપૂતિ થાય છે. આ પૂતિ વર્જવી યોગ્ય છે ?

એમ પૂછતા ગુરુ કહે છે –

૨૮૨. ઈંધણ, ધૂમ, ગંધાદિ અવયવોથી પૂતિ થતી નથી, જેઓ તેને પૂતિ માને છે તેમના મતે શુદ્ધિ થતી નથી.

૨૮૩. ઈંધણ, અગ્નિ, અવયવ, ધૂમ, બાષ્પ, અન્નગંધ, સમસ્ત લોકને સ્પર્શે છે, તેથી તે સર્વને પૂતિ કહેવું પડશે.

૨૮૪. શંકા – આમ કહેતા પૂર્વે કહેલ સૂક્ષ્મપૂતિનો અસંભવ થશે. તેથી ઈંધણ અને ધૂમથી આ પૂતિ છે એમ સિદ્ધ થાય છે.

૨૮૫. હે પ્રાશ્નિક ! ઈંધણાદિ ચારે વડે સૂક્ષ્મપૂતિ થાય છે" એ માત્ર પ્રરૂપણા છે, પરંતુ તે પૂતિનો ત્યાગ નથી.

૨૮૬. સાધ્ય અને અસાધ્ય એમ બે ભેદે કાર્ય હોય તેમાં સાધ્ય કાર્ય સાધી શકાય, અસાધ્ય નહીં. જે મનુષ્ય અસાધ્યને સાધ્યા કરે તે માત્ર કલેશ પામે, કંઈ સાધી ન શકે.

૨૮૭. આધાકર્મના ભાજનનું પ્રસ્ફોટન કરીને ત્રણ કલ્પ ન કરે, તેવા ભાજનમાં ગ્રહણ કરેલ હોય તે સૂક્ષ્મપૂતિ છે. ધોવા આદિથી તેનો પરિહાર થઈ શકે છે.

૨૮૮. આધાકર્મ ગ્રહણ કર્યા પછી પાત્ર ધોવા છતાં પણ અવયવ રહિત ન થાય. કેમ કે દ્રવ્ય વિના ગુણ ન હોય. એ પ્રમાણે શુદ્ધિ પણ ક્યાંથી હોય ? ન હોય.

૨૮૯. લોકમાં પણ દૂરથી આવેલા અપવિત્ર ગંધો પરિણામ પામતા દોષ ન પામે, દૂર રહેલા વિષકણીયા પણ મારતા નથી.

### મૂળ-૨૯૦, ૨૯૧

૨૯૦. શેષ દ્રવ્યો વડે જેટલું સ્પર્શ કરાયું હોય તેટલું પૂતિ કહેવાય છે, તેથી ત્રણ લેપ વડે પૂતિ થાય અને ત્રિગુણ કલ્પ કર્યો તે કલ્પે છે.

૨૯૧. ઈંધનાદિ ચારને છોડીને શેષ દ્રવ્યો પૂતિ હોય છે, તેનું પરિણામ ત્વક્ પ્રમાણ અર્થાત ફોતરાથી આરંભીને જાણવું.

### મૂળ-૨૯૨

પહેલે દિવસે આધાકર્મ જ છે, બીજા ત્રણ દિવસ સુધી પૂતિ હોય છે, તે ત્રણ પૂતિમાં ન કલ્પે. પાત્રને ત્રીજો કલ્પ આપે ત્યારે કલ્પે.

### મૂળ-૨૯૩, ૨૯૪

શ્રમણ માટે કરેલ આહાર, ઉપધિ, વસતિ આદિ સર્વે આધાકર્મી કહેવાય.

શ્રમણ માટે કરેલ આધાકર્મ વડે મિશ્ર આહાર આદિ બધા પૂતિ કહેવાય.

જો સાધુને શંકા જાય કે આ આહાર પૂતિકર્મ યુક્ત છે, તો તેનો ત્યાગ કરવો અને જો સ્ત્રીઓના સંલાપથી જાણે કે આ પૂતિ દોષયુક્ત નથી તો તે ગ્રહણ કરવો કલ્પે.

### મૂળ-૨૯૫ થી ૩૦૧

૨૯૫. મિશ્રજાત ત્રણ પ્રકારે છે – યાવદર્થિક, પાખંડીમિશ્ર, સાધુમિશ્ર. આ હજારના આંતરાવાળુ હોય તો પણ ન કલ્પે, ત્રણ કલ્પ કર્યા પછી કલ્પે.

૨૯૬. દુષ્કાળમાં, દુષ્કાળના ઉલ્લંઘન પછી, માર્ગના મથાળે કે યાત્રામાં કોઈ શ્રદ્ધાવાન્ ગૃહસ્થ ઘણા ભિક્ષાચર જાણીને મિશ્રજાત કરે.

૨૯૭. યાવદર્થિકને માટે આ રાંધેલ નથી, તેથી યતિને જે ઈચ્છિત છે તે તું આપ અથવા ઘણા ભિક્ષાચરો

આવ્યા હોવાથી અપૂરતુ જાણીને કહે – 'બીજું પણ રાંધ'.

૨૯૮. પોતાને માટે રંધાતુ હોય અને પાખંડી માટે પણ રાંધ કહે તે પાખંડી મિશ્ર, નિર્ગ્રંથ માટે રાંધ કહે તે સાધુ મિશ્ર જાણવું.

૨૯૯. વિષ વડે મરેલાના માંસને ખાનાર મરે છે, તેના માંસને ખાઈને બીજો પણ મરે છે, એમ પરંપરાએ હજારો મરણ થાય છે.

૩૦૦. તે પ્રમાણે મિશ્રજાત પણ સાધુના સુવિશુદ્ધ ચારિત્રાત્માને હણે છે, તેથી હજારો પુરુષો પાસે ગયેલુ પણ તે સાધુને ન કલ્પે.

૩૦૧. સાધુને આશ્રીને વિધિ – પાત્રને આંગળી વડે કે સૂકા છાણથી સાફ કરીને ત્રણ કલ્પ દેવા, પછી તડકામાં સૂકવીને તેમાં શુદ્ધાન્ન ગ્રહણ કરવું.

કોઈ કહે છે ચોથો કલ્પ દઈને સૂકવ્યા વિના ગ્રહણ કરવું.

## મૂળ-૩૦૨ થી ૩૧૦ (ભાષ્ય-૩૪)

૩૦૨. સ્વસ્થાન અને પરસ્થાન એમ બે પ્રકારે સ્થાપના હોય છે, તેમ જાણવુ. તેમાં દૂધ આદિ પરંપર સ્થાપિત છે. હાથમાં રહેલ ભિક્ષા એક પંક્તિના ત્રણ ઘર સુધી જ સ્થાપના દોષના અભાવવાળી છે.

૩૦૩. ચૂલો કે અવચુલ્લ એ સ્થાનરૂપ સ્વસ્થાન છે, પિઠર-તપેલી એ ભાજનરૂપ સ્વસ્થાન છે. આ બંને સ્વસ્થાનમાં ચાર ભંગો થાય છે.

૩૦૪. છબ્બક અને વારક આદિ અનેક પ્રકારે પરસ્થાન જાણવું. તેમાં સ્વસ્થાનમાં પિઠર અને છબ્બક જાણવું. એ જ પ્રમાણે દૂર એટલે પરસ્થાનમાં જાણવું.

૩૦૫. ક્ષીરાદિ પરંપરાથી પ્રત્યેક સ્થાન બે ભેદે છે – અનંતર અને પરંપર. તેમાં કર્તાએ જે અવિકારી દ્રવ્ય કર્યું હોય તે અનંતર છે.

૩૦૬. શેરડી, દૂધ વગેરે વિકારી દ્રવ્ય છે. ઘી, ગોળ વગેરે અવિકારી દ્રવ્યો છે. તથા રસગંધાદિ પલટાઈ જવાના દોષથી ભાત અને દહીં પણ વિકારી છે.

૩૦૭, ૩૦૮. બે ગાથામાં પરંપરા સ્થાપિત ક્ષીરાદિની ભાવના કરે છે, જે વૃત્તિના દૃષ્ટાંતથી જાણવી.

૩૦૯. રસ, કકાબ, પિંડગુલ, મત્સ્યંડી, ખાંડ, સાકર આ બધા પરંપરા સ્થાપન કહેવાય છે, બીજે સ્થાને પણ યોગ્ય હોય તેમ જાણવુ.

૩૧૦. ભિક્ષા ગ્રહણ કરનાર એક સ્થાને ઉપયોગ કરે અને બીજો બેમાં ઉપયોગ કરે ત્યાર પછીના ઘેર ઉપાડેલી ભિક્ષા પ્રાભૃતિકા સ્થાપના કહેવાય.

## મૂળ-૩૧૧ થી ૩૧૯

૩૧૧. પ્રાભૃતિકા પણ બાદર અને સૂક્ષ્મ બે ભેદે છે, એમ જાણવું. તે દરેકના પણ અવષ્વષ્કણ અને ઉત્ષ્વષ્કણ એમ બબ્બે ભેદ છે. તે વિશે સિદ્ધાંતમાં પુત્રી વિવાહનું દૃષ્ટાંત છે.

૩૧૨, ૩૧૩. હું રૂની પૂણી કાંતુ છું તેથી પછી આપીશ, તો માટે તું રડ નહીં, આવા વચન સાધુ સાંભળે તો ત્યાં આરંભ જાણી ન જાય.

અથવા 'અન્ય કાર્ય માટે ઉઠેલી હું તને કાંઈક આપીશ' એમ સાંભળી સાધુ ત્યાગ કરે

અથવા પુત્ર બોલે કે – કેમ હવે તું નહીં ઉઠે ? સાધુના પ્રભાવથી અમે પણ પામશું.

૩૧૪ થી ૩૧૬. હે પુત્ર ! તું વારંવાર ન બોલ. અહીં પરિપાટી ક્રમે સાધુ આવશે, તેને માટે ઉઠીશ ત્યારે તને આપીશ. આવું વચન સાંભળી સાધુ તેનો ત્યાગ કરે.

અથવા બાળક, સાધુને ખેંચીને પોતાના ઘેર લઈ જાય, યથાર્થ હકીકત જાણી સાધુ ત્યાં ન જાય. આ બધી જ સૂક્ષ્મ પ્રાભૃતિકા જાણવી.

હવે પછી અવષ્વષ્કણરૂપ બાદર પ્રાભૃતિકા કહે છે –

૩૧૭. સ્થાપન કરેલ વિવાહનો દિવસ સાધુ સમુદાય આવ્યા પહેલા થઈ જશે, એમ વિચારીને ઉત્સર્પણ કરે. પ્રાભૃતિકા કરનારને કહે છે –

તેને સરળ માણસ પ્રગટ કરે છે અને સરલ ન હોય તેવો માણસ બીજું(માયા) કરે છે.

૩૧૮. વિવાહાદિ પ્રકૃત, મંગળને માટે પુન્યને અર્થે એમ બે પ્રકારે અવષ્વષ્કિત છે. એ જ પ્રમાણે ઉષ્વષ્કિત પણ છે. તેમાં આ શું છે ? પૂછીને, ગૃહસ્થ કહે પછી તેનો સાધુ ત્યાગ કરે.

૩૧૯) જેઓ પ્રાભૃતિકા ભક્તને ખાય છે અને તે સ્થાનથી પાછો ફરતો નથી તે મુંડ લુંચિત વિલુંચિત કપોતની જેમ નિરર્થક જ ભટકે છે.

### મૂળ-૩૨૦ થી ૩૨૫

૩૨૦. જેના મસ્તકના કેશ લોચ વડે વિરલ છે, તપ વડે કૃશ થયેલા, મલિનશરીરી, યુગમાત્ર દૃષ્ટિવાળા, અત્વરિત, અચપળ, પોતાના ઘેર આવતા.

૩૨૧. કોઈ સાધુને જોઈને સંવેગ પામેલી કોઈ શ્રાવિકા ઘરમાં ભોજનપાન ગ્રહણ કરીને નીકળી, તે જોઈ તે સાધુ પણ નીકળી ગયા.

૩૨૨. નીચા દ્વારવાળા આ ઘરમાં એષણા શુદ્ધ નહીં થાય એમ ધારીને નીકળી જતા સાધુને જોઈ, તે ગૃહિણી ઘણી ખેદ પામી.

૩૨૩. ત્યારે ચરણ-કમળના પ્રમાદી એવા બીજા સાધુ ત્યાં આવ્યા, તેણે તે ભિક્ષા ગ્રહણ કરી, ત્યારે ગૃહિણીએ પ્રશ્ન પૂછતા, તે સાધુએ આલોક-પરલોક સંબંધી કહ્યું. તેમાં આલોકનો ત્યાગ કરીને કહ્યું કે –

૩૨૪. એષણાસમિતિ વાળા સાધુ નીચે દ્વારવાળા ઘેર ભિક્ષાને ઇચ્છતા નથી. જો તું મને પૂછે કે – તમે કેમ ગ્રહણ કરી ? તો કહું છું કે – હું લિંગોપજીવી છું.

૩૨૫. સાધુના ગુણ અને એષણા સાંભળી હર્ષિત થયેલી તેણીએ તેમને ભોજન-પાન આપ્યું. તેના ગયા પછી ત્રીજા સાધુ આવ્યા. તેને પૂછવાથી તે સાધુ બોલ્યા– તેઓ બંને માયા વડે ચાલે છે, અમે વ્રતનું આચરણ કરીએ છીએ.

### મૂળ-૩૨૬ થી ૩૩૩

૩૨૬. પ્રાદુષ્કરણ બે ભેદે છે – પ્રગટકરણ અને પ્રકાશકરણ. તેમાં પ્રગટ એટલે સંક્રમણ વડે પ્રગટ કરવું તે અને પ્રકાશકરણ - ભીંતમાં દ્વાર પાડવું કે ભીંતને મૂળથી છેદીને.

૩૨૭. અથવા રત્ન, પ્રદીપ કે જ્યોતિ વડે પ્રકાશ કરવો તે. સાધુને આવું પ્રકાશન ન કલ્પે, પણ ગૃહસ્થે પોતા માટે કર્યું હોય તો કલ્પે.

વળી, દોષિત આહાર વાપર્યા પહેલાં પરઠવવો પછી તેમાં ત્રણ કલ્પ કર્યા વિના લેવો ન કલ્પે.

૩૨૮. તેમાં ચુલી સંક્રમણ-સંચારિમા ચુલી તથા સાધુને ઉદ્દેશીને પહેલેથી જ બહાર કરેલી ચુલી, તથા તે વખતે કરેલી એમ ત્રણ પ્રકારે ચુલી છે.

તેમાં કદાચ ગૃહસ્થો રાંધે તો ઉપધિ પૂતિ અને પ્રાદુષ્કરણ બે દોષ લાગે.

૩૨૯) હે સાધુ ! તમે અંધકારમાં ગૌચરી નથી લેતા, તેથી બહાર ચુલી ઉપર રાંધ્યુ." આવું વચન સાંભળી તે આહારને સાધુ ન લે. અથવા પૂછીને, તેમ જાણીને ત્યાગ કરે.

૩૩૦. પ્રાદુષ્કરણ ગૃહસ્થને પોતા માટે કઈ રીતે સંભવે ?

ઘરમાં માખી હોય કે ઉકળાટ હોય, બહાર ઘણો પવન, પ્રકાશ અને સમીપપણું હોય એમ વિચારી આહારનું પ્રાદુષ્કરણ ગૃહસ્થ પોતા માટે કરે તો તે આહાર ગ્રહણ કરવો કલ્પ્યાકલ્પ્યનો વિકલ્પ છે.

૩૩૧. હવે પ્રકાશકરણને સ્પષ્ટ કરે છે – ભીંતમાં છિદ્ર કરે, દ્વારને વધારે કે બીજું કરે, છાદનને દૂર કરે, દેદીપ્યમાન રત્નને સ્થાપન કરે.

૩૩૨. અથવા જ્યોતિ કે પ્રદીપને કરે તે પ્રમાણે પ્રાદુષ્કરણ કહે અથવા પૂછવાથી સાધુ જાણે તો આહાર ન કલ્પે. પણ ગૃહસ્થ બધું પોતાને માટે કરે તો જ્યોતિ અને પ્રદીપના પ્રકાશથી કરેલા પ્રગટપણાને વર્જીને કલ્પે.

૩૩૩. પ્રગટકરણ કે પ્રકાશકરણ કર્યા છતાં સહસા કે અનાભોગથી ગ્રહણ કરેલું હોય તે પરઠવીને તે પાત્રમાં જળ પ્રક્ષાલનરૂપ કલ્પ કર્યા વિના પણ બીજું શુદ્ધ ગ્રહણ કરે.

### મૂળ-૩૩૪ થી ૩૩૬

૩૩૪. ક્રીતકૃત પણ દ્રવ્ય અને ભાવથી બે પ્રકારે છે – તે પ્રત્યેકના બબ્બે ભેદ છે – આત્મક્રીત, પરક્રીત. તેમાં પરદ્રવ્ય સચિત્તાદિ ત્રણ ભેદ છે.

૩૩૫. આત્મક્રીત દ્રવ્યથી અને ભાવથી બે ભેદે છે. દ્રવ્ય – ચૂર્ણાદિ, ભાવથી બીજાને માટે કે પોતાને માટે જ.

૩૩૬. આત્મદ્રવ્ય ક્રીતનું વિસ્તારથી વિવરણ – નિર્માલ્ય, ગંધ, ગ્રુટિકા, ચંદન અને પોત વગેરે આત્મદ્રવ્ય ક્રીત છે, તેમાં જો ગ્લાનતા થાય તો શાસનનો ઉડ્ડાહ થાય. નિરોગી થાય તો ચાટુકરી થાય અને તેમ થવાથી અધિકરણ લાગે.

### મૂળ-૩૩૭ થી ૩૩૯

૩૩૭. નાના ગાયના વાડા આદિમાં મંખાદિ સાધુ માટે ઉત્પાદન કરી નિમંત્રણ કરે તે પરભાવક્રીત કહેવાય છે. તેમાં ક્રીતકૃત, અભિહૃત, સ્થાપિત એ ત્રણ દોષ લાગે.

૩૩૮, ૩૩૯. દૃષ્ટાંત છે, જે આ પ્રમાણે– શાલીગ્રામે દેવશર્મા નામે મંખ રહે. કોઈ વખતે વર્ષાકાળે સાધુ તેમને ત્યાં રહ્યા. તે મંખ સાધુની ભક્તિમાં તત્પર થયો. ચોમાસા પછી સાધુ જે દિશા તરફ જતા હતા, ત્યાંનાં લોકોને પટ દેખાડી તે મંખે લોકોને વશ કર્યા. તે લોકો મંખને ઘી દૂધ આપવા લાગ્યા. મંખે કહ્યું સાધુ અહીંથી નીકળે ત્યારે તેને આપજો. સાધુઓએ તો નિર્દોષ જાણીને તે ઘી દૂધ વહોરી લીધા.

પરંતુ જો સાધુઓ એમ જાણે કે આ અશુદ્ધ આહાર છે, તો તેમાં ક્રિત આદિ દોષનો સંભવ હોવાથી, તેવા આહારનો ત્યાગ કરવો જોઈએ.

### મૂળ-૩૪૦ થી ૩૪૩

૩૪૦. ધર્મકથા, વાદ, ક્ષપણ, નિમિત્ત, આતાપના, શ્રુતસ્થાન, જાતી, કુલ, ગણ, કર્મ અને શિલ્પ એ સર્વે ભાવક્રિત છે.

૩૪૧. તેમાં ધર્મકથાથી વશ થયેલ ગૃહસ્થો પાસેથી માંગીને ગ્રહણ કરે કે કોઈ ગૃહસ્થ સાધુને પૂછે કે પે'લા ધર્મકથી તમે જ છો ત્યારે એવો ઉતર આપે કે બધા સાધુ ધર્મ જ કહેતા હોય, ત્યારે તે આત્મ ભાવક્રિત થાય.

૩૪૨. અથવા તે ક્ષારશરીરી શું ધર્મ કહેશે ? અથવા જળના સૌકરિક(કુવાના દેડકા) શું ધર્મ કહેવાના ? અથવા મુન્ડિત કુટુંબી શું ધર્મ કહેવાના ? ધર્મ તો સાધુ જ કહેવાનાને ?

૩૪૩. આ જ પ્રમાણે વાદી, ક્ષપક, નિમિત્તજ્ઞ, આતાપક વિષે ભાવના કરવી.

### મૂળ-૩૪૪ થી ૩૪૭

૩૪૪. પ્રામિત્ય પણ સંક્ષેપથી લૌકિક અને લોકોત્તર એમ બે ભેદે છે. તેમાં ભગિની આદિ લૌકિક અને વસ્ત્રાદિ વિષયકને લોકોત્તર છે.

૩૪૫ થી ૩૪૭. કોઈ એક ગામમાં દેવરાજ નામે ગૃહસ્થના સંમત નામક એક પુત્રે દિક્ષા લીધી, કાલક્રમે તેઓ સમર્થ ગીતાર્થ થયા. કોઈ દિવસે સંમતસાધુ ગુરુની આજ્ઞા લઇ, પોતાના કુટુંબીને તારવાની બુદ્ધિથી પોતાના બંધુને ગામે આવ્યા. ત્યાં બધા કુટુંબીજન મૃત્યુ પામેલા, માત્ર સંમતિ નામે વિધવા બહેન જીવતી હતી.

સંમતસાધુ તેણીને ઘેર આહાર લેવા ગયા. તેણીએ પણ ભાઈ મુનિને જોઇને બહુમાન્પૂર્વક વંદના કરી. તેમના નિમિત્તે આહાર બનાવવો આરંભ્યો, સાધુએ તેણીને રોકીને કહ્યું કે આમારા નિમિત્તે બનેલ આહાર અમને ન ખપે.

ભિક્ષા નિમિત્તે બીજું કઈ ન હોવાથી તેણીએ શિવદેવ વણિક પાસેથી બમણી વૃદ્ધિથી પાછું આપવાની શરતે બે પળી તેલ લીધું. ભાઈ મુનિએ તેને ત્યાંથી આહાર નિર્દોષ માનીને ગ્રહણ કર્યો. ધર્મશ્રવણ કરવા બેઠી એટલે કામે ન જઈ શકી, તેથી બે પળી તેલ પાછુ ન આપી શકી. દેવું વધતું જ ગયું, છેવટે તે શેઠને ત્યાં જ દાસીપણું સ્વીકાર્યું.

કાળક્રમે સંમતમુનિ તે ગામે ફરી પધાર્યા, બધો વૃતાંત જાણ્યો. શિવદેવને ધર્મ કહી પ્રતિબોધ કર્યો, શિવદેવના પુત્ર અને સાધુની બહેન બંને એ દીક્ષા લીધી.

કથાનો સાર એટલો જ કે આવી પ્રામીત્ય દોષવાળી ભિક્ષા ન લેવી.

### મૂળ-૩૪૮ થી ૩૫૦

૩૪૮. આ જ દોષો વસ્ત્ર પાત્રના વિષયવાળા લૌકિક પ્રામિત્યમાં અતિ વિશેષે કરીને જાણવા. હવે લોકોત્તર દોષો, આ બીજા છે.

૩૪૯. વસ્ત્ર મલિન થતા, ફાટતા, જીર્ણ થતા, હરણ થતા, નાશ પામતા કલહ આદિ દોષો થાય છે. બીજું વસ્ત્રાદિ માંગનારને સુંદર વસ્ત્ર આપે તો પણ તે લેનાર દુષ્કર રૂચિવાળો થાય. તેથી કલાહદિ દોષો થાય છે.

૩૫૦. અપવાદમાં દુર્લભ હોતા ઉચ્ચપણાએ આપવું. કુટિલ અને આળસુને પ્રામિત્ય વડે આપવું. તે દેવાતું વસ્ત્રાદિ ગુરુ પાસે મૂકવું. પછી ગુરુ આપે તો કલહ ન થાય.

### મૂળ-૩૫૧ થી ૩૫૪

૩૫૧. પરિવર્તીત પણ સંક્ષેપથી લૌકિક, લોકોત્તર બે ભેદે છે, તે બંને પણ તદ્દ્રવ્ય અને અન્યદ્રવ્યને વિશે એમ બબ્બે પ્રકારે છે.

૩૫૨ થી ૩૫૪. તદ્દ્રવ્ય લૌકિક પરિવર્તિત– કોહવાયેલું ઘી આપીને સાધુ નિમિત્તે સુગંધી ઘી ગ્રહણ કરવું.

અન્ય દ્રવ્ય પરાવર્તન. તેનું દ્રષ્ટાંત આ પ્રમાણે– વસંતપુર નગરમાં નિલય નામે શેઠ હતા, તેને ક્ષેમંકર અને દેવદત્ત નામે બે પુત્રો અને લક્ષ્મી નામે એક પુત્રી હતી. તે જ નગરમાં તિલકશેઠ અને તેની પુત્રી બંધુમતિ વગેરે પણ રહેતા હતા.ક્ષેમંકરે દિક્ષા લીધી.દેવદત્ત બંધુમતિને અને ધનદત્ત લક્ષ્મીને પરણ્યો. કર્મવશાત ધનદત્ત ગરીબ થઇ ગયો. તે પ્રાયઃ કોદરાના કુરિયા ખાતો હતો. દેવદત્ત શાલી–ઓદન ખાતો હતો.

ક્ષેમંકર મુની કોઈ વખતે તે ગામ પધાર્યા. બહેનની અનુકંપાથી તેણીને ઘેર વહોરવા પધાર્યા. બહેન વિચારે છે કે એક તો આ મારા ભાઈ છે, વળી સાધુ છે, તેથી બંધુમતિ પાસે જઈ કોદરા આપી શાલી–ઓદન લઇ આવી. દેવદત્ત જમવા આવ્યો, બંધુમતિએ કોદરા પીરસ્યા. દેવદત્ત સમજ્યો કે મારી પત્ની કૃપણતાથી આવું રાંધે છે. તે તેણીને મારવા દોડ્યો. એ જ પ્રમાણે જ્યારે લક્ષ્મીએ સાધુને વહોરાવતા વધેલા ભાત ધનદત્તને આપ્યા ત્યારે તેણે પણ લક્ષ્મીને મારી, શું કામ તું કોઈને ઘેરથી માંગીને લાવી?

આ થયું અન્ય દ્રવ્ય લૌકિક પરાવર્તન દોષ, જે સાધુ નિમિત્તે કલેશનું કારણ બન્યો. સારાંશ એ કે સાધુએ આવા પરાવર્તિત દોષવાળા આહારને ગ્રહણ ન કરવો.

લોકોત્તર પરાવર્તન એટલે એક સાધુ બીજા સાધુ સાથે વસ્ત્ર આદિનું પરાવર્તન કરે તે. હવેની ગાથામાં તેના દોષોનું વર્ણન કરે છે.

મૂળ-૩૫૫, ૩૫૬

આ વસ્ત્ર ન્યૂન છે, અધિક છે, દુર્બળ છે, ખર છે, ગુરુ છે, છેદાયેલું છે, મલિન છે, શીતને સહન ન કરે તેવું છે, દુર્વર્ણ છે. એમ જાણીને કે બીજાના કહેવાથી વિપરિણામને પામે છે.

લોકોત્તરને વિશે અપવાદ કહે છે. એકનું વસ્ત્ર માન યુક્ત હોય, બીજાનું ન હોય. આવા કાર્યો ઉત્પન્ન થતા વસ્ત્ર ગુરુની પાસે સ્થાપવું. તેઓ આપે, ત્યારે લેવું. અન્યથા કલહ થાય છે.

મૂળ-૩૫૭ થી ૩૬૦

૩૫૭. ભોજન-પાનાદિ સામેથી લાવીને આપવું તે અભ્યાહૃત.

તે બે ભેદે – આચીર્ણ અને અનાચીર્ણ.

અનાચીર્ણ અભ્યાહૃત પણ બે ભેદે છે – નિશીથ અભ્યાહૃત, નોનિશીથ અભ્યાહૃત.

તેમાં અહીં નોનિશીથ અભ્યાહૃત કહે છે

૩૫૮. તે સ્વગ્રામ અને પરગ્રામના વિષયથી બે ભેદે છે.

તેમાં પરગ્રામ વિષયક પણ સ્વદેશ અને પરદેશ સંબંધી એમ બે પ્રકારે છે.

તે પ્રત્યેકના બબ્બે ભેદો છે – જળમાર્ગ અને સ્થળમાર્ગ.

જળમાર્ગમાં નૌકા અને હોડકું બે ભેદે છે.

સ્થળમાર્ગમાં જંઘા વડે, ગાડાં વડે એમ બે ભેદ છે.

૩૫૯. જળમાર્ગમાં જંઘા, બાહુ, તરિકા વડે અભ્યાહૃત સંભવે છે,

તથા સ્થળમાર્ગમાં સ્કંધ, આરનિબદ્ધ-ગાડા, ખુરનિબદ્ધ-બળદ વડે સંભવે છે.

તેમ થવાથી સંયમ અને આત્મ વિરાધના થાય છે.

સંયમમાં અપ્કાયાદિની વિરાધના થાય છે. જળમાં અતિ ઊંડું હોવાથી ગ્રાહ, પંક, મગર, કચ્છપ થકી અપાય-વિનાશ થાય છે. સ્થળમાં કાંટા, સર્પ, ચોર, શિકારી પશુ થકી અપાયરૂપ આ દોષો થાય છે.

મૂળ-૩૬૧ થી ૩૬૪

૩૬૧. સ્વગ્રામવિષયક અભ્યાહૃત બે ભેદે છે – ગૃહાંતર અને નોગૃહાંતર. તેમાં ત્રણ ગૃહાંતરથી પણ આગળથી જે આણ્યુ હોય તે ગૃહાંતર જાણવું.

૩૬૨. નોગૃહાંતર અનેક પ્રકારે છે – વાડગ, સાહી, નિવેશન ગૃહવાળું, કાવડ, સ્કંધ અથવા માટીમય કે કાંસાના પાત્ર વડે આણે.

૩૬૩. સ્વગ્રામના વિષયમાં નોનિશીથ અભ્યાહૃતનો સંભવ કહે છે – શૂન્યગૃહ, કાળ ન થવો, પ્રકૃત, પ્રહેણક, શ્રાવિકા સૂતી હતી, આવા કારણોથી કોઈ સ્ત્રી ભોજનાદિ લઈને આવે અને લાવવાનું કારણ કહે.

૩૬૪. સ્વગ્રામ-પરગ્રામ ભેદથી નિશીથ અભ્યાહૃત - એ જ ક્રમે નિશ્ચયથી નિશીથ અભ્યાહૃતમાં પણ હોય છે, એમ જાણવું. જેમાં દાતાનો ભાવ ન જાણી શકાય તે નિશીથ અભ્યાહૃત જાણવું.

મૂળ-૩૬૫ થી ૩૬૮

કોઈ ગામમાં ધનાવહ આદિ ઘણા શ્રાવકો અને ધનવતી આદિ ઘણી શ્રાવિકાઓ રહેતા હતા. તેઓને ત્યાં વિવાહ ઉત્સવ નિમિત્તે ઘણા મોદક વધ્યા. પુન્યાર્થે સાધુને આપવા વિચાર્યું. પણ આધાકર્મીના ભયે કે અપ્કાય આદિ વિરાધનાના ભયે સાધુ આવશે નહિ એમ ધારી, પહેલા બ્રાહ્મણ આદિને આપ્યા, પછી સાધુને વિનંતી કરી કે પધારો સાહેબ, લાભ આપો. સાધુઓએ શુદ્ધ જાણી મોદક ગ્રહણ કર્યા.

નવકારશીના પ્રત્યાખ્યાનવાળાએ તે મોદક વાપરી લીધા, પોરસી પ્રત્યાખ્યાનવાળા પણ ભોજન કરવા

લાગ્યા. પણ પુરિમડ્ઢ પ્રત્યાખ્યાનવાળાને આહાર કરવો બાકી હતો. તેઓએ શ્રાવકોને ઓળખી લીધા કે આ શ્રાવકો આપણા માટે જ આહાર લાવેલ છે. તેથી તેમણે મોદક ન વાપર્યા.

આ પરગ્રામ અભ્યાહૃત નિશીથ નામનો દોષ કહેલ છે. હવે સ્વગ્રામ અભ્યાહૃત નિશીથ દોષ કહે છે–

મૂળ-૩૬૯, ૩૭૦

કોઈ સ્ત્રી બોલી – મેં લહાણી પ્રાપ્ત કરી છે, સંખડીમાં મને ઘણું મળેલ છે. હમણા વંદનાર્થે આવી છું એમ કહીને તે સાધુને અશનાદિ આપે

અથવા સ્વજનને માટે હું મારે ઘેરથી નીકળીને આ લહાણી લઈ ગયેલી, પણ તેમણે લીધું નહીં, તેથી ત્યાંથી અહીં આવી છું. એમ કહીને અશનાદિ આપે.

અથવા સાગારિકાને પહેલા સંકેત કરી રાખેલ સ્ત્રીને આક્રોશ કર્યો, પછી તે ક્રોધ પામી.

મૂળ-૩૭૧, ૩૭૨

ઉક્ત બે પ્રકારનું અભ્યાહૃત અનાચીર્ણ કહ્યું,

હવે આચીર્ણ પણ દેશ અને દેશદેશ એમ બે ભેદે છે. તેમાં સો હાથ સુધી દેશ કહેવાય અને તેની પહેલાં દેશદેશ કહેવાય છે.

તેમાં આચીર્ણમાં જો ઉપયોગપૂર્વક ગ્રહણ કરે તો ત્રણ ઘર સુધી કલ્પે છે.

મૂળ-૩૭૩, ૩૭૪ (પ્રક્ષેપ-૨)

પીરસવાની પંક્તિમાં, દૂર પ્રદેશમાં, ઘંઘસાલના ઘરમાં ૧૦૦ હાથથી આવેલું આચીર્ણ છે, તેને ગ્રહણ કરવું, તે ઉપરાંતનું નિષિદ્ધ છે. સો હાથથી અંદર દેશદેશ થાય છે. તે પણ ઉપયોગપૂર્વક આપે તો લેવું.

મૂળ-૩૭૫

આચીર્ણ અભ્યાહૃત ત્રણ પ્રકારે છે. જઘન્ય– કોઈ સ્ત્રી માત્ર કર પરિવર્તનથી એક હાથમાંથી બીજા હાથમાં લઈ ભોજન આપે તે જઘન્ય આચીર્ણ અભ્યાહૃત.

૧૦૦ હાથ દૂરથી આવેલું હોય તે ઉત્કૃષ્ટ આચીર્ણ અભ્યાહૃત.

અને કર પરિવર્તનથી ૧૦૦ હાથની વચ્ચે વર્તતું હોય તે માધ્યમ આચીર્ણ અભ્યાહૃત.

મૂળ-૩૭૬, ૩૭૭

ઉદ્‌ભિન્ન બે પ્રકારે – પિહિત અને કપાટ.

પિહિત બે ભેદે - પ્રાસુક, અપ્રાસુક. પૃથ્વી આદિ અપ્રાસુક, છાણ દર્દરક આદિ પ્રાસુક જાણવા.

આ પિહિતોદ્‌ભિન્ન અને કપાટોદ્‌ભિન્નમાં દોષો કહે છે.

ઉદ્‌ભિન્નમાં છ કાયની વિરાધના થાય, પુત્રાદિને દેવામાં અને ક્રય-વિક્રયમાં અધિકરણ દોષ લાગે છે. કપાટમાં પણ તે જ દોષો લાગે. યંત્રાદિમાં વિશેષથી દોષો જાણવા.

મૂળ-૩૭૮ થી ૩૮૪

૩૭૮. ઢેકું કે પથ્થર નાંખીને લીંપેલ હોય તે સચિત્ત પૃથ્વીલિપ્ત કહેવાય. સચિત્ત પૃથ્વીનો લેપ ચિરકાળ રહે છે. તુરંતના લીંપેલમાં અપ્‌કાય સંભવે છે.

૩૭૯. લીંપેલમાં કહ્યા તે દોષ લીંપણને ફરી કરવામાં પણ છે. તે આ – જળ વડે આર્દ્ર કરીને લીંપે, લાખને તપાવીને મુદ્રા કરે.

૩૮૦. પહેલા લીંપેલામાં જે કાય વિરાધના કહી, તે પ્રમાણે દાન દઈને ફરી લીંપતા પણ થાય છે. વિશેષ એ કે – છટ્ઠી કાયમાં મુઈંગાદિની વિરાધના જાણવી.

૩૮૧. તે ઉઘાડતા બીજાના કે પોતાના જ ઘરમાં તેલ, મીઠું, ઘી કે ગોળ આપે છે અથવા તે વિક્રય કરે છે. તેના વડે બીજું ખરીદ કરે છે.

૩૮૨. દાનમાં કે ક્રય-વિક્રયમાં અસંયમ ભાવવાળા સાધુને અધિકરણ લાગે છે. ત્યાં મૂઈંગ, મૂષકાદિ જીવો પડે છે, તે પણ અધિકરણ લાગે છે.

૩૮૩. જે રીતે લીંપેલા કુંભાદિક ઉઘાડતા તથા પછીથી લીંપાતા પણ પૃથ્વીકાયાદિની વિરાધના થાય છે, તે રીતે જ કપાટમાં પણ કાય વિરાધના કહેવી.

૩૮૪. કપાટના સંચારથી ગરોળીની વિરાધના થાય છે. પીઠિકાની નીચે કે ઉપર આવર્ત્તન કરવાથી વિરાધના થાય છે. લઈ જતા તેમાં રહેલા ડિંભાદિને પ્રેરતા દોષ લાગે છે.

મૂળ-૩૮૫

કુંચી વિનાના અને હંમેશા ઉઘાડાતા કે બંધ કરાતા કમાડ હોય તો ગ્રહણ કરાય છે, જંતુથી મુદ્રિત ન કરેલા જે દર્દર-વસ્ત્ર હંમેશાં ભોગવાતો હોય અને તેની માત્ર ગાંઠ વાળી હોય તો પણ આહાર લેવો કલ્પે.

મૂળ-૩૮૬ થી ૩૮૯

માલાપહૃત પણ જઘન્ય અને ઉત્કૃષ્ટ બે ભેદે જાણવું. તેમાં પગના અગ્રભાગ અને તળિયા વડે જઘન્ય, તેથી વિપરીત તે ઉત્કૃષ્ટ છે.

જઘન્યમાં ભિક્ષુ અને ઉત્કૃષ્ટમાં ગેરૂક દૃષ્ટાંત છે. તેમાં સર્પનો દંશ અને માળ ઉપરથી પડવું વગેરે દોષો છે.

આ વિષયમાં બે ગાથા છે – ૩૮૮, ૩૮૯ જેમાં દૃષ્ટાંતનું વિવરણ આ પ્રમાણે છે–

જયંતપુર નામે નગર હતું. ત્યાં યક્ષદિન્ન નામે ગૃહપતિ રહેતો હતો. તેને વસુમતી નામે પત્ની હતી.

કોઈ દિવસે ધર્મરુચિ અણગારે ભિક્ષાર્થે પ્રવેશ કર્યો. તેમને મોદક વહોરાવવા કહ્યું. તેણી શિકામાં રહેલા ઘડામાંથી મોદક લેવા ઉભી થઈ. સાધુ માલાપહૃત ભિક્ષા જાણી, નીકળી ગયા.

ત્યાર પછી કોઈ ભિક્ષુ આવ્યો. ભિક્ષુએ પહેલા અનગારની નિંદા કરી અને તે મોદક લેવા તૈયાર થઈ ગયો.

પણ મોદકની સુગંધની ત્યાં એક સર્પ આવેલ હતો અને તે મોદક રાખેલ ઘડામાં બેડી ગયેલ હતો. તે વાતથી અજાણ વસુમતિએ જેવા પગની બે પાનીએ ઊંચા થઈને ઘડામાં હાથ નાંખ્યો, તેવો જ સર્પ તેને ડસ્યો. વસુમતી જમીન ઉપર પડી.

આ રીતે મૃત્યુ આદિનું કારણ બની શકતું હોવાથી માલાપહૃત ભિક્ષા ગ્રહણ ન કરવી જોઈએ.

મૂળ-૩૯૦

આસંદી, પીઠ, માંચો, યંત્ર અને ઉદૂખલ થકી પડતા બંનેનો વધ થાય. સાધુને ભોજનાદિનો વિચ્છેદ થાય, તેના ઉપર દ્વેષ આદિ થાય તથા ઉડ્ડાહ અને અજ્ઞાનવાદ થાય.

મૂળ-૩૯૧

હવે માલાપહૃત દોષ કહે છે. માળા ઉપરથી અથવા ઉંચેથી જો કોઈ આહાર લાવીને આપે તો તે સાધુને લેવો ન કલ્પે. કેમ કે તેમ કરતા વહોરાવનારને પાડવા લાગવાનો કે જીવહાનિનો સંભવ રહે છે.

મૂળ-૩૯૨, ૩૯૩

૩૯૨. ઉર્ધ્વ, અધો, તિર્યક્ એમ ત્રણ પ્રકારે માલાપહૃત હોય છે. ઉર્ધ્વ - ઊંચે ચડવું, અધઃ - નીચે ઊતરવું. ઉભય - કુંભાદિને વિશે કહેલ છે.

૩૯૩. અપવાદ કહે છે – દાદરા, શિલા કે પગથિયા ઉપર ચડીને આપે. પહેલાં ચડેલ દાદરા ઊંચા ન ઉપાડેલા સાધુના પાત્રમાં આપે, તો તે માલાપહૃત દોષ નથી. તે સિવાયનું માલાપહૃત છે.

## મૂળ-૩૯૪

જે પાત્રમાં દૃષ્ટિની ઉપર હાથ ફેલાવીને દેયવસ્તુ ગ્રહણ કરાય તે રીતે ધારણ કરેલ પાત્ર ઉચ્ચ ઉત્ક્ષિપ્ત પાત્ર કહેવાય. તીર્છા, લાંબા કે સરળ હાથ વડે પાત્રને જોતો સાધુ જે ગ્રહણ કરે તે અનુચ્ચ ઉત્ક્ષિપ્ત પાત્ર કહેવાય.

તેમાં ઉચ્ચ ઉત્ક્ષિપ્ત રીતે આહાર ગ્રહણ કરે તો દોષ લાગે. પણ અનુચ્ચ ઉત્ક્ષિપ્ત હોય તો તેમાં માલાપહૃત દોષ ન લાગે.

## મૂળ-૩૯૫ થી ૩૯૮

૩૯૫. આચ્છેદ્ય પણ પ્રભુ, સ્વામી અને ચોર એમ ત્રણ પ્રકારે છે. આ આચ્છેદ્ય નિષિદ્ધ કરેલ છે, તેથી સાધુને ગ્રહણ કરવું ન કલ્પે.

૩૯૬. પ્રભુ વિષયક આચ્છેદ્ય – ગોવાળ, ભૃતક, અક્ષરક, પુત્ર, પુત્રવધૂ વિષયક આચ્છેદ્ય અપ્રીતિ અને કલહ કરાવનાર છે. કોઈ દ્વેષ પામે છે. જેમ ગોવાળ,

૩૯૭, ૩૯૮. આ જ દૃષ્ટાંતને આ બે ગાથા વડે કહે છે, જે આ પ્રમાણે છે.

વસંતપુર નગર, જીનદાસ શ્રાવક અને તેની પત્ની રુક્મિણી રહેતા હતા. તેને ઘેર વત્સરાજ નામે ગોવાળ હતો. તેની સાથે એવી શરત હતી કે દર આઠમે બધી ગાયો અને ભેસોનું દૂધ તે લઇ લે. કોઈ વખતે સાધુ ભિક્ષાર્થે આવ્યા, તે જ દિવસે ગોવાળને દૂધ લઈ જવાનો વારો હતો. ત્યારે જીનદાસ શેઠે ગોવાળનું દૂધ પણ બળાત્કારે લઈને સાધુને આપ્યું. ગોવાળના મનમાં સાધુ પર દ્વેષ થયો. તેના ઘેર ઓછું દૂધ જોઈ બાળકો પણ રડવા લાગ્યા.

ગોવાળ, સાધુને મારવા આવ્યો, સાધુ પણ તેને આવતો જોઈને સમજી ગયા. તેમણે ગોવાળને કહ્યું, ભાઈ ! તારા માલિકના આગ્રહથી અમે દૂધ લીધું હતું, લે તું તે પાછુ લઇ જા. ગોવાળે વાત જતી કરીને કહ્યું કે– હવે ફરી થી આવું ના કરતા. (આવો આચ્છેદ્ય આહાર ગ્રહણ ન કરતા.)

## મૂળ-૩૯૯

અહીં ન ઉપાર્જન કરેલ કંઈપણ પમાતુ નથી, દાસી પણ ભોજન વિના ભોગવી શકાતી નથી. આમ બોલતા બંનેનો કે એકનો પ્રદ્વેષ થાય છે. તથા જે અંતરાય કર્યો, તે પણ દોષ જ છે.

## મૂળ-૪૦૦ થી ૪૦૨

૪૦૦. સ્વામી કે ચારભટો સાધુને જોઈને તેમને માટે દરિદ્રોના ભોજનનું આચ્છેદન કરે, તે સાધુને લેવું ન કલ્પે.

૪૦૧. સાધુને માટે આહાર, ઉપધિ આદિ કોઈ કલહ વડે કે કલહ વિના આચ્છેદન કરે તો તેને ગ્રહણ કરનાર સાધુને આ દોષો લાગે.

૪૦૨. અપ્રીતિ, અંતરાય, સ્તેનાહૃત દોષ લાગે છે. એક કે અનેક સાધુના ભોજનાદિનો વિચ્છેદ થાય, ઉપાશ્રયમાંથી કાઢી પણ મૂકે, ઉપાશ્રય ન હોવાથી કષ્ટ પામે ઈત્યાદિ દોષો લાગે છે.

## મૂળ-૪૦૩ થી ૪૦૬ (પ્રક્ષેપ-૩)

૪૦૩. કોઈ ચોર સાધુને માટે કે પોતાના માટે દરિદ્રી લોકો પાસેથી ઉઠાવીને જે આપે તે સ્તેન આચ્છેદ્ય કહેવાય. તેમાં વિચ્છેદકને પ્રદ્વેષ થાય છે, માટે ન કલ્પે.

પણ જો તેની તેની અનુમતિ હોય તો કલ્પે.

૪૦૪. સાધુને વિશે ભદ્રિક એવા ચોરો, જો સાધુનો નિર્વાહ ન થવાથી આપે તો પણ નિષ્કાસન અને વિચ્છેદન ન થાય, તે માટે ગ્રહણ ન કરે.

૪૦૫, ૪૦૬. અથવા ઘી અને સાથવાના દૃષ્ટાંતે તેઓ અનુજ્ઞા આપે ત્યારે ગ્રહણ કરવું પછી પાછું આપવું,

તેમની પણ અનુજ્ઞા થાય તો ભોજન કરવું.

### મૂળ-૪૦૭ થી ૪૧૨

૪૦૭. અનિસૃષ્ટનો નિષેધ કર્યો છે, પણ સાધુઓને અનુજ્ઞાત કલ્પે છે. તે લાડુ, ચોલક, યંત્ર, સંખડી, દૂધ અને આપણ વિષયક છે.

૪૦૮ થી ૪૧૨. લાડુના વિષયવાળુ સાધારણ અનિસૃષ્ટનું **દૃષ્ટાંત** ચાર ગાથા વડે કહે છે. તે દૃષ્ટાંતનો સાર એ છે કે સાધુએ માલિકની આજ્ઞા વિના અપાયેલ ભોજનાદિ લેવા ન કલ્પે.

મોદકની માફક યંત્ર, સુખડી, દૂધ વગેરેમાં પણ સામાન્યનો નિષેધ છે, સ્વામીની આજ્ઞા હોય તો કલ્પે.

### મૂળ-૪૧૩ થી ૪૧૭

૪૧૩. હવે ચુલ્લક-ભોજન દ્વાર કહે છે, બહુ વક્તવ્યતાથી તેને પાછળ રાખ્યું છે. ગુરુએ ચુલ્લકને બે ભેદે કહેલ છે – સ્વામી સંબંધી, હાથી સંબંધી.

૪૧૪. સ્વામીએ ન આપેલ ક્ષુલ્લક છિન્ન અને અછિન્ન બે ભેદે છે.

તેમાં અચ્છિન્ન પણ નિસૃષ્ટ, અનિસૃષ્ટ બે ભેદે છે.

છિન્નચુલ્લક ગ્રહણ કરવું કલ્પે, અચ્છિન્ન પણ નિસૃષ્ટ હોય તો કલ્પે.

૪૧૫. છિન્ન હોય તે દૃષ્ટ કે અદૃષ્ટ પણ કલ્પે છે,

અછિન્ન જો નિસૃષ્ટ હોય તો કલ્પે. અનુજ્ઞાત દૃષ્ટ કે અદૃષ્ટ ન કલ્પે.

૪૧૬. અનિસૃષ્ટને પછીથી અનુજ્ઞા આપી હોય તો તે ગ્રહણ કરવું કલ્પે.

તે જ પ્રમાણે અદૃષ્ટ પણ કલ્પે છે.

હસ્તીનું ભોજન અનિસૃષ્ટ ન કલ્પે. હાથીએ ન દીઠેલું કલ્પે.

૪૧૭. હાથીનું ભોજન રાજપિંડ છે. તેના ગ્રહણથી ગ્રહણાદિ દોષો, અંતરાય, અદત્તાદાન દોષ લાગે છે. મહાવત પોતાનું ભોજન આપે તો પણ તેના વારંવાર ગ્રહણથી વસતિનું સ્ફોટન થાય છે.

### મૂળ-૪૧૮ થી ૪૨૧

૪૧૮. અધ્યવપૂરક ત્રણ પ્રકારે છે – યાવંતિક, સ્વગૃહમિશ્ર અને પાખંડ. આરંભમાં પહેલાં પોતાના માટે કરીને પછી તે ત્રણેને માટે ઉતારે.

૪૧૯) તંદુલ, જળ, પુષ્પ, ફળ, શાક, બેસન અને લવણ આદિને લાવતી વખતે વિવિધ પરિણામ વડે અધ્યવપૂરક અને મિશ્રજાતનું વિવિધપણુ જાણવુ.

૪૨૦. યાવદર્થિકને વિશે વિશોધિ છે, સ્વગૃહ અને પાખંડી એ બેના મિશ્રમાં પૂતિદોષ છે. તથા વિશોધિવાળુ છિન્ન કાઢીને દેવામાં આવે તો કલ્પે, શેષ ન કલ્પે.

૪૨૧. છિન્નને તે સ્થાનેથી ઉપાડેલ હોય, ભાજનમાંથી જુદુ કરેલ હોય તો શેષ રહેલું કલ્પે છે અથવા આ ભાવનાથી તેટલું આપેલ હોય તો શેષ રહેલું કલ્પે છે.

### મૂળ-૪૨૨ થી ૪૨૪

૪૨૨. ઉક્ત ૧૬-પ્રકારનો ઉદ્‌ગમ બે પ્રકારે છે – વિશોધિકોટિ રૂપ અને અવિશોધિ કોટિરૂપ.

૪૨૩. આધાકર્મ ઔદ્દેશિકના છેલ્લા ત્રણ ભેદ, પૂતિ, મિશ્રજાત, બાદરપ્રાભૃતિકા, અધ્યવપૂરકના છેલ્લા બે ભેદ અવિશોધિકોટિ છે.

૪૨૪. ઉદ્‌ગમકોટિ અવયવ, લેપ, અલેપથી સ્પર્શિત ભોજન ત્રણ કલ્પ કર્યા વિના જે ગ્રહણ કરાય તે પૂતિ, કાંજી, ઓસામણ, ચોખા ધોયેલા પાણી વડે સ્પર્શ કરાયેલ પણ પૂતિ જાણવું.

### મૂળ-૪૨૫ થી ૪૨૭ (ભાષ્ય-૩૭ થી ૩૯)

જેમ લોકમાં સૂકા પણ અશુચિ પદાર્થ વડે સ્પર્શિત વસ્ત્રાદિ ધોવામાં આવે છે તેમ અહીં પણ સૂકા એવા આધાકર્મથી સ્પર્શિત પાત્ર ધોવા જોઈએ.

અલેપવાળુ દ્રવ્ય પણ પાત્રમાં ગ્રહણ કર્યા બાદ તે પાત્ર ધોયા વિના કલ્પતુ નથી, તે લેપવાળા તક્રાદિ તો ક્યાંથી કલ્પે ? તેથી લેપાલેપ કહ્યું છે.

આધાકર્મમાં માત્ર ઓદન જ વર્જશે, તેમ માનીને સૌવીર, આચામ, ચોખાનું ધોવાણ પણ આધાકર્મ ગણાય તેમ જણાવ્યું છે.

### મૂળ-૪૨૮ થી ૪૩૩

૪૨૮. બાકીની વિશોધિકોટિ છે. તેમાં યથાશક્તિ ભોજન-પાન ત્યાગ કર
અથવા ન જાણવાથી મિશ્રદ્રવ્ય થયું હોય તો સર્વેનો વિવેક કરવો.
કંઈક અવયવ તેમાં રહી જાય તો તે શુદ્ધ છે.

૪૨૯. વિવેક ચાર પ્રકારે છે –

૧) દ્રવ્ય વિવેક - જે દ્રવ્ય ત્યાગ કરાય તે.

૨) ક્ષેત્ર વિવેક - જે સ્થાને જે દ્રવ્ય ત્યાગ કરાય તે.

૩) કાળ વિવેક - કાળના વિલંબ વિના ત્યાગ કરાય તે.

૪) ભાવ વિવેક - અશઠ એવો સાધુ જેને દોષવાળુ જુએ તે.

૪૩૦. અહીં શુષ્ક અને આર્દ્રનો સદશપાત કે અસદશ પાત થતા ચાર ભંગ થાય છે. તુલ્યમાં બે ભંગ અને અતુલ્યમાં બે ભંગ.

૪૩૧. ૧) શુષ્કમાં શુષ્ક પડેલ હોય તો સુખે તજી શકાય,
૨) દ્રવને નાંખીને તથા આડ હાથ રાખીને તે દ્રવને કાઢી નાંખવુ.

૪૩૨. ૩) હાથને આડો રાખી જેટલું બની શકે તેટલું ઓદનાદિ બહાર ખેંચી કાઢે.
૪) જો તે વસ્તુ દુર્લભ હોય તો માત્ર તેટલી જ દૂર કરવી. એમ બે ગાથામાં ચૌભંગી કહી.

૪૩૩. નિર્વાહ થતો હોય ત્યારે બધાનો ત્યાગ કરે,
અનિર્વાહમાં ચતુર્ભંગિકાને આદરે,
જેમાં અશઠ હોય તો શુદ્ધ થાય અને માયાવી બંધાય છે.

### મૂળ-૪૩૪, ૪૩૫

૪૩૪. કોટિકરણ બે ભેદે છે – ઉદ્‌ગમ કોટિ અને વિશોધિ કોટિ.
તેમાં ઉદ્‌ગમ કોટિ છ પ્રકારે અને
વિશોધિ કોટિ અનેક પ્રકારે છે.

૪૩૫. હવે તે કોટિ બીજા પ્રકારે કહે છે – નવ, અઢાર, સત્તાવીશ, ચોપન, નેવુ, ૨૭૦ એ ભેદ છે.

### મૂળ-૪૩૬

૧૬-(સોળ) ઉદ્‌ગમના દોષો ગૃહસ્થોથી ઉત્પન્ન થયેલા જાણ.
હવે કહેવાનાર ઉત્પાદનના દોષો સાધુથી ઉત્પન્ન થયેલા જાણ.

### મૂળ-૪૩૭ થી ૪૩૯

૪૩૭. નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવને વિશે ઉત્પાદના જાણવી.

તેમાં દ્રવ્યમાં ત્રણ પ્રકારે અને ભાવમાં સોળ પદ વાળી જાણવી.

૪૩૮. ઔપયાચિતક આદિ વડે અને પુરુષ, અશ્વ તથા બીજ વગેરે વડે પુત્ર, અશ્વ, વૃક્ષાદિની જે ઉત્પાદના તે સચિત્ત છે.

૪૩૯. સોના, રૂપા આદિ મધ્યે ઈચ્છિત ધાતુથી કરેલી ઉત્પત્તિ અચિત્ત હોય છે, તથા ભાંડ - અલંકારાદિ સહિત દ્વિપદ આદિની ઉત્પત્તિ મિશ્ર હોય છે.

મૂળ-૪૪૦

ભાવના વિષયવાળી ઉત્પાદના બે પ્રકારે– પ્રશસ્ત અને અપ્રશસ્ત.

તેમાં ક્રોધાદિ સહિતની ઉત્પાદના અપ્રશસ્ત અને જ્ઞાનાદિ સહિતની ઉત્પાદના તે અપ્રશસ્ત છે.

મૂળ-૪૪૧, ૪૪૨

૧. ધાત્રી, ૨. દૂતી, ૩. નિમિત્ત, ૪. આજીવ, ૫. વનીપક, ૬. ચિકિત્સા, ૭. ક્રોધ, ૮. માન, ૯. માયા, ૧૦. લોભ, ૧૧. સંસ્તવ, ૧૨.વિદ્યા, ૧૩. મંત્ર, ૧૪. ચૂર્ણ, ૧૫. યોગ, ૧૬. મૂળ કર્મ.

આ ઉત્પાદનના દોષો છે.

મૂળ-૪૪૩ થી ૪૪૭

૪૪૩. ક્ષીર, મજ્જન, મંડન, ક્રીડન, અંક ધાત્રી. આ પ્રત્યેક કરવું અને કરાવવું બે પ્રકારે છે.

૪૪૪. બાળકને ધારણ કરે, પોષણ કરે અથવા બાળક તેને ધાવે માટે ધાત્રી કહેવાય. પૂર્વકાળમાં વૈભવાનુસાર પાંચ ધાત્રી રહેતી.

૪૪૫. દૂધના આહારવાળો આ રૂવે છે, તેથી ભિક્ષાની આશા રાખનાર મને ભિક્ષા આપ. પછી તેને સ્તન્ય પાજે. અથવા મને પછી આપજે અથવા મારે ભિક્ષા નથી જોઈતી, હું ફરીથી અહીં આવીશ.

૪૪૬. અપમાન ન કરાયેલો બાળક; બુદ્ધિમાન, અરોગી, દીર્ઘાયુ થાય છે. પુત્રનું મુખ દુર્લભ છે, માટે તેને પા, અથવા હું તેને આપું.

૪૪૭. જો તે ભદ્રિક હોય તો અધિકરણ કરે, અધર્મી હોય તો દ્વેષ કરે. જો બાળક કર્મોદયે ગ્લાન થાય તો ઉડ્ડાહ થાય અથવા ચાટુકારિ છે એમ અવર્ણવાદ થાય. પોતાનો પુરુષ અન્ય શંકા કરે.

મૂળ-૪૪૮ થી ૪૫૩

૪૪૮. ધાત્રીકરણમાં આ બીજો વિકલ્પ છે,

ભિક્ષાચર્યામાં કોઈ સાધુએ કોઈ અધૃતિવાળી શ્રાવિકાને પૂછ્યું – તેણી બોલી દુઃખના સહાયકને દુઃખ કહેવાય. તો આજે મારું ધાત્રીપણું હરણ કરાયું છે.

૪૪૯. તેણીની વચને, ગંડને, સ્થૂલપણાને, કૃશપણાને ન જાણતો સાધુ તે બધું પૂછીને ત્યાં ગયો, તે બાળકને જોઈ ગૃહસ્વામીની સમક્ષ કહેવા લાગ્યો. શું કહેવા લાગ્યો ?

૪૫૦. આ તમારું કુળ હમણા ઉત્પન્ન થયેલ છે કે અજાણ્યુ છે એમ હું માનું છું. પુન્ય વડે કે યદચ્છાથી આ બાળક વડે ક્ષેમ વર્તે છે એમ અમે જાણીએ છીએ.

૪૫૧. સ્થવિરધાત્રી દુર્બળ ક્ષીરવાળી હોય તો બાળક દુર્બળ થાય,

અતિ સ્તનવાળી હોય તો પ્રેરિત મુખવાળો તે ચિપટા મુખવાળો થાય.

કૃશ શરીરી હોય તો અલ્પક્ષીરવાળી હોય,

કૂર્પરસ્તનીમાં સૂચિ મુખવાળો થાય છે.

૪૫૨. જે ધાત્રી જે વર્ણે કરી ઉત્કટ હોય, તેણીને તે વર્ણે કરીને ગર્હા કરે, જેની ગર્હા કરે છે, તેવા જ વર્ણવાળી આગળની હોય તો તેણીને વળી અત્યંત પ્રશસ્ત વર્ણવાળી કહેવા લાગે અને બીજીને દુર્વર્ણવાળી કહે.

૪૫૩. ભ્રષ્ટ કરેલી ધાત્રી પ્રદ્વેષ પામી 'આ જાર છે' એમ અપવાદ આપે. તેને જે વધાદિ કરી શકાય, તે પણ કરે. એ જ પ્રમાણે બીજી ધાત્રી પણ મને વિઘ્ન થશે એમ ધારીને વિષાદિ આપે છે.

## મૂળ-૪૫૪ થી ૪૫૯

૪૫૪. એ જ પ્રમાણે બાકીની ધાત્રીનું પણ કરવું, કરાવવું, પોતાના ઘર વિશે કહેવું. નવી ધાત્રીને ધાત્રીપણાથી ભ્રષ્ટ કરવી આદિ બધું પૂર્વવત્.

૪૫૫. મજ્જન ધાત્રીના દોષ પ્રગટ કરવા સાધુ કહે છે – આ બાળક પૃથ્વી ઉપર લોટે છે, ધૂળથી ખરડાયેલો છે, તેને ન્હવડાવ અથવા હું ન્હવડાવું

અથવા જળથી બીકણ થશે કે વધુ નવડાવતા દુર્બળ કે રક્ત નેત્રી થશે.

૪૫૬. મજ્જનધાત્રી બાળકને માલિશ કરી, સંબાહના કરી, ઉદ્ધર્તન કરી, સ્નાનથી પવિત્ર દેહવાળો કરીને મંડન ધાત્રીને સોંપે છે.

૪૫૭. મંડનધાત્રીત્વ વિશે સાધુ શું કરે ?

પહેલાં ઈષુકાદિ આ આભરણ વડે બાળકને મંડન કર અથવા હું વિભૂષિત કરું.

આ ધાત્રીએ હાથને યોગ્ય ઘરેણા પગમાં કે કંઠને યોગ્ય ઘરેણા પગમાં પહેરાવ્યા છે, તેથી યોગ્ય નથી.

૪૫૮. હવે ક્રીડનધાત્રીના દોષ સાધુ કઈ રીતે કહે –

આ ધાત્રી ઢઙ્ઢર સ્વરવાળી છે, તેથી બાળક ક્લીબ મુખવાળો થાય,

અથવા કોમળ કે અવ્યક્ત વાણીવાળો થશે, માટે તે સારી નથી.

તથા બાળકને ઉલ્લાપનાદિ ક્રિયા પોતે કરે કે બીજા પાસે કરાવે.

૪૫૯. અંકધાત્રીને ધાત્રીપણાથી ભ્રષ્ટ કરવા સાધુ આમ બોલે છે.

સ્થૂળધાત્રી વડે પહોળા પગવાળો થાય,

ભગ્ન કે શુષ્ક કટીવાળી ધાત્રીથી દુઃખ પામે છે.

નિર્માંસ કે કર્કશ હાથ વડે ભીરૂ થાય.

## મૂળ-૪૬૦ થી ૪૬૨ ભાષ્ય-૪૦, ૪૧)

૪૬૦) ક્રીડનધાત્રીપણું કરવાના વિષયમાં દત્ત નામે શિષ્યનું **દૃષ્ટાંત છે, જે વૃત્તિથી** જાણવું.

૪૬૧, ૪૬૨. ભાષ્યકારશ્રીએ આ જ **દૃષ્ટાંતનો સાર** બે ગાથામાં રજૂ કર્યો છે. તેનો અર્થ પણ આ કથામાં આવી જ જાય છે.

## મૂળ-૪૬૩ થી ૪૬૯

૪૬૩. દૂતિ બે ભેદે – સ્વગ્રામદૂતિ, પરગ્રામદૂતિ.

તે તારી માતા કે તારો પિતા એમ કહે તે પ્રગટ છે. ગુપ્ત વચન વડે કહે તે છન્ન છે.

૪૬૪. બંને ભેદો બબ્બે પ્રકારે છે – પ્રગટ અને છન્ન.

છન્ન પણ બે પ્રકારે – લોકોત્તર અને ઉભયપક્ષને વિશે.

૪૬૫. પ્રગટદૂતિત્વ આ પ્રમાણે – ભિક્ષાદિ માટે જતા સાધુ માતાદિનો સંદેશો કહે કે - તારી માતા કે તારો પિતા આમ કહે છે.

૪૬૬. લોકોત્તરમાં છન્નદૂતિત્વ - દૂતિપણું નિંદિત છે એમ જાણતો કોઈ સંદિષ્ટ સાધુ, બીજા સાધુના પ્રત્યયથી

બોલે કે – તારી પુત્રી જિનશાસનમાં અકુશળ છે, જેણીએ મને કહ્યું કે – મારી માતાને આમ કહેજો.

૪૬૭. ઉભયપક્ષમાં છન્નદૂતિત્વ - તમે મારા પિતા કે માતાને કહેજો કે તે કાર્ય તે પ્રમાણે થયું અથવા તે કાર્ય તે પ્રમાણે કરજો.

૪૬૮,૪૬૯. પ્રગટ એવા પરગ્રામ દૂતિપણાને આશ્રીને દૃષ્ટાંત દ્વારા દોષો બતાવે છે. તેમાં એક **દૃષ્ટાંત** છે. જે વૃત્તિમાં સ્પષ્ટ કરેલ છે.

### મૂળ-૪૭૦ થી ૪૭૪

૪૭૦. ત્રણ કાળના વિષયવાળા પણ છ પ્રકારના નિમિત્તને વિશે નિશ્ચે દોષો લાગે છે. તેમાં વર્તમાનકાળે આયુનો ભય તત્કાળ થાય છે.

૪૭૧. લાભાલાભ, સુખ-દુઃખ, જીવિત-મરણ આ છ નિમિત્તો છે.

૪૭૨. નિમિત્ત વડે ભોગિનીને વશ કરી ઈત્યાદિ દૃષ્ટાંત વૃત્તિમાં જોવું.

૪૭૩, ૪૭૪. ભાષ્યકારશ્રીએ આ બે ગાથા ઉક્ત દૃષ્ટાંતનો જ સંક્ષેપ નોંધે છે.

### મૂળ-૪૭૫ થી ૪૮૦

૪૭૫. જાતિ, કુલ, ગણ, કર્મ અને શિલ્પ એ પાંચ પ્રકારે આજીવના છે, તે દરેકના બબ્બે ભેદ છે – આત્માને સૂચા વડે અથવા અસૂચા વડે કહે.

૪૭૬. જાતિ અને કુળને વિશે વિવિધ પ્રકારે બોલવું, ગણ એટલે મલ્લાદિ, કર્મ - ખેતી વગેરે, શિલ્પ-તૂણવું વગેરે અથવા અનાવર્જક તે કર્મ, આવર્જક તે શિલ્પ કહેવાય છે.

૪૭૭. સૂચા - હોમાદિ બરાબર કરવાથી જણાય છે – આ શ્રોત્રિય પુત્ર છે કે ગુરુકુળમાં રહ્યો છે, કે આચાર્યના ગુણ સૂચવે છે.

૪૭૮. આણે ન્યૂન, અધિક કે વિપરીત ક્રિયા કરી તેથી અસમ્યક્ ક્રિયા કરી છે અને સમિધ, મંત્ર, આહૂતિ, સ્થાન, યાગ, કાળ તથા ઘોષાદિકને આશ્રીને સમ્યક્ ક્રિયા કરી એમ કહે.

૪૭૯. ઉગ્રાદિકુળને વિશે પણ એ જ પ્રમાણે જાણવુ. ગણને વિશે મંડલ પ્રવેશાદિ, દેવકુળનું દર્શન, ભાષાનું બોલવું તથા દંડાદિ બધાની પ્રશંસા કરવી.

૪૮૦. એ જ પ્રમાણે કર્મ, શિલ્પ. તેના કર્તાને ઘણા અને વિવિધ પ્રકારના પ્રયોજનની અપેક્ષાવાળી વસ્તુઓને સૂચા અને અસૂચા વડે સારી કે નરસી કહેવી.

### મૂળ-૪૮૧ થી ૪૯૩

૪૮૧. શ્રમણ, બ્રાહ્મણ, કૃપણ, અતિથિ, પાંચમો શ્વાન છે.
પ્રાયઃ આત્માને ભક્તિવાળો દેખાડીને માંગે છે, તેથી વનીપક કહેવાય.

૪૮૨. મૃત માતાવાળા વાછરડા માફક આહારાદિના લોભથી શ્રમણાદિ પાંચેને વિશે પોતાની ભક્તિ દેખાડે તે વનીપક કહેવાય છે.

૪૮૩. નિર્ગ્રન્થ, શાક્ય, તાપસ, ગૈરુક, આજીવક એ પાંચ પ્રકારના શ્રમણ કહેવાય છે.
તેમને ભોજન આપતી વખતે કોઈ સાધુ લોભથી પોતાને ભક્તરૂપે દેખાડે.

૪૮૪. તે માટે ચિત્રકર્મ સ્થિતવત્ ભોજન કરે. વળી, દયાળુ અને દાનરૂચિ વાળા છે,
બ્રાહ્મણોને વિશે પણ આપેલું નાશ પામતું નથી, તો પછી યતિઓમાં આપેલું નાશ ન પામે, તેમાં શું કહેવું ?

૪૮૫. હવે તેના દોષો કહે છે - મિથ્યાત્વનું સ્થિરિકરણ, ઉદ્‌ગમ દોષ, સાધુ શાક્યાદિમાં ચાલી જાય,

'ખુશામતીયા છે' તેવો અવર્ણવાદ થાય. વિપક્ષી થાય તો અવજ્ઞા કરે.

૪૮૬. બ્રાહ્મણ પ્રશંસારૂપ વનીપકપણું – લોકને અનુગ્રહ કરનારા ભૂમિદેવ તેમજ બ્રહ્મબંધુને વિશે પણ આપેલું દાન ઘણા ફળવાળુ થાય છે,

તો ષટ્કર્મમાં તત્પર એવા તેમને વિશે તો કહેવું જ શું ?

૪૮૭. કૃપણ પ્રશંસારૂપ વનીપકત્વ - પૂજા વડે વશ કરાય એવા આ લોકમાં કૃપણ, દુર્મનવાળા, બાંધવરહિત, રોગી, લૂલા, પાંગળાને દાન દેનાર દાનપતાકા ગ્રહણ કરે છે.

૪૮૮. અતિથિ પ્રશંસારૂપ વનીપકત્વ - પ્રાયઃ લોકો ઉપકારીને, પરિચિતને અને આશ્રિતને દાન આપે છે, પણ જે માર્ગથી ખેદ પામેલા અતિથિ પૂજે છે, તે જ દાન કહેવાય.

૪૮૯. શ્વાન પ્રશંસારૂપ વનીપકપણું - ગાય વગેરેને તૃણાદિ આહાર સુલભ છે, પણ છી-છી કરવાપૂર્વક હણાયેલા શ્વાનોને તે સુલભ નથી.

૪૯૦. વળી આ શ્વાનો કૈલાશ ભવનથી આવેલા ગુહ્યક દેવો યક્ષરૂપે પૃથ્વી પર ચાલે છે, તેમની પૂજા હિતકારી છે અને અપૂજા અહિતકારી છે.

૪૯૧. બ્રાહ્મણાદિ વિષયક વનીપકપણાના દોષો - પ્રમાણાદિ વડે આવર્જન કરવા લાયક આ લોકમાં આ સાધુએ મારો ભાવ જાણ્યો છે. તેથી તે પ્રત્યેકને વિશે પૂર્વોક્ત ભદ્રક અને પ્રાંતાદિ દોષો જાણવા.

૪૯૨. શ્વાનના ગ્રહણથી કાકાદિની પણ સૂચના થઈ છે અથવા જે પુરુષ કાકાદિમાં આસક્ત હોય, તેની વનીપકતા કરે છે.

૪૯૩. પાત્ર કે અપાત્રમાં અપાતું દાન નિષ્ફલ નથી, એમ બોલવામાં પણ દોષ છે. તો પછી અપાત્રની પ્રશંસા કરનારને તો નિશ્ચે મહાદોષ લાગે.

### મૂળ-૪૯૪ થી ૪૯૮

૪૯૪. સાધુ બોલે કે – હું વૈદ્ય નથી,

અથવા પોતાના રોગની ક્રિયા કહે

અથવા તો વૈદ્યપણાએ કરીને ચિકિત્સા કરે, એમ ત્રણ પ્રકારે ચિકિત્સા જાણવી.

૪૯૫. ભિક્ષાદિ માટે ગયેલ સાધુ રોગી પૂછે ત્યારે બોલે કે – "શું હું વૈદ્ય છું ?" આમ કહીને અર્થાપત્તિથી અબુધને બોધ કર્યો.

૪૯૬. આવું જ મારું દુઃખ અમુક ઔષધ વડે નાશ પામેલું હતું. અથવા અકસ્માત ઉત્પન્ન થયેલ રોગને અમે અઠ્ઠમાદિથી નિવારીએ છીએ.

૪૯૭. આગંતુક અને ધાતુના ક્ષોભવાળા વ્યાધિમાં જે ક્રિયાને કરે છે તે આ પ્રમાણે સંશોધન, સંશમન અને નિદાનનું વર્જવુ છે.

૪૯૮. આ રીતે ચિકિત્સાથી અસંયમયોગનું નિરંતર પ્રવર્તન, ગૃહસ્થ અયોગોલક સમાન હોવાથી કાયવધ થાય. તેમાં દુર્બળ વાઘનું ઉદાહરણ છે.

અતિરોગનો ઉદય થાય તો ગ્રહણ અને ઉડ્ડાહ થાય.

### મૂળ-૪૯૯ થી ૫૦૨

૪૯૯. હસ્તકલ્પ, ગિરિપુષ્પિત, રાજગૃહ, ચંપા - કરેલા ઘેવર, સેવ, મોદક, સિંહકેસરા આ ચારે ક્રોધાદિ ઉત્પત્તિના કારણો છે.

૫૦૦. સાધુના વિદ્યા અને તપના પ્રભાવને અથવા રાજકુળમાં વલ્લભપણાને અથવા છાતીના બળને જાણી,

તે સાધુને જે પિંડ પ્રાપ્ત થાય તે ક્રોધપિંડ જાણવો.

૫૦૧. અથવા બીજાને દેવાતા પિંડની યાચના કરતો સાધુ તે ન પામવાથી લબ્ધિરહિત હોવાથી કોપ કરે, ત્યારે ગૃહસ્થે ક્રોધનું ફળ દીઠેલું હોવાથી તેની પાસેથી જે પિંડ, સાધુ પામે તે ક્રોધપિંડ કહેવાય.

૫૦૨. મૃતકના ભોજનને આશ્રીને દૃષ્ટાંત છે, તેનો અર્થ વૃત્તિ થકી જાણવો.

## મૂળ-૫૦૩ થી ૫૧૧

૫૦૩. બીજાએ ઉત્સાહ પમાડેલો કે લબ્ધિ અને પ્રશંસા વડે ગર્વિત થયેલો અથવા બીજાએ અપમાન કરેલો સાધુ જે પિંડની એષણા કરે તે માનપિંડ કહેવાય.

૫૦૪ થી ૫૧૧-પૂર્વાર્દ્ધ. આટલી ગાથાઓમાં માનપિંડનું દૃષ્ટાંત છે, તેને વૃત્તિથી જાણવું.

૫૧૧-ઉત્તરાર્દ્ધ. આવો માનપિંડ લેવાથી બેમાંથી એકને પ્રદ્વેષ થાય, આત્માની વિપત્તિ થાય છે અને શાસનનો ઉડ્ડાહ થાય છે.

## મૂળ-૫૧૨ થી ૫૧૮

અષાઢાભૂતિનું દૃષ્ટાંત છે. તેનો ગાથાર્થ વૃત્તિમાં દર્શાવેલ છે તે આ પ્રમાણે–

રાજગૃહી નગર હતું, ત્યાં સિંહરથ રાજા હતો, નગરમાં વિશ્વકર્મા નામે નટ હતો. તે નટને અતિ સુંદર, રૂપમોહીની એવી સર્વાંગ સુંદર એવી બે કન્યાઓ હતી.

ત્યાં વિહાર કરતા ધર્મરુચિ નામે અનાગાર પધાર્યા. તેમને અષાઢાભૂતિ નામે અતિ બુદ્ધિનિધાન એક શિષ્ય હતા. ભિક્ષાર્થે અટન કરતા અષાઢાભૂતિ, વિશ્વકર્મા નટના ઘેર પ્રવેશ્યા. તેને શ્રેષ્ઠ મોદક મલ્યો. બહાર નીકળી તેને વિચાર્યું– આ મોદક તો આચાર્યના ભાગમાં આવશે. રૂપ પરાવર્તાના કરી બીજો મોદક માંગુ. કાણાનું રૂપ લઇ બીજો મોદક મેળવ્યો. ફરી વિચાર્યું– આ તો ઉપાધ્યાયનો થશે.... એ પ્રમાણે રૂપ પરાવર્તના કરી કરીને તેણેચાર–પાંચ મોદક પ્રાપ્ત કરી લીધા.

ઉપર બેઠા બેઠા વિશ્વકર્મા નટ આ બધું જોતો હતો. તેને વિચાર્યું કે આ તો અમારે ત્યાં મોટો નટ થઇ શકે. માળેથી ઉતરી, અષાઢાભૂતિને આદર પૂર્વક બોલાવી, તેનું પાત્ર મોદકથી ભરી દીધું. વિનંતી કરી કે આપ રોજ અમારે ત્યાં આહાર અર્થે પધારજો. પોતાની બંને પુત્રીઓને પણ કહ્યું કે તમે આ સાધુને દાન આપી, પ્રીતિ દેખાડી ગમે તે રીતે પણ વશ કરી લેજો. અષાઢાભૂતિને ગમે તે રીતે વશ કરી, પોતાની સાથે પરણવા વિનંતી કરી.

અષાઢાભૂતિનું પણ ચારિત્રાવરક કર્મ ઉદયમાં આવ્યું, વિવેક જતો રહ્યો.નાત કન્યાનો સ્વીકાર કર્યો અને ગુરુ પાસે જઈને અનુક્રમે સાધુ વેશ મૂક્યો.

આ રીતે માયાપિંડ અષાઢાભૂતિને સંયમભ્રષ્ટતાનું કારણ બન્યો, માટે માયાપીંડ ન લેવો જોઈએ.

૫૧૯. આજે હું અમુક વસ્તુ ગ્રહણ કરીશ એમ ધારી પ્રાપ્ત થતી એવી પણ બીજી વસ્તુ ગ્રહણ ન કરે, તે લોભપિંડ. અથવા આ સારા રસવાળું છે એમ જાણીને સ્નિગ્ધાદિ ગ્રહણ કરે તે લોભપિંડ.

૫૨૦, ૫૨૧. આ વિષયમાં સિંહ કેસરા મોદક વિષયક **દૃષ્ટાંત છે, તેનો ગાથાર્થ વૃત્તિમાં** સમાયેલ છે.

## મૂળ-૫૨૨ થી ૫૩૧

૫૨૨. સંસ્તવ બે ભેદે છે – સંબંધી સંસ્તવ, વચન સંસ્તવ. તે દરેકના બે ભેદ છે - પૂર્વ અને પશ્ચાત્.

૫૨૩. માતાપિતાદિ પૂર્વ સંસ્તવ છે અને સાસુ-સસરાદિ પશ્ચાત્ સંસ્તવ છે. તેમાં સાધુ ગૃહસ્થ સાથે પૂર્વ કે પશ્ચાત્ સંસ્તવના સંબંધને કરે.

૫૨૪. કેવી રીતે પરિચય કરે ?

પોતાની વય અને પરની વય જાણીને તેને યોગ્ય સંબંધ દેખાડે, કે – મારી માતા આવી હતી કે બહેન કે

પુત્રી કે પૌત્રી આવી હતી.

પ૨૫. પૂર્વરૂપ સંબંધી સંસ્તવ – કોઈ સાધુ અધીરજ વડે નેત્રમાં અશ્રુ લાવે, પૂછતા કહે કે, મારી માતા આવી જ હતી, ત્યારે તે સ્તનક્ષેપ કરે, પરસ્પર સંબંધ થાય, વિધવા સ્નુષાદિનું દાન કરે.

પ૨૬. પશ્ચાત્ સંસ્તવના આ દોષો 'આ મારી સાસુ જેવી છે' કહેતા વિધવાદિ પુત્રીનું દાન કરે 'આવી મારી ભાર્યા હતી' કહેવાથી તત્કાળ ઘાત કે વ્રતભંગ થાય. અસાધારણ દોષ કહી હવે સાધારણ દોષ કહે છે –

પ૨૭. આ માયાવી અને ચાટુકારી સાધુ અમને વશ કરે છે, એમ નિંદા કરે, જો તે અધર્મી હોય તો કાઢી મૂકે, ભદ્રિક હોય તો પ્રતિબંધ થાય.

પ૨૮. પૂર્વરૂપ વચન સંસ્તવ - પહેલાં છતા કે અછતા ગુણસંસ્તવ વડે જે સાધુ દાન કર્યા પહેલાં દાતાની સ્તુતિ કરે તે પૂર્વ સંસ્તવ કહેવાય.

પ૨૯. તે જ આ છે કે – જેના ગુણો દશે દિશામાં ન નિવાર્યા છતાં પ્રસરે છે, અન્યથા કથામાં અમે સાંભળ્યા છે, તે અત્યારે અમે પ્રત્યક્ષ તમને જોયા છે.

પ૩૦. ભોજનાદિ આપ્યા છતા કે અછતા ગુણોની સ્તુતિ વડે દાતાની સ્તુતિ કરાય, તેને પશ્ચાત્ સંસ્તવ કહેવાય છે.

પ૩૧. આજે તમે મારા ચક્ષુ નિર્મળ કર્યા. તમારા યથાર્થગુણો સર્વત્ર વિસ્તાર પામેલા છે, પહેલાં મને શંકા હતી. હવે મારું મન નિઃશંક થયું છે.

### મૂળ-પ૩૨ થી પ૩૭

પ૩૨. વિદ્યા અને મંત્રની પ્રરૂપણા કરવી. વિદ્યામાં ભિક્ષુપાસકનું **દષ્ટાંત** છે, મંત્રમાં શિરોવેદનામાં મુરૂંડ રાજાનું દષ્ટાંત છે.

પ૩૩, પ૩૪. આ બંને ગાથાનો અર્થ **વૃત્તિમાં દષ્ટાંત** સહ સમાવાઈ જાય છે. તેમાં દોષો કહે છે –

પ૩૫. પ્રતિવિદ્યા દ્વારા તે કે બીજો તેનું સ્તંભનાદિ કરે. તથા આ પાપ વડે જીવનારા માયાવી અને કામણગારા છે, એમ લોકમાં જુગુપ્સા અને ગ્રહણાદિ થાય.

પ૩૬. મંત્રના વિષયનું **દષ્ટાંત છે. જેનો અર્થ વૃત્તિમાં** જોવો.

પ૩૭. તેના દોષો - પ્રતિમંત્ર વડે તે અથવા બીજો તેનું સ્તંભનાદિ કરે ઇત્યાદિ ગાથાર્થ-પ૩પ મુજબ જાણવું.

### મૂળ-પ૩૮ થી પ૪૨

પ૩૮. અદૃશ્ય કરનાર ચૂર્ણમાં ચાણક્યનું, પાદલેપરૂપ યોગમાં સમિતસૂરિનું, મૂલકર્મ-વિવાહ, ગર્ભ પરિશાટનમાં બે યુવતીનું દષ્ટાંત છે.

પ૩૯ થી પ૪૧. આ ત્રણ ગાથામાં દષ્ટાંત છે, અર્થ વૃત્તિમાં જોવો.

પ૪૨. વિદ્યા અને મંત્રને વિશે જે દોષો કહ્યા, તે જ વશીકરણાદિ ચૂર્ણોને વિશે પણ જાણવા. એક કે અનેક ઉપર પ્રદ્વેષ કરે કે નાશ પણ થાય.

### મૂળ-પ૪૩ થી પ૪૭ (પ્રક્ષેપ-૬)

પ૪૩. સૌભાગ્ય અને દૌર્ભાગ્ય કરનારા યોગો આહાર્ય, અનાહાર્ય એમ બે ભેદે છે. તેમાં આઘર્ષ અને ધૂપવાસ આહાર્ય છે અને પાદલેપાદિ યોગ અનાહાર્ય છે

પ૪૪ થી પ૪૬. પાદલેપન યોગનું દષ્ટાંત છે, જેનો ગાથાર્થ વૃત્તિમાં સમાવિષ્ટ છે.

પ૪૭. આ એક પ્રક્ષેપ ગાથા છે. જે મૂલકર્મ સંબંધી છે. જે હવે પછીના દ્વારમાં કહેવાશે.

### મૂળ-પ૪૮ થી પપ૪

૫૪૮. ભિન્ન યોનિક કન્યા સંબંધે દૃષ્ટાંત છે, વૃતિ થકી ગાથાર્થ જાણવો.

૫૪૯. તેમાં પ્રદ્વેષ અને ઉડ્ડાહ નામે દોષ લાગે છે.

૫૫૦. વિવાહ સંબંધે પુત્રીનું દૃષ્ટાંત છે.

૫૫૧. વિવાહ સંબંધે પુત્રનું દૃષ્ટાંત છે. ગાથાર્થ, વૃત્તિથી જાણવો.

૫૫૨, ૫૫૩. આદાન અને પરિસાડ બે અવયવની વ્યાખ્યા એક દૃષ્ટાંત દ્વારા કહી છે. ગાથાર્થ વૃત્તિમાં છે.

૫૫૪. મૂલકર્મમાં દોષ – સંખડી કરવામાં છકાયની વિરાધના થાય, એકમાં કામની પ્રવૃત્તિ કરે, એકમાં ઉડ્ડાહાદિ થાય. એકમાં યાવજ્જીવ ભોગાંતરાય થાય છે.

## મૂળ-૫૫૫ થી ૫૫૭

૫૫૫. એ પ્રમાણે ઉદ્‌ગમ અને ઉત્પાદનાથી વિશુદ્ધ, ગવેષણા કરેલ તથા ગ્રહણની વિશોધિએ કરીને વિશુદ્ધ એવા પિંડનું ગ્રહણ થાય છે.

૫૫૬. સાધુથી ઉત્પન્ન થયેલા દોષો ઉત્પાદનાના છે, એમ તું જાણ. પોતાથી અને પરથી ઉત્પન્ન થયેલા દોષો ગ્રહણૈષણાના છે, તેને હું કહીશ.

૫૫૭. શંકિત તથા ભાવથી અપરિણત બે દોષો સાધુથી ઉત્પન્ન થયેલા છે, બાકીના આઠે દોષો નિશ્ચયથી ગૃહસ્થ વડે ઉત્પન્ન થયેલા તું જાણ.

## મૂળ-૫૫૮

૫૫૮. ગ્રહણ એષણાના નિક્ષેપા – નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ એ ચાર ભેદે છે. તેમાં દ્રવ્યના વાનરયૂથ-દૃષ્ટાંત અને ભાવમાં દશ પદો છે.

## મૂળ-૫૫૯ થી ૫૬૧

દ્રવ્ય ગ્રહણૈષણા સંબંધે વાનરજૂથનું ઉદાહરણ આ ત્રણ ગાથામાં છે. તે દૃષ્ટાંત વૃત્તિ થકી જાણવું.

## મૂળ-૫૬૨

અપ્રશસ્ત ભાવ ગ્રહણૈષણા માં શંકિત આદિ દશ ભેદો છે. ૧.શંકિત, ૨.મ્રક્ષિત, ૩.નિક્ષિપ્ત, ૪.પીહિત. ૫.સંહૃત, ૬. દાયક, ૭. ઉન્મિશ્રીત, ૮.અપરિણત, ૯.લિપ્ત, ૧૦. છર્દિત.

## મૂળ-૫૬૩ થી ૫૭૨

૫૬૩. શંકિતમાં ચતુર્ભંગી છે. તેમાં બેમાં, (ગ્રહણમાં અને ભોજનમાં) દોષ લાગે છે. પચીશમાંથી જે દોષની શંકાને પામે તે દોષ લાગે છે. માત્ર છેલ્લો ભંગ શુદ્ધ છે.

૫૬૪. આધાકર્માદિ ૧૬-ઉદ્‌ગમ દોષો, મ્રક્ષિતાદિ નવ એષણા દોષો એ કુલ ૨૫-દોષો છે, છેલ્લો ભંગ શુદ્ધ છે.

૫૬૫. ઉપયોગવંત અને ઋજુ એવો શ્રુતજ્ઞાની છદ્મસ્થ સાધુ પ્રયત્નથી ગવેષણા કરતો પચીશમાંથી કોઈ દોષને પામે તો પણ શ્રુતજ્ઞાનના પ્રમાણપણાથી શુદ્ધ છે.

૫૬૬. સામાન્યથી શ્રુતમાં ઉપયોગવંત શ્રુતજ્ઞાની જો કે - અશુદ્ધને ગ્રહણ કરે તો તેનો કેવળી પણ આહાર કરે છે. અન્યથા શ્રુત અપ્રમાણરૂપ થાય.

૫૬૭. શ્રુતના અપ્રમાણમાં ચારિત્રનો અભાવ થાય, તેથી મોક્ષનો અભાવ થાય, મોક્ષનો અભાવ થતા દીક્ષાની પ્રવૃત્તિ નિરર્થક બને છે.

૫૬૮. પહેલાં ભંગનો સંભવ – કોઈ લજ્જાળુ સાધુ 'કેમ તમે ઘણી ભિક્ષા આપો છો ?' એમ પૂછવા સમર્થ નથી, તેથી શંકા વડે ગ્રહણ કરીને શંકાવાળો જ તેનો આહાર કરે છે.

૫૬૯. બીજો ભંગ – શંકિત હૃદયથી ગ્રહણ કરી, તે બીજા સાધુએ શોધી, કંઈક પ્રકરણ અથવા પ્રહેણક છે તે

સાંભળીને શંકા રહિત વાપરે.

૫૭૦. ત્રીજો ભંગ – આલોચના કરતા બીજા સાધુને સાંભળી પોતે વિચાર કરે છે કે –

અમુક ઘેર મેં જેવી ઘણી ભિક્ષા પ્રાપ્ત કરી છે, તેવી જ બીજાએ પણ પ્રાપ્ત કરી છે." એમ શંકા સહિત ખાનાર સાધુ.

૫૭૧. જો શંકા જ દોષ કરનારી હોય, તો એ પ્રમાણે શંકાવાળુ શુદ્ધ છતાં પણ અશુદ્ધ થશે તથા અનેષણીય પણ શંકારહિતપણે અન્વેષિત કરેલું શુદ્ધ થશે.

૫૭૨. આચાર્ય કહે છે કે તારી શંકા ઠીક છે, તો પણ - બેમાંથી એકે પક્ષમાં ન પડેલો અશુદ્ધ પરિણામ એષણીયને અનેષણીય કરે છે

અને વિશુદ્ધ પરિણામ અનેષણીયને એષણીય કરે છે.

## મૂળ-૫૭૩ થી ૫૮૧

૫૭૩. મ્રક્ષિત બે ભેદે છે – સચિત્ત અને અચિત્ત. સચિત્ત ત્રણ ભેદે અને અચિત્ત બે ભેદે છે.

૫૭૪. સચિત્ત મ્રક્ષિત ત્રણ ભેદે – પૃથ્વી, અપ્, વનસ્પતિ.

અચિત્ત મ્રક્ષિત બે ભેદે – ગર્હિત અને અગર્હિત.

કલ્પ્યાકલ્પ્યની વિધિમાં ભજના.

૫૭૫. જે રજ સહિત શુષ્ક વડે અને આર્દ્ર પૃથ્વીકાય વડે મ્રક્ષિત હોય તે સર્વ સચિત્ત મ્રક્ષિત છે.

હવે અપ્કાય મ્રક્ષિતને કહીશ.

૫૭૬. પુરઃકર્મ, પશ્ચાત્કર્મ, સસ્નિગ્ધ, ઉદકાર્દ્ર એ ચાર અપ્કાયના ભેદો છે.

પ્રત્યેક અને અનંત વનસ્પતિકાયના ઉત્કૃષ્ટ રસ વડે આલિપ્ત જે હસ્તાદિક છે, તે વનસ્પતિકાય મ્રક્ષિત કહેવાય છે.

૫૭૭. બાકીના તેઉ, વાયુ, ત્રસ એ ત્રણ કાય વડે સચિત્ત, મિશ્ર કે આર્દ્રતારૂપ મ્રક્ષિત હોતું નથી.

૫૭૮. સચિત્ત મ્રક્ષિત એવા હસ્ત, પાત્રને વિશે ચાર ભંગ થાય છે તેમાં પહેલા ત્રણ ભંગનો નિષેધ છે, છેલ્લા ભંગને વિશે અનુજ્ઞા છે.

૫૭૯. અચિત્ત મ્રક્ષિતને આશ્રીને ચાર ભંગોમાં ભજના છે, એટલે કે અગર્હિતનું ગ્રહણ અને ગર્હિતનો નિષેધ છે તેમ જાણવું.

૫૮૦. સંસક્ત જીવવાળા અને અગર્હિત એવા પણ ગોરસ અને દ્રવ વડે મ્રક્ષિતને વર્જવું તથા મધુ-ઘી-તેલ-ગોળ વડે મ્રક્ષિત વર્જવું. કેમ કે માખી અને કીડીનો ઘાત ન થાઓ.

૫૮૧. લોકમાં ગર્હિત એવા પણ માંસ, ચરબી, શોણિત, મદિરા વડે મ્રક્ષિત હોય તે વર્જવું. બંનેને વિશે ગર્હિત એવા મૂત્ર, વિષ્ટાથી સ્પર્શિત પણ વર્જવું.

## મૂળ-૫૮૨ થી ૫૮૬

૫૮૨. કાયમાં નિક્ષિપ્ત બે ભેદે – સચિત્તમાં, મિશ્રમાં.

તે પ્રત્યેક બે પ્રકારે – અનંતર, પરંપર.

૫૮૩. પૃથ્વી, અપ્, તેઉ, વાયુ, વનસ્પતિ, ત્રસ તે પ્રત્યેકના બે ભેદ – અનંતર, પરંપર. અગ્નિકાયના સાત ભેદો.

૫૮૪. સચિત્ત પૃથ્વીકાયમાં સચિત્ત પૃથ્વીકાય નાંખ્યો, એ પ્રમાણે અપ્, તેઉ, વનસ્પતિ, વાયુ અને ત્રસકાયમાં જાણવુ.

૫૮૫. એ પ્રમાણે બાકીનાનો પણ જીવનિકાયમાં નિક્ષેપ હોય છે. તેમાં એક એક ભંગ પોતાના સ્થાનમાં અને

પાંચ-પાંચ ભંગ પરસ્થાનમાં હોય છે.

૫૮૬. એ જ પ્રમાણે મિશ્રમાં પણ ૩૬-ભેદો કહેવા.

એ પ્રમાણે સચેતનમાં મિશ્રના ૩૬-ભેદો કહેવા.

એમ જ મિશ્રના મિશ્રને કહેવા. એ જ પ્રમાણે સચિત્ત અને મિશ્રના અચિત્તમાં કહેવા.

## મૂળ-૫૮૭, ૫૮૮

૫૮૭. જે નિક્ષેપમાં સચિત્ત અને મિશ્રને આશ્રીને ચઉભંગી કહી છે, તેમાં ચાર ભંગમાં અનંતર અને પરંપર તથા પરિત્ત અને અનંત વનસ્પતિ અગ્રાહ્ય છે.

૫૮૮. અથવા અહીં ચૌભંગી જુદી રીતે થાય છે. તેમાં એક પક્ષમાં સચિત્ત-મિશ્ર અને એક પક્ષમાં અચિત્ત. પહેલાં ત્રણ ભંગની વાત જ નથી.

## મૂળ-૫૮૯, ૫૯૦

૫૮૯. વળી, જે કોઈ અચિત્ત દ્રવ્ય સચિત્ત કે મિશ્રમાં નિક્ષેપ કરાય છે, ત્યાં આ અનંતર અને પરંપર વડે માર્ગણા હોય છે.

૫૯૦. પૃથ્વી ઉપર સ્થાપિત અવગાહિમાદિ અનંતર છે, પૃથ્વી ઉપર રહેલા તપેલી આદિમાં સ્થાપન કરેલ તે પરંપર છે.

માખણ આદિ જલમાં નાંખેલ હોય તે અનંતર, નાવ આદિમાં મૂકેલ હોય તે પરંપર કહેવાય છે.

## મૂળ-૫૯૧ થી ૫૯૪

૫૯૧. વિધ્યાત, મુર્મુર, ઇંગાલ, અપ્રાપ્ત, પ્રાપ્ત, સમજવાલ અને વ્યુત્ક્રાંત એમ સાત પ્રકારનો અગ્નિ છે. તે બે પ્રકારે છે, તેમાં લીંપેલા યંત્રને વિશે યતનાથી ગ્રહણ કરાય છે.

૫૯૨. અગ્નિ સ્પષ્ટ દેખાતો ન હોય, પણ ઇંધણ નાંખવાથી દેખાય તેવો હોય તો વિધ્યાત કહેવા. કંઈક પીળા અગ્નિના કણીયા મુર્મુર કહેવાય, જ્વાલારહિત તે અંગાર કહેવાય.

૫૯૩. જ્વાલા થાળી આદિ સુધી ન પહોંચે તો ચોથા અપ્રાપ્ત ભેદમાં અને પ્રાપ્ત થઈ હોય તો પાંચમાં ભેદમાં જાણવું. છઠ્ઠા ભેદમાં કર્ણ સુધી જ્વાલા જાય તે અને છેલ્લા ભેદમાં કર્ણથી ઉપર અદિક જ્વાલા જાય તે.

૫૯૪. તે કટાહ ચારે પડખે લીંપેલ હોય, રસનું પરિશાટન થતું ન હોય, તે કટાહ પણ વિશાળ હોય, તે ઇક્ષુરસ પણ તુરંત નાંખેલ હોય અને અતિ ઉષ્ણ ન હોય તો કલ્પે.

## મૂળ-૫૯૫ થી ૫૯૯

૫૯૫. ઉષ્ણોદક પણ ગુડરસથી પરિણામ પામેલું અતિ ઉષ્ણ ન હોય તો પણ કલ્પે છે, વળી જે પિઠરના કર્ણ ઘસાયા વિના અપાય તે કલ્પે છે, કેમ કે ઘસાવાથી લેપ કે જળના પડવાથી અગ્નિની વિરાધના ન થાય.

૫૯૬. પાર્શ્વે લીંપેલ કટાહ, અનતિઉષ્ણ ઇક્ષુરસ, અપરિશાટ અને અઘટ્ટંત આ ચાર પદ વડે સોળ ભંગ થાય છે. તેમાં પહેલાં ભંગમાં અનુજ્ઞા છે, શેષ ભંગોમાં અનુજ્ઞા નથી.

૫૯૭. પદની જેટલા દ્વિક સ્થાપવા, તેને ગુણવાથી ભંગોનું માન થાય છે. તેની રચના એક આંતરાવાળા લઘુ, ગુરુ, મૂકવા ઇત્યાદિથી થાય છે.

૫૯૮. અતિ ઉષ્ણ દેતા બે પ્રકારની વિરાધના,

છર્દન થવાથી હાનિ તથા પાત્રનો ભેદ થાય.

વાયુએ ઉપાડેલી પર્પટિકા અનંતર છે અને બસ્તીમાં રહેલ પરંપર છે.

૫૯૯. વનસ્પતિમાં હરિતાદિક ઉપર અપૂપાદિક અનંતર નિક્ષિપ્ત છે. પીઠરાદિમાં નાંખેલ પરંપર છે.

તથા પીઠ ઉપર મૂકેલ અપૂપાદિ અનંતર છે અને ભરક કે કુતુપાદિમાં મૂકેલ તે પરંપર છે.

### મૂળ-૬૦૦ થી ૬૦૪

૬૦૦. સચિત્ત, અચિત્ત અને મિશ્ર વડે પિહિતને આશ્રીને ચૌભંગી થાય છે. તેમાં પહેલાં ત્રણને વિશે પ્રતિષેધ છે અને છેલ્લા ભંગને વિશે ભજના છે.

૬૦૧. જે પ્રમાણે નિક્ષિપ્ત દ્વારમાં સંયોગો અને ભંગો કહ્યા છે, તે જ પ્રમાણે આ પિહિતદ્વારમાં જાણવુ. ત્રીજા ભંગમાં આટલું વિશેષ છે.

૬૦૨. અંગારધૂપિતાદિ અનંતર પિહિત છે અને સરાવાદિ સાંતર પિહિત છે તથા તેને વિશે જે વાયુ સ્પૃષ્ટ છે, તે અનંતર છે અને બસ્તિ વડે પિહિત હોય તે પરંપર છે.

૬૦૩. વનસ્પતિકાયમાં ફલાદિ વડે સ્પષ્ટ રીતે પિહિત હોય તે અનંતર છે. છબ્બકાદિમાં રહેલ તે પરંપર છે. ત્રસકાય વિષયમાં કચ્છપ અને સંચારાદિ વડે પિહિત હોય તે અનંતર અને બીજું પરંપર જાણવું.

૬૦૪. અચિત્ત વસ્તુ પિહિત હોતા ગુરુ ગુરુ વડે, ગુરુ લઘુ વડે, લઘુ ગુરુ વડે, બંને લઘુ એમ ચતુર્ભંગી થાય છે. તેમાં બે ભંગ અગ્રાહ્ય છે.

### મૂળ-૬૦૫ થી ૬૧૩

૬૦૫. સચિત્ત, અચિત્ત અને મિશ્ર સંહૃતને વિશે ચાર ભંગ છે. તેમાં પહેલાં ત્રણમાં પ્રતિષેધ છે, છેલ્લા ભંગમાં ભજના છે.

૬૦૬. જે પ્રકારે નિક્ષિપ્ત દ્વારમાં સંયોગો અને ભંગો કહ્યા છે, તે જ અહીં સંહૃત દ્વારમાં કહેવા. તેમાં ત્રીજા ભંગમાં વિશેષતા છે.

૬૦૭. જે પાત્રમાં દેનારી આપવાની છે, તે પાત્રમાં કંઈક ન દેવા લાયક જે અશનાદિ હોય તેને બીજા સ્થાને નાંખીને તે પાત્ર વડે આપે તે સંહરણ કહેવાય.

૬૦૮. તે સંહરણ પૃથ્વી આદિ છ એ કાયને વિશે હોય છે તથા જે સંહરણ બંને પ્રકારે અચિત્તને સચિત્તમાં સંહરે તેમાં ચાર ભાંગા હોય.

૬૦૯. તે ભંગો – ૧) શુષ્કમાં શુષ્ક, ૨) શુષ્કમાં આર્દ્ર,
૩ ) આર્દ્રમાં શુષ્ક, ૪) આર્દ્રમાં આર્દ્ર.

૬૧૦. શુષ્કાદિ ચાર ભંગમાં પ્રત્યેક ભંગને વિશે ચતુર્ભંગી થાય છે. તે સ્તોક અને બહુના ભેદથી જાણવું.

૬૧૧. જે ભંગમાં સ્તોકમાં સ્તોક, શુષ્કમાં શુષ્ક કે આર્દ્ર આપવામાં આવે તે ગ્રાહ્ય છે. કેમ કે જો તે આદેયવસ્તુ બહુ ભાર રહિત હોય તો તેને ઠેકાણે નાંખી અન્ય વસ્તુ આપે છે તો તે કલ્પે છે.

૬૧૨. અકલ્પ્ય ભંગમાં આ દોષો છે – મોટું ભાજન લેતા મૂકતા દેનારીને પીડા થાય, સાધુ લોભી દેખાય, પાત્ર નાશ થાય તો દાઝે, અપ્રીતિ, વિચ્છેદ, છકાય વધ થાય.

૬૧૩. સ્તોકમાં સ્તોક નાંખેલ હોય, તે પણ શુષ્કમાં આર્દ્ર હોય તો તે આચીર્ણ છે, પણ બહુક હોય તો કૃત દોષ છે, માટે અનાચીર્ણ છે.

### મૂળ-૬૧૪ થી ૬૧૯

સંહૃત દ્વાર કહ્યું.

દાયક નામે છટ્ઠું દ્વાર છ ગાથાથી કહે છે. તે આ પ્રમાણે –

૧ થી ૫) બાલ, વૃદ્ધ, મત્ત, ઉન્મત્ત, કંપતો,

૬ થી ૧૦) જ્વરવાળો, અંધ, પ્રગલિત, પાદુકારૂઢ, હાથના બંધનવાળો,

૧૧ થી ૧૫) નિગડ બંધનવાળો, હાથ કે પગ રહિત, નપુંસક, ગર્ભિણી, બાલવત્સા,

૧૬ થી ૨૦) ભોજન કરતી, દહીં વલોવતી, ભુંજતી, દળતી, ખાંડતી,

૨૧ થી ૨૫) પીસતી, પીંજતી, લોઢતી, કાંતતી, પીંખતી,

૨૬ થી ૩૦) છ કાય સહિત હાથવાળી, છ કાયને સાધુને માટે પૃથ્વી ઉપર નાંખતી, છ કાયને પગ વડે ચલાવતી, તેનો જ સંઘટ્ટો કરતી, તેનો જ આરંભ કરતી,

૩૧ થી ૩૫) સંસક્ત દ્રવ્ય વડે લીંપેલા હાથવાળી, તેના વડે ખરડેલા પાત્રવાળી, ઉદ્ધર્તના કરતી, સાધારણ ભોજનાદિને આપતી, ચોરેલ વસ્તુ આપતી,

૩૬ થી ૪૦) પ્રાભૃતિકાને સ્થાપન કરતી, અપાયવાળી, અન્યનું ઉદ્દિષ્ટ આપતી, આભોગથી આપતી અને અનાભોગથી આપતી. આ દોષો વર્જવાના છે.

### મૂળ-૬૨૦, ૬૨૧

૬૨૦. આ દાયકો(આહાર દાન દેનારાઓ) મધ્યે કેટલાંક પાસેથી ગ્રહણ કરવાની ભજના છે, કેટલાક પાસેથી ગ્રહણ ન કરાય. તેથી વિપરીત વિશે ગ્રહણ હોય છે.

૬૨૧. બાલને આશ્રીને દોષ વિશે દૃષ્ટાંત છે, જેનો અર્થ વૃત્તિથી જાણવો.

### મૂળ-૬૨૨ થી ૬૨૫

૬૨૨. સ્થવિર હોય તે ગળતી લાળવાળો હોય, હાથ કંપતા હોય અથવા દેતો એવો તે પડી જાય, આ તો અસ્વામી છે, એમ ધારીને એકને કે બંનેને વિશે દ્વેષ થાય.

૬૨૩. આલિંગન, ઘાત, પાત્રભેદ, વમન, અશુચિ છે એમ લોકની ગર્હા એ દોષો મત્તને વિશે છે. વમનને વર્જીને બધા જ દોષો ઉન્મત્તને વિશે છે.

૬૨૪. કંપતા પાસેથી ગ્રહણ કરતા તે વસ્તુનુ પરિશાટન થાય અથવા પાત્રની પડખે તે વસ્તુ પડી જાય કે પાત્રનો ભંગ થાય. એ જ દોષો જ્વરિતમાં છે, વળી જ્વરનો સંક્રમ અને ઉડ્ડાહ થાય.

૬૨૫. અંધ પાસે ભિક્ષા ગ્રહણમાં ઉડ્ડાહ, કાયવધ, પોતે પડે અને વસ્તુ પાત્રની બહાર પડે. અતિ ઝરતા લોહીવાળો કે ચામડીના દોષવાળામાં વ્યાધિ સંક્રમે.

### મૂળ-૬૨૬ થી ૬૩૦

૬૨૬. પાદુકારૂઢને પડવાનું થાય, બદ્ધ પાસે લેતા તેને પરિતાપ થાય, અશુચિથી જુગુપ્સા થાય. હાથ છેદાયેલા પાસેથી લેતા જુગુપ્સા થાય. પગ છેદાયેલા પાસે લેતા જુગુપ્સા તથા પડવાનું બંને.

૬૨૭. નપુંસક ભિક્ષા આપતો એવો પોતાને, પરને, ઉભયને દોષ લાગે. વારંવાર ભિક્ષા લેવાથી ક્ષોભ અને લોક જુગુપ્સા થાય છે.

૬૨૮. ઉઠતા, બેસતા, ગર્ભિણીના ગર્ભનો સંચાર થાય છે, તથા બાળકને માંસખંડ કે સસલાનુ બચ્ચું ધારીને માર્જારાદિનો નાશ કરે છે.

૬૨૯. ભોજન કરતી ધાત્રી આચમન કરે તો જળની વિરાધના થાય, ન કરે તો ગોબરી છે એમ લોકગર્હા થાય,
મથન કરતી આપે તો સંસક્ત વિશે લીંપાયેલ હાથને વિશે રસમાં રહેલા જીવોનો વિનાશ થાય.

૬૩૦. પીસવું, ખાંડવું, દળવું કરતી ધાત્રી ભિક્ષા આપે તો જળ અને બીજનું સંઘટ્ટન થાય,
ભુંજતી હોય તો બળી જાય,
પિંજન અને રુંચનાદિ કરતી ધાત્રી આપે તો લીંપાયેલા હાથને ધોતાં જળની વિરાધના થાય છે.

### મૂળ-૬૩૧ થી ૬૩૫

૬૩૧, ૬૩૨. હાથમાં સજીવ લવણ, જળ, અગ્નિ, બસ્તિ, ફલાદિ અને મત્સ્યાદિ હોય, તેને ભૂમિ પર નાંખીને આપે, તેને પગ વડે હલાવે, તેને શેષ અવયવ વડે સંઘટ્ટન કરે,

તેનો જ આરંભ કરે, ભૂમિને ખોદે, સ્નાન કરે, ધોવે, કંઈક છાંટે, છંદ અને વિશારણને કરે, ફરકતા ત્રસકાયને છેદે.

૬૩૩. કેટલાક આચાર્યો છકાય વ્યગ્રહસ્તા એટલે કોલાદિ કર્ણ ઉપર રાખેલા હોય અને સિદ્ધાર્થ પુષ્પોને મસ્તક ઉપર રાખેલા હોય, તો તેના હાથથી આપેલું ન કલ્પે એમ કહે.

૬૩૪. બીજા કહે છે કે – દશે એષણા મધ્યે તેનું ગ્રહણ કર્યું નથી, તેથી તે વર્જવા લાયક નથી, તેને જવાબ આપે છે કે દાયકાના ગ્રહણથી તેનું ગ્રહણ આવી જ ગયું.

૬૩૫. સંસક્તિવાળા દેશમાં સંસક્તિવાળા દ્રવ્ય વડે જેના હાથ કે પાત્ર લેંપાયેલ છે એવી દાત્રી વર્જવી

તથા મોટા વાસણને ઉતારતા સંચારિમ પ્રાણીનો વિનાશ થાય, વાસણ ઊંચું ઉપાડતા પણ તે જ દોષ થાય છે.

## મૂળ-૬૩૬ થી ૬૩૮

૬૩૬. ઘણાને સાધારણ એવી વસ્તુ આપતા અનિસૃષ્ટમાં કહેલા દોષો લાગે છે, તથા ચોરી વડે કર્મકર કે પુત્રવધૂ આપે તો ગ્રહણાદિ દોષ લાગે.

૬૩૭. પ્રાભૃતિકાને સ્થાપન કરીને આપે તો પ્રવર્તનાદિ દોષો લાગે, અપાય ત્રણ ભેદે – તિર્યક્, ઉર્ધ્વ, અધઃ ધાર્મિકાદિ માટે સ્થાપન કરેલું કે અન્ય સંબંધી દ્રવ્ય પરનું છે માટે ન લેવું.

૬૩૮. જાણવા છતાં પણ અનુકંપાએ કરીને કે પ્રત્યનીકાર્થપણાથી તે એષણાના દોષોને કરે છે. બીજો અજાણતા જ અશઠપણે કરે છે.

## મૂળ-૬૩૯ થી ૬૪૨

૬૩૯. બાળક પોતે ભિક્ષામાત્ર જ આપે કે કોઈના કહેવાથી આપે તો તે ગ્રહણ કરાય, પરંતુ ઘણુ આપે તો વિચારવું, અનુજ્ઞા હોય તો કલ્પે.

૬૪૦. સ્થવિર છતાં પ્રભુ હોય, થરથરતો છતાં બીજાએ ધારણ કરેલ હોય કે દૃઢ શરીરી હોય તો કલ્પે છે. કંઈક મત્ત હોય તો પણ શ્રાવક, અ-પરાધીન અને અસાગારિક હોય તો કલ્પે છે.

૬૪૧. દૃપ્તાદિ જો શુચિ અને ભદ્રક હોય, કંપતો પણ દૃઢ હાથવાળો હોય, જ્વર પણ શિવ હોય અને અંધ પણ જો શ્રાવક હોય અને દેય વસ્તુ બીજાએ ધારણ કરી હોય અથવા અંધને બીજાએ ધારણ કરેલ હોય તો તેની પાસેથી કલ્પે છે.

૬૪૨) મંડલ અને પ્રસૂતિરૂપ કોઢવાળા પાસેથી સાગારિકના અભાવે કલ્પે, પાદુકારૂઢ અચળ હોય તો કલ્પે, પગ બંધાયેલો ચાલી શકતો તો કલ્પે, ન ચાલી શકતો હોય તો સાગારિકના અભાવે બેઠો બેઠો આપે તો કલ્પે.

## મૂળ-૬૪૩ થી ૬૪૬

૬૪૩. નપુંસક જો અપ્રતિસેવી હોય, પ્રસૂતિ વેળા થઈ હોય, બાળક સ્તન વડે જીવતો હોય,

એ જ પ્રમાણે બીજા બધા જાણવા, મુસળ ઊંચું કરેલ હોય, તેમાં કોઈ બીજ લાગેલા ન હોય, તેને અનાપાત સ્થાનમાં સ્થાપે તો કલ્પે.

૬૪૪. પીસતી સ્ત્રી પીસી રહી હોય, પ્રાસૂકને પીસતી હોય,

અસંસક્તનું મથન કરતી હોય, શંખ ચૂર્ણ વડે હાથ ખરડ્યા વિના કાંતતી હોય કે

ખરડેલા હાથને જળ વડે ધોતી ન હોય.

૬૪૫. ઉદ્ધર્તનને વિશે અસંસક્ત હાથ વડે અસ્થિકને સ્પર્શતી ન હોય તથા પીંજણ અને પ્રમર્દનને વિશે પણ પશ્ચાત્કર્મ ન કરતી હોય તો તેણીના હાથથી આપેલું કલ્પે છે.

૬૪૬. કાય ગ્રહણ આદિ શેષ દ્વારોને વિશે પ્રતિપક્ષ સંભવતો નથી તેથી પ્રતિપક્ષના અભાવે નિશ્ચયે તેનું અગ્રહણ જ છે.

મૂળ-૬૪૭ થી ૬૫૦

૬૪૭. અહીં સચિત્ત, અચિત્ત અને મિશ્ર એ ત્રણ ભેદ છે. તેમાં મિશ્રમાં ચતુર્ભંગી છે. પહેલાં ત્રણ ભંગમાં નિષેધ અને છેલ્લામાં ભજના છે.

૬૪૮. જેમ પહેલાં સંહરણ દ્વારમાં કાયના ભંગો દેખાડ્યા, તેમજ ઉન્મિશ્ર દ્વારમાં પણ કહેવા, તેમાં આટલું વિશેષ છે.

૬૪૯. દેય ઓદન અને અદેય દહીં આદિ, બંને તે મિશ્ર કરીને આપે તે ઉન્મિશ્ર. સદેય વસ્તુને બીજે સ્થાને મૂકીને જે આપે તે સંહરણ કહેવાય છે.

૬૫૦. તેમાં પણ શુષ્કને વિશે શુષ્ક ઇત્યાદિ ચાર ભંગો, સંહૃતની જેમ કહેવા. અલ્પ અને બહુને આશ્રીને પણ ચાર કહેવા, તે જ પ્રમાણે આચીર્ણ અને અનાચીર્ણ જાણવા.

મૂળ-૬૫૧ થી ૬૫૪

૬૫૧. અપરિણત પણ દ્રવ્ય અને ભાવ બે પ્રકારે છે તે દરેકના બબ્બે પ્રકાર છે, દ્રવ્યને વિશે છ પ્રકાર અને ભાવને વિશે ભાઈઓ છે.

૬૫૨. જીવપણુ ન ગયુ હોય તો અપરિણત અને જીવ જતા પરિણત કહેવાય છે. તેમાં દૂધ અને દહીં દૃષ્ટાંત છે, તે પણ અપરિણત અને પરિણત જાણવું.

૬૫૩. બે વગેરે સામાન્ય વસ્તુમાં જો હું ‘દઉં’ એમ એકની પરિણતિ થાય અને બીજાની ન થાય તો ભાવથી અપરિણત જાણવું.

૬૫૪. તેઓમાં કોઈ એકે મનમાં પરિણમાવ્યું અને બીજાએ ન પરિણમાવ્યું તો તે પણ અગ્રાહ્ય છે. ભાઈ અને સ્વામી દાતા છે, સાધુ ગ્રહીતા છે.

મૂળ-૬૫૫ થી ૬૬૪

૬૫૫. અલેપકૃતને જ ગ્રહણ કરવું, લેપકૃતને ગ્રહણ કરવામાં પશ્ચાત્કર્મ આદિ દોષ ન થાઓ અને રસની ગૃદ્ધિનો પ્રસંગ થતો નથી. આમ કહેતા શિષ્ય પૂછે છે કે –

૬૫૬. જો પશ્ચાત્કર્મ હોય તો કદાપિ ખાવું જ નહીં ?

હે શિષ્ય ! અનશન કરતા સાધુને તપ, નિયમ અને સંયમની હાનિ થાય.

૬૫૭. લિપ્ત દોષ જણાવી અલેપ લેવું એમ ગુરુએ કહ્યું, ત્યારે શિષ્ય કહે છે કે –

છ માસ ઉપવાસ કરવા, તેવી શક્તિ ન હોય તો હાનિ કરતા કરતા ઉપવાસ કરી આયંબિલ કરવું, તેમાં પણ અશક્ત હોય તો અલ્પ લેપ ગ્રહણ કરવું.

૬૫૮. નિરંતર છ માસના ઉપવાસ કરીને પારણે આયંબિલ કરો, જો છ માસી કરવાની શક્તિ ન હોય તો એક દિવસ ઓછો કરો.

૬૫૯. એ રીતે એક એક દિવસ ઉપવાસ કરીને આયંબિલનું પારણું કરો, એવી પણ શક્તિ ન હોય તો દિવસે દિવસે નિર્લેપ આયંબિલ કરો.

૬૬૦. શિષ્યએ આવું કહેતા આચાર્ય ઉત્તર આપતા કહે છે કે –

હાલમાં કે આગામી કાળે યોગની હાનિ ન થતી હોય તો ઉપવાસી થાઓ, તેવી શક્તિ ન હોય તો ક્ષપણાંતર કરો, પણ આયંબિલ અવશ્ય કરો.

૬૬૧. ફરી શિષ્ય કહે છે – નીચેની પૃથ્વીમાં અને કોશલ દેશમાં રહેનારા મનુષ્યો સૌવીર અને કૂરિયા ખાનારા છે, તેઓ પણ જો નિર્વાહ કરે છે, તો સાધુ કેમ નિર્વાહ ન કરે ?

૬૬૨. આચાર્ય કહે છે – સાધુઓને ત્રણ શીત છે, તે જ ત્રણ ગૃહસ્થોને ઉષ્ણ છે. તેથી સાધુઓને તક્રાદિ ગ્રહણ કરવાની અનુજ્ઞા આપી છે તથા કટ્ટરાદિકમાં ભજના છે.

૬૬૩. તે ત્રણ કયા છે ? આહાર, ઉપધિ, શય્યા

એ ત્રણે ગૃહસ્થોને શીતકાળમાં પણ ઉષ્ણ હોય છે. તેથી તેઓનો આહાર બંને પ્રકારે ઉષ્ણ વડે જીર્ણ થાય છે.

૬૬૪. આ ત્રણે સાધુઓને ગ્રીષ્મઋતુમાં પણ શીતળ થાય છે, તેથી જઠરાગ્નિ મંદ થાય છે. તેથી અજિર્ણાદિ દોષ થાય છે.

## મૂળ-૬૬૫ થી ૬૬૮

૬૬૫. ઓદન, માંડા, સાથવો, કુલ્માષ, રાજમાષ, કલા, વાલ, તુવેર, મસૂર, મગ અને અડદ વગેરે બધા સૂકાયેલા હોય તે અલેપકૃત છે.

૬૬૬. અલ્પલેપવાળા દ્રવ્યો દર્શાવે છે – ઉદ્‌ભેદ્ય, પેય, કંગૂ, તક્ર, ઉલ્લણ, સૂપ, કાંજી, ક્વથિત આદિ. તેને વિશે પશ્ચાત્કર્મની ભજના છે.

૬૬૭. ક્ષીર, દધિ, જાઉ, કટ્ટર, તેલ, ઘી, ફાણિત, સપિંડરસ આદિ દ્રવ્યો બહુ લેપવાળા છે, તેમાં પશ્ચાત્કર્મ અવશ્ય કરવાનું છે.

૬૬૮. હાથ અને પાત્ર પણ સંસૃષ્ટ અથવા અસંસૃષ્ટ હોય છે, દ્રવ્ય પણ સાવશેષ કે નિરવશેષ હોય છે. તેને વિશે આઠ ભંગ થાય છે. તેમાં વિષમ ભંગમાં અવશ્ય ગ્રહણ કરવા યોગ્ય હોય છે.

## મૂળ-૬૬૯, ૬૭૦

૬૬૯. સચિત્ત, અચિત્ત અને મિશ્ર એમ છર્દિત તે વિશે ચૌભંગી થાય છે. આ ચૌભંગીને વિશે નિષેધ છે. તેના ગ્રહણથી આજ્ઞાદિ દોષ લાગે છે.

૬૭૦. ઉષ્ણના છર્દનમાં દેનાર દાઝે અથવા પૃથ્વી આદિ કાયનો દાહ થાય છે

તથા શીતદ્રવ્યના પડવામાં પૃથ્વીકાયાદિની વિરાધના થાય છે, મધુબિંદુ દષ્ટાંત વૃત્તિથી જાણવું.

## મૂળ-૬૭૧ થી ૬૭૫

૬૭૧. નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એમ ચાર ભેદે ગ્રાસૈષણા જાણવી. તેમાં દ્રવ્યમાં મત્સ્યનું **દષ્ટાંત,** ભાવમાં પાંચ પ્રકારો છે.

૬૭૨. જેમ ઓદનને સાધવા માટે ઇંધણ છે, તેમ અર્થને સાધવા માટે ચરિત અને કલ્પિત બે દષ્ટાંત જાણવા.

૬૭૩ થી ૬૭૫. ત્રણ ગાથા વડે દ્રવ્ય ગાસૈષણામાં **મત્સ્યનું દષ્ટાંત** છે, જેનો અર્થ વૃત્તિથી જાણવો.

## મૂળ-૬૭૬, ૬૭૭

૬૭૬. બેંતાલીશ એષણા દોષ વડે સંકટવાળા ભોજનાદિ ગ્રહણ કરવામાં હે જીવ ! તું છળાયો નથી તો હવે આહાર કરતાં રાગ-દ્વેષ વડે જેમ ન છળાય તેમ કર.

૬૭૭. ભાવગ્રાસૈષણા પ્રશસ્ત અને અપ્રશસ્ત બે પ્રકારે છે. અપ્રશસ્ત પાંચ પ્રકારે છે, તેથી વિપરીત તે પ્રશસ્ત

**મૂળ-૬૭૮ થી ૬૮૧**

૬૭૮. દ્રવ્ય અને ભાવ એ બે ભેદે સંયોજના છે. તેમાં દ્રવ્યમાં બહાર અને અંદર એમ બે ભેદ છે. ભિક્ષાર્થે અટન કરતો જે સંયોજના કરે તે બાહ્ય છે.

૬૭૯. દૂધ, દહીં, દાળ વગેરેનો લાભ થતાં તથા ગોળ, ઘી, વટક, વાલુંક પ્રાપ્ત થતા બહાર જ જે સંયોજના કરે તે બાહ્ય-સંયોજના કહેવાય. તથા અભ્યંતર ત્રણ પ્રકારે – પાત્ર, કવલ, વદનથી.

૬૮૦. સંયોજનામાં દોષ કહે છે – જે સાધુ દ્રવ્યના રસાદિને માટે ભોજન-પાનની સંયોજના કરે. તેને આ વ્યાઘાત થાય છે.

૬૮૧. તે દ્રવ્યોની સંયોજના કરીને આત્માને કર્મની સાથે જોડે છે, આ ભાવ સંયોજના જાણવી. તથા કર્મ વડે ભવને અને ભવ થકી દુઃખને સંયોજે છે.

**મૂળ-૬૮૨, ૬૮૩**

૬૮૨. પ્રત્યેકને ઘણો લાભ થતાં ભોજન પછી પણ બાકી વધેલ હોય તો તે શેષના નિર્ગમનને માટે સંયોગ દેખેલો છે. હવે બીજો પણ તેનો આ ક્રમ છે.

૬૮૩. રસને માટે સંયોગનો નિષેધ છે, પણ ગ્લાનને માટે કલ્પે છે.

અથવા જેને ભોજન પર અરૂચિ હોય, કે જે સુખોચિત હોય અને જે અભાવિત હોય તેને કલ્પે છે.

**મૂળ-૬૮૪ થી ૬૮૬**

૬૮૪. પુરુષને બત્રીશ કવળરૂપ આહાર કુક્ષિપૂરક કહ્યો છે અને સ્ત્રીને અઠ્ઠાવીશ કવળ.

૬૮૫. સાધુને આ પ્રમાણથી કંઈક હીન, અર્ધ, અર્ધાર્ધ, યાત્રા માત્રા આહાર પ્રમાણ ધીરપુરુષો કહે છે, તે જ અવમ આહાર છે.

૬૮૬. હવે પ્રમાણના દોષો કહે છે –

જે સાધુ પ્રકામ, નિકામ, પ્રણીત, અતિબહુ અને અતિ બહુશઃ ભોજનાદિ આહાર કરે, તેને પ્રમાણ દોષ જાણવો.

**મૂળ-૬૮૭ થી ૬૮૯**

૬૮૭. ૩૨ આદિ કવલથી વધુ ખાય તે પ્રકામ. તેને જ હંમેશા ખાય તે નિકામ, ટપકતા ઘીવાળા પદાર્થ ખાય તે પ્રણીત એમ જિનો કહે છે.

૬૮૮. અતિબહુ, અતિબહુવાર તૃપ્તિ ન પામતા જે ભોજન ખાધું હોય તે અતિસાર કરે, વમન કરાવે કે અજીર્ણ થવાથી મરણ પમાડે.

૬૮૯. બહુને ઉલ્લંઘે તે અતિ બહુ, ત્રણ કે ત્રણથી વધુ વાર ખાય તે અતિ બહુશઃ, તથા તે જ ત્રણથી વધારે વાર કે તૃપ્તિ પામ્યા વિના ભોજન કરે તે અતિ પ્રમાણ.

**મૂળ-૬૯૦ થી ૬૯૨**

૬૯૦. હિતાહારી, મિતાહારી, અલ્પાહારી જે મનુષ્યો, તેની વૈદ્યો ચિકિત્સા કરતા નથી, પણ તેઓ જ પોતાના ચિકિત્સક છે.

૬૯૧. તેલ અને દહીંનો યોગ તથા દૂધ, દહીં, કાંજીનો યોગ અહિત છે, પણ પથ્ય દ્રવ્ય રોગહર છે, તેને રોગનું કારણ થતું નથી.

૬૯૨. મિત એટલે વ્યંજન સહિત અશનના ત્રણ ભાગ કરવા, પાણીના બે ભાગ અને વાયુના સંચાર માટે છઠ્ઠો ભાગ ન્યૂન રાખવો.

મૂળ-૬૯૩ થી ૬૯૬

૬૯૩. કાળ ત્રણ ભેદે – શીત, ઉષ્ણ, સાધારણ. આ આહાર માત્ર સાધારણ કાળને વિશે કહી છે.

૬૯૪. શીત કાળે પાણીનો એક ભાગ અને આહારના ચાર ભાગ અથવા પાણીના બે ભાગ. ઉષ્ણકાળે પાણીના બે કે ત્રણ ભાગ, બાકીના ભાગ ભોજનના જાણવા.

૬૯૫. પાણીનો એક ભાગ અને ભોજનના બે ભાગ અવસ્થિત છે. પ્રત્યેકમાં બબ્બે ભાગ વૃદ્ધિ અને હાનિ પામે છે.

૬૯૬. અહીં ત્રીજો, ચોથો એ બે ભાગ અસ્થિર છે તથા પાંચમો, છઠ્ઠો, પહેલો અને બીજો ભાગ અવસ્થિત છે.

મૂળ-૬૯૭ થી ૭૦૨

૬૯૭. મૂર્છાવાળો થઈને જે આહાર કરે તે સાંગાર હોય છે અને નિંદતો એવો તે આહાર કરે તે સધૂમ હોય છે.

૬૯૮. અંગારપણાને ન પામેલ અને સળગતું એવું જે ઇંધન તે સધૂમ છે અને તે જ બળી ગયેલ ઇંધણ ધૂમ થતાં તે અંગાર કહેવાય છે.

૬૯૯. પ્રાસૂકાહારનું ભોજન કરતો એવો પણ રાગરૂપી અગ્નિ વડે અતિ પ્રદીપ્ત થયેલ મનુષ્ય ચરણ રૂપી ઇંધનને તત્કાળ બળેલા અંગારની જેવું કરે છે.

૭૦૦. દીપતો એવા દ્વેષરૂપી અગ્નિ પણ જ્યાં સુધી અપ્રીતિરૂપ ધૂમ વડે ધૂમિત એવું ચારિત્ર અંગાર માત્ર જેવું ન થાય ત્યાં સુધી બાળે છે.

૭૦૧. રાગ વડે સાંગાર અને દ્વેષ વડે સધૂમ ભોજન જાણવું. આ જ રીતે ભોજનવિધિમાં ૪૬-દોષો થયા.

૭૦૨. તપસ્વી – (સાધુ) સાંગાર અને સધૂમ આહારને કરે છે, તે પણ ધ્યાન અને અધ્યયન નિમિત્તે કરે. આ પ્રવચનનો ઉપદેશ છે.

મૂળ-૭૦૩ થી ૭૦૬

૭૦૩. છ કારણે સાધુ આહાર કરવા છતાં ધર્મ આચરે છે અને છ કારણે આહાર વિના નિર્વાહને પામતો પણ ધર્મને આચરે છે.

૭૦૪. છ કારણો – વેદના શાંતિ માટે વૈયાવચ્ચાર્થે, ઈર્યાપથને માટે, સંયમાર્થે, પ્રાણ ધારણાર્થે, ધર્મ ચિંતાર્થે આહાર કરે.

૭૦૫. ક્ષુધા સમાન વેદના નથી, તેને શમાવવા ભોજન કરે, ભૂખ્યો વૈયાવચ્ચ ન કરી શકે માટે આહાર કરે.

૭૦૬. વળી તે સાધુ આહારના અભાવે ઈર્યા ન શોધી શકે, પ્રેક્ષાદિ સંયમ ન કરી શકે, બળ હાનિ પામે, ગુણન અને અનુપ્રેક્ષામાં અસમર્થ થાય છે.

મૂળ-૭૦૭ થી ૭૧૦

૭૦૭. અથવા સાધુ છ સ્થાન વડે આહાર ન કરે. પછી પાછલી વયમાં આત્માને ખપાવીને જાવજ્જીવ આહારનો ત્યાગ કરે.

૭૦૮. અભોજનના આ છ કારણો છે – ૧) આતંકમાં, ૨) ઉપસર્ગ થાય તેને સહન કરવા તે, ૩) બ્રહ્મચર્યની ગુપ્તિમાં, ૪) પ્રાણીદયાને માટે, ૫) તપ માટે, ૬) શરીરત્યાગ માટે.

૭૦૯, ૭૧૦. આતંક એટલે જ્વર આદિ, રાજા અને સ્વજનાદિના ઉપસર્ગ. બ્રહ્મવ્રતને પાળવા માટે, વર્ષા આદિ થાય ત્યારે પ્રાણીદયા માટે, ઉપવાસથી છ માસી સુધીના તપને માટે, શરીરના વિચ્છેદન માટે આહાર ત્યાગ કરે.

મૂળ-૭૧૧ નથી. જોવું.

ઉદ્ગમના ૧૬ દોષો, ઉત્પાદનના ૧૬ દોષો, એષણાના ૧૦ દોષો અને સંયોજના આદિ ૫ દોષો મળીને કુલ

૪૭ દોષો કહ્યા. આ દોષોની શુદ્ધિ કરનાર સાધુ પિંડની શુદ્ધિ કરે છે. પિંડશુદ્ધિ થી ચારિત્રશુદ્ધિ અને ચારિત્રશુદ્ધિથી મોક્ષ પ્રાપ્તિ થાય છે.

મૂળ-૭૧૨, ૭૧૩

૭૧૨. આ આહારવિધિ જે પ્રમાણે સર્વભાવદર્શી તીર્થંકરોએ કહેલ છે, તે પ્રમાણે મેં વ્યાખ્યા કરી છે, જે વડે ધર્માવશ્યક યોગો હાનિ ન પામે તે કરવું.

૭૧૩. યતના કરતા, સૂત્રવિધિ વડે પૂર્ણ અને અધ્યાત્મની વિશુદ્ધિ વડે યુક્ત સાધુને થતી વિરાધના નિર્જરાના ફળવાળી છે.

**આ રીતે આગમ (સૂત્રક્રમ ૪૧/૧) એવા પિંડનિર્યુક્તિ મૂલસૂત્રનો અનુવાદ કિંચિત્ સંક્ષેપથી નોંધ્યો.**

**મુનિ દીપરત્નસાગરે કરેલ-આગમ-૪૧/૧ પિંડનિર્યુક્તિ મૂલસૂત્ર-૨. નો અનુવાદ પૂર્ણ**

મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો-4 [603+DVD] 1,36,000
આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો- 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070

| | | | |
|---|---|---|---|
| [૧] | **मूल आगम साहित्य**<br>મૂળ આગમ 3 પ્રકાશનોમાં 147 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 07850 પૃષ્ઠોમાં છે | 147 | 07850 |
| 1 | **आगम सुत्ताणि-मूलं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 49 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3510 છે | | |
| 2 | **आगम सुत्ताणि-मूलं** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 45 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2810 છે | | |
| 3 | **आगम सुत्ताणि-मंजूषा** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 53 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1530 છે | | |
| [૨] | **आगम अनुवाद साहित्य**<br>આગમ ભાવાનુવાદ 5 પ્રકાશનોમાં165 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 20150 પૃષ્ઠોમાં છે | 165 | 20050 |
| 1 | **आगम सूत्र-गुजराती अनुवाद-मूळ** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3400 છે | | |
| 2 | **आगम सूत्र-हिन्दी अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2800 છે | | |
| 3 | **आगम सूत्र-इंग्लिश अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 11 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 400 છે | | |
| 4 | **आगम सूत्र-गुजराती अनुवाद-सटीक** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 48 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 10340 છે | | |
| 5 | **आगम सूत्र-हिन्दी अनुवाद** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 12 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3110 છે | | |
| [૩] | **आगम विवेचन साहित्य**<br>આગમ વિવેચન 7 પ્રકાશનોમાં 171 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 60900 પૃષ્ઠોમાં છે | 171 | 60900 |
| 1 | **आगम सूत्र-सटीकं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 46 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 13800 છે | | |
| 2 | **आगम मूलं एवं वृत्ति-**1 Net.<br>આ સંપુટમાં અમારા કુલ 51 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 17990 છે | | |
| 3 | **आगम मूलं एवं वृत्ति-**2 Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2560 છે | | |

| | | | |
|---|---|---|---|
| | મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો-4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો- 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | |
| 4 | **आगम चूर्णि साहित्य** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2670 છે | | |
| 5 | **सवृत्तिक आगम सूत्राणि**-1 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 40 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 18460 છે | | |
| 6 | **सवृत्तिक आगम सूत्राणि**-2 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2660 છે | | |
| 7 | **सचूर्णिक आगम सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2760 છે | | |
| [૪] | **आगम कोष साहित्य**<br>આગમ કોષ સાહિત્ય 5 પ્રકાશનોમાં 16 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 5190 પૃષ્ઠોમાં છે | 16 | 05190 |
| 1 | **आगम सद्दकोसो** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2100 છે | | |
| 2 | **आगम नाम व कहा-कोसो** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 210 છે | | |
| 3 | **आगम सागर कोष:** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1130 છે | | |
| 4 | **आगम शब्दादि संग्रह [प्रा० सं० गु०]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1250 છે | | |
| 5 | **आगम बृहत् नाम कोष: [प्रा० सं० गु० नाम परिचय ]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 500 છે | | |
| [૫] | **आगम अन्य साहित्य**<br>આગમ અન્ય સાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં કુલ 1590 પૃષ્ઠોમાં છે | 10 | 03220 |
| 1 | **आगम कथानुयोग** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2170 છે | | |
| 2 | **आगम संबंधी साहित्य** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 870 છે | | |
| 3 | **ऋषिभाषित सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 80 છે | | |
| 4 | **आगमिय सूक्तावली** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

| | | | |
|---|---|---|---|
| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો-4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો- 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
| [૬] | **आगम अनुक्रम साहित्य**<br>આગમઅનુક્રમસાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 1590 પૃષ્ઠોમાં છે | 9 | 01590 |
| 1 | **आगम विषयानुक्रम-मूल** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 730 છે | | |
| 2 | **आगम विषयानुक्रम-सटीक** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 3 | **आगम सूत्र-गाथा अनुक्रम** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| [૭] | મુનિ દીપરત્નસાગર લિખિત "આગમ સિવાયનું અન્ય સાહિત્ય"<br>આગમેતર સાહિત્ય 12 પ્રકાશનોમાં 84 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 9270 પૃષ્ઠોમાં છે | 85 | 09270 |
| 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 13 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2090 છે | | |
| 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1480 છે | | |
| 3 | વ્યાકરણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1050 છે | | |
| 4 | વ્યાખ્યાન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1220 છે | | |
| 5 | જિનભક્તિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1190 છે | | |
| 6 | વિધિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 300 છે | | |
| 7 | આરાધના સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 8 | પરિચય સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |
| 9 | પૂજન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

દીપરત્નસાગરજીના પ્રકાશનો-4 [603+DVD] 1,36,000
આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો- 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070

| | | | |
|---|---|---|---|
| 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન<br>આ સંપુટમાં અમારા કુલ 25 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 680 છે | | |
| 11 | પ્રકીર્ણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 290 છે | | |
| 12 | દીપરત્નસાગરના લઘુશોધ નિબંધ<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |

મુનિ દીપરત્નસાગરનું સાહિત્ય

| | |
|---|---|
| 1 | મુનિ દીપરત્નસાગરનું આગમ સાહિત્ય [કુલ પુસ્તક 518] તેના કુલ પાના [98,800] |
| 2 | મુનિ દીપરત્નસાગરનું અન્ય સાહિત્ય [કુલ પુસ્તક 85] તેના કુલ પાના [09,270] |
| 3 | મુનિ દીપરત્નસાગર સંકલિત 'તત્ત્વાર્થસૂત્ર'ની વિશિષ્ટ DVD તેના કુલ પાના [27,930] |

અમારા પ્રકાશનો કુલ ૬૦૩ + વિશિષ્ટ DVD કુલ પાના 1,36,000

અમારું બધું જ સાહિત્ય on-line પણ ઉપલબ્ધ છે અને 5 DVD માં પણ મળી શકે છે

વેબ સાઈટ:- 1. www.jainelibrary.org 2. deepratnasagar.in
ઈમેલ એડ્રેસ:- jainmunideepratnasagar@gmail.com મોબાઈલ 09825967397

સંપર્ક:- મુનિશ્રી દીપરત્નસાગરજી મહારાજ સાહેબ
"પાર્શ્વ વિહાર", જૈન દેરાસરજી, ફોરેસ્ટ રેસ્ટ હાઉસ સામે, કાલાવડ હાઈવે-ટચ
Post: - ઠેબા, Dis:-જામનગર, ગુજરાત, India. [Pin- 361120]

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

આગમ- ૪૧/૧

# પિંડનિર્યુક્તિ

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ


વેબ સાઈટ:- (1) www.jainelibrary.org (2) deepratnasagar.in

ઈમેલ એડ્રેસ:- jainmunideepratnasagar@gmail.com મોબાઇલ 09825967397